દૈનિક
# મુંબઈ સમાચાર ★
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 72 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ફાગણ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 March 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૬ માર્ચ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

celltone®
GAS LIGHTERS I KITCHENWARE HOUSEWARE
CORPORATE SALES ENQUIRY :+918879155057
E:- sales@celltone21.com

# ગુજરાતમાં ભાજપે ૧૨ સાંસદ રિપીટ કર્યા: ચાર મહિલા મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચારની શરૂઆત ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ કરી દીધી છે. લોકસભા ચૂંટણીની તારીખ જાહેર થયા પહેલા જ ભાજપ દ્વારા ગુજરાત સહિત દેશની કેટલીક લોકસભા બેઠકો પર ઉમેદવાર જાહેર કરીને પોતે ચૂંટણી માટે તૈયાર હોવાનો માહોલ ઊભો કરી દીધો હતો. જોકે જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર અને મહેસાણા બેઠક પર કોકડું ગુંચવાયું હતું, પરંતુ રવિવારે મોડી રાત્રે આ ચારેય બેઠકોના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આમ ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે.

ભાજપ આ વખતે ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર પાંચ લાખના માર્જિનથી જીતવાનો લક્ષ્યાંક રાખી રહી છે. આથી પાર્ટીએ પણ ઉમેદવારોની પસંદગીમાં વધારે પડતું રિસ્ક લેવાનું ટાળ્યું છે. ભાજપ દ્વારા જે ૨૬ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, તે પૈકી ૧૨ સીટિંગ સાંસદોને રિપીટ કરવામાં આવ્યા છે.

કચ્છ લોકસભા બેઠક પર વિનોદ ચાવડા, પાટણ બેઠક પર ભરતસિંહ ડાભી, ગાંધીનગર બેઠક પર અમિત શાહ, અમદાવાદ પૂર્વ બેઠક પર હસમુખ પટેલ, જામનગર બેઠક પર પૂનમ માડમ, જૂનાગઢ બેઠક પર રાજેશ ચુડાસમા, ભરૂચ બેઠક પર મનસુખ વસાવા, બારડોલી બેઠક પર પ્રભુ વસાવા અને નવસારી લોકસભા બેઠક પર સી.આર. પાટીલને રિપીટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજકોટ અને પોરબંદર લોકસભા બેઠકો પર અનુક્રમે વર્તમાન રાજ્યસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાને ટિકિટ આપવામાં આવી છે. જો મહિલા ઉમેદવારોની વાત કરીએ તો, આ વખતે ભાજપ દ્વારા માત્ર ચાર મહિલા

(જુઓ પાનું ૬) ▸▸

સ્વાદ માટે અજોડ
જૂની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ભારતીય પીએચડી વિદ્યાર્થિનીનું લંડનમાં અકસ્માતમાં મોત ૨

## લોકસભા ચૂંટણીની નહીં થાય અસર
# આઈપીએલનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર: ચેન્નઈમાં રમાશે ફાઈનલ

મુંબઇ: ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪ની શરૂઆત થઇ ગઇ છે. લોકસભા ચૂંટણીના કારણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બૉર્ડે આઇપીએલની ૧૭મી સીઝનનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કર્યો નહોતો પરંતુ હવે બૉર્ડે બાકી રહેલી મેચનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. આઇપીએલની ફાઇનલ મેચ ૨૬, મેના રોજ ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાશે જ્યારે બીજી ક્વોલિફાયર મેચ પણ ૨૪, મેના રોજ આ જ શહેરમાં રમાશે. પ્રથમ ક્વોલિફાયર મેચ ૨૧ મેના રોજ અને એલિમિનેટર મેચ ૨૨ મેના રોજ

(જુઓ પાનું ૬) ▸▸



# બૉલીવૂડ 'ક્વીન' કંગનાએ મંડી બેઠક પરથી ઝુકાવ્યું

નવી દિલ્હી: અભિનેત્રી કંગના રનૌત છેલ્લા કેટલાક દિવસોથી ચૂંટણી લડવાને કારણે ચર્ચામાં છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ ભાજપે અભિનેત્રી કંગના રનૌતને હિમાચલના મંડીથી ટિકિટ આપી છે. ફિલ્મોમાં પોતાના અભિનયથી લોકોના દિલ જીતનારી કંગના હવે રાજકારણમાં પોતાની ઓળખ બનાવશે. તમને જણાવી દઈએ કે કંગનાનું નામ તે અભિનેત્રીઓની યાદીમાં સામેલ છે, જેઓ માત્ર પોતાની એક્ટિંગ માટે જ નહીં, પરંતુ તેમની બેબાક અંદાઝના કારણે પણ ચર્ચામાં રહે છે. આવી સ્થિતિમાં જ્યારથી આ ડેશિંગ એક્ટ્રેસની બૉલીવૂડમાં એન્ટ્રીના સમાચાર આવ્યા છે, ત્યારથી તેના ફેન્સમાં ખુશી છવાઈ ગઈ છે. ચાહકોની સાથે કંગના પોતે પણ પોતાની નવી સફરની શરૂઆતને

(જુઓ પાનું ૬) ▸▸

# ભાજપે વાયનાડમાં રાહુલ સામે સુરેન્દ્રનને મેદાનમાં ઉતાર્યા

તિરુવનંતપુરમ: ભાજપે કેરળની બાકીની ચાર બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. પાર્ટીએ હાઇ-પ્રોફાઇલ વાયનાડ મતવિસ્તારમાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે તેના રાજ્ય પ્રમુખ કે સુરેન્દ્રનને મેદાનમાં ઉતાર્યા છે.

પાર્ટીએ રવિવારે ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. જે અનુસાર વિદ્વાન અને શ્રી શંકર સંસ્કૃત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર કે. એસ. રાધાકૃષ્ણન અને અભિનેતામાંથી રાજકારણી બનેલા જી. કૃષ્ણકુમાર અનુક્રમે એર્નાકુલમ અને કોલ્લમ મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે.

(જુઓ પાનું ૬) ▸▸

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 61,390/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# તેલંગણામાં હોળીની ઉજવણી બાદ ચાર નદીમાં ડૂબ્યા

હૈદરાબાદ : તેલંગાણામાં ચાર યુવકો હોળીની ઉજવણી બાદ કુમુરામ ભીમ અસિફાબાદ જિલ્લાની વર્ધા નદીમાં ડૂબી ગયા હતા,એવી માહિતી પોલીસે આપી હતી.

થટીપલ્લી ગામમાં ચાર યુવાનો હોળીની ઉજવણી બાદ નદીમાં નહાવા ગયા ત્યારે આ બનાવ બન્યો હતો.

ચારમાંથી કોઈને પણ તરતા આવડતું નહોતું અને એક પછી એક યુવાન ડૂબી ગયા હતા, એવી માહિતી પોલીસના સુપરિટેન્ડન્ટ કે. સુરેશ કુમારે આપી હતી. ચારે યુવાનોની વય ૨૨થી ૨૫ની વચ્ચે હતી. પોલીસે માછીમારો અને તરવૈયાઓની મદદથી મૃતદેહો બહાર કાઢ્યા હતા. વધુ તપાસ ચાલુ છે. (એજન્સી) ■

# ગુજરાતમાં ધુળેટીના દિવસે ડૂબવાની ચાર ઘટનામાં નવનાં મોત

અમદાવાદ: ગુજરાતમાં ડૂબી જવાની બે જુદી-જુદી ઘટનાઓમાં કુલ નવ લોકોનાં મોત થયાં હતાં. ખેડા જિલ્લાના વડતાલના ગોમતી તળાવમાં ડૂબી જવાથી ત્રણનાં મોત થયાં હતાં. જ્યારે બેને બચાવી લેવામાં આવ્યા હતા. ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મણાર ગામે નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવકોનાં મોત નિપજયાં હતા. બનાસકાંઠા જિલ્લામાં બે લોકોનાં મોત થયાં હતાં. મહિસાગર જિલ્લાના વિજાપુર ગામમાં એક બાળક તળાવમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું પોલીસે ગુનો નોંધી મૃતદેહોને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં આવેલા વડતાલમાં ગોમતી તળાવમાં ડૂબી જવાથી ત્રણ લોકોના મોત થયાં હતાં વિદ્યાનગરની એમ.વી. કોલેજના પાંચ વિદ્યાર્થીઓ ગોમતી તળાવમાં ડૂબ્યાં હતાં, જેમાંથી બેને બચાવી લેવાયા હતા,

(જુઓ પાનું ૬) ▸▸

## ભાજપની બંગાળની યાદીમાં મોટી સરપ્રાઈઝ
# સંદેશખાલી પીડિત રેખાને ભાજપે ટિકિટ આપી

કોલકાતા: ભારતીય જનતા પાર્ટીએ રવિવારે રાત્રે બંગાળમાં ૧૯ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી, એમાં સૌથી આશ્ચર્યજનક નામ બસીરહાટના ઉમેદવાર રેખા પાત્રાનું છે. ભારતીય જનતા પાર્ટીએ રેખા પાત્રાને બસીરહાટથી મેદાનમાં ઉતાર્યા છે. રેખાએ જણાવ્યું હતું કે, તે હંમેશાં સંદેશખાલી-બસીરહાટ જિલ્લાની માતાઓ અને બહેનો માટે અવાજ ઉઠાવશે.

ભાજપે લોકસભા ચૂંટણી માટે પાંચમી યાદી બહાર પાડી છે. પશ્ચિમ બંગાળમાંથી પણ ઘણા ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. બંગાળમાં હાલમાં સંદેશખાલી વિવાદ ચર્ચામાં છે. સીએમ મમતા બેનરજીને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં પક્ષે સંદેશખાલીની પીડિતાને ચૂંટણીમાં ટિકિટ આપીને પોતાની સૌથી મોટી રાજકીય ચાલ ચાલી છે. રેખા પાત્રાને પાર્ટી દ્વારા બસીરહાટથી

(જુઓ પાનું ૬) ▸▸

## ગુજરાતમાં સ્વાઈન ફ્લૂનો કેર
# એક જ મહિનામાં નવ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પર ફરી એક વખત સ્વાઈન ફ્લૂનો ખતરો મંડરાયો છે. એક જ મહિનામાં નવ લોકોનાં મોત થયા હતા. છેલ્લે ફેબ્રુઆરી મહિનામાં જ એચ૧એન૧ એટલે કે સ્વાઈન ફ્લૂના નવા ૧૮૦ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં પણ મોટી સંખ્યામાં કેસ નોંધાયા હતાં. ગુજરાતમાં અચાનક સ્વાઈન ફ્લૂના કેસ સામે આવતાં તબીબોએ ચિંતા વ્યક્ત કરી છે. છેલ્લા બે મહિનામાં ગુજરાતમાં ૨૪૫ કેસ નોંધાયા હતા. ગત વર્ષે ૨૦૨૩ના અરસામાં ૨૧૨ કેસ અને ત્રણ દર્દીનાં મોત થયા હતા.આખા વર્ષમાં જેટલા કેસ નોંધાયા તેના કરતાં પણ વધુ કેસ અને મોત આ બે મહિનામાં નોંધાયા છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલના લેટેસ્ટ આંકડા પ્રમાણે ગુજરાતમાં સ્વાઈન ફ્લૂએ ફરી એક વાર કેર વર્તાવાનું શરૂ કર્યું છે. સમગ્ર દેશમાં કેસ અને મોતની સંખ્યા મામલે ગુજરાત ચોથા ક્રમે છે.■

# પપુઆ ન્યુ ગિનીમાં ૬.૯ તીવ્રતાનો ભૂકંપ: ત્રણનાં મોત

પોર્ટ મોરેસ્બી: પશ્ચિમી પાપુઆ ન્યુ ગિનીના દૂરના ભાગમાં ૬.૯ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે અને લગભગ ૧,૦૦૦ ઘરોને વ્યાપક નુકસાન થયું છે.

ઑસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનના અહેવાલો અનુસાર, પોર્ટ મોરેસ્બીની રાજધાનીથી લગભગ ૭૫૬ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં અને લગભગ ૪૦ કિલોમીટરની ઊંડાઈએ આવેલા એમ્બુન્ટી શહેરની નજીક રવિવારે સવારે લગભગ ૬.૨૦ વાગ્યે પૂર્વ સેપિક પ્રદેશમાં ભૂકંપ આવ્યો હતો.

પૂર્વ સેપિક પ્રાંતના ગવર્નર એલન બર્ડે રવિવારે ફેસબુક પર પોસ્ટ કર્યું હતું કે પ્રારંભિક અંદાજ દર્શાવે છે કે ભૂકંપના કારણે આ વિસ્તારમાં

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ સમાચાર
# વિશ્વ રંગભૂમિ દિવસ
### બુધવાર, તા. ૨૭-૩-૨૦૨૪ના રોજ વિશેષ પૂર્તિ

ગુજરાતી રંગભૂમિની ગઈકાલ, આજ અને આવતીકાલ વિશે પ્રકાશ પાડશે પ્રખ્યાત લેખકો સંજય ગોરડિયા, અરવિંદ વેકરિયા, અમી ત્રિવેદી, કિરણ ભટ્ટ, કૌસ્તુભ ત્રિવેદી, ભરત યાજ્ઞિક, મહેશ ચંપકલાલ, દિપક અંતાણી, રાજેન્દ્ર બુટાલા, વિપુલ વિઠલાણી, વિનિત શુક્લ, ઉત્કર્ષ મજુમદાર, કપિલદેવ શુક્લ, સંજય છેલ, રજની શાંતારામ, રક્ષા દેસાઈ અને લીલી પટેલ.


# SOUTH AFRICA




CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG

| DEP DATES | 01st MAY | 13th MAY | 25th MAY | 11th JUN | 24th JUN | 07th JUL |
|---|---|---|---|---|---|---|

Package Inclusions :
- Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, Insurance, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com


# આફ્રિકામાં જળસંકટ: ઝામ્બિયા બાદ માલાવીમાં દુષ્કાળ

કેપ ટાઉન: દક્ષિણ આફ્રિકન રાષ્ટ્ર માલાવીએ તેના ૨૮માંથી ૨૩ જિલ્લામાં દુષ્કાળને કારણે દુષ્કાળની સ્થિતિ જાહેર કરી છે અને પડોશી દેશ ઝામ્બિયાએ મદદની અપીલ કર્યાના એક મહિના કરતાં પણ ઓછા સમયમાં રાષ્ટ્રપતિએ તેમને તાકીદે માનવતાવાદી સહાય તરીકે બસો મિલિયન ડોલરથી વધુની જરૂર હોવાની માગણી કરી છે.

માલાવી એ પ્રદેશનો નવીનતમ દેશ છે કે જ્યાં અલ નીનો હવામાનની ઘટના સાથે સંકળાયેલી ગંભીર શુષ્ક જોડણીને કારણે દેશનો ખોરાક પુરવઠો ખોરવાઈ ગયો છે.

ત્રીજો દેશ, ઝિમ્બાબ્વે, પણ તેના મોટા ભાગના પાકનો નાશ થતો જોઈને દુષ્કાળની આપત્તિ જાહેર કરવાનું વિચારી રહ્યું છે, જે ગયા વર્ષના અંતમાં યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને રેખાંકિત કરે છે

(જુઓ પાનું ૨) ▸▸

# મહાકાલ મંદિરમાં આગ: ૧૪ પૂજારી દાઝ્યા

ઉજ્જૈન: મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સોમવારે 'ભસ્મ આરતી' દરમિયાન મહાકાલ મંદિરમાં લાગેલી આગમાં સેવકો સહિત ૧૪ પૂજારીઓ હોવાનાં અને સરકારે ઘાયલોને એક લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હોવાનાં સમાચાર જાણવા મળ્યાં હતાં.

ઉજ્જૈનના કલેક્ટર નીરજ કુમાર સિંહે જણાવ્યું હતું કે સવારે ૫.૫૦ વાગ્યે મંદિરના 'ગર્ભ ગૃહ'માં આગ લાગી હતી.

પૂજાની થાળી પર ગુલાલ પડતાં જ આગ લાગી હતી જેમાં સળગતા કપૂર હતા. પાછળથી તે જમીન પર ફેલાઈ ગઈ હતી અને આગમાં ફેરવાઈ ગઈ હતી. તેનાથી પૂજારીઓ દાઝી ગયા હતા, જેમને જિલ્લા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા

ચૌદ પૂજારીઓ દાઝી જવાથી ઈજાગ્રસ્ત થયા હતા. કેટલાકની અહીં જિલ્લા હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યારે આઠ લોકોએ ઈન્દોરમાં સારવાર લીધી છે.

ભોપાલમાં પત્રકારો સાથે વાત કરતા મુખ્ય પ્રધાન મોહન યાદવે જણાવ્યું હતું કે હોળીના

(જુઓ પાનું ૬) ▸▸

## પીડાદાયક ઘટના: મોદી

ઈન્દોર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે મહાકાલ મંદિરમાં આગની ઘટના ખૂબ જ દુ:ખદ હતી અને ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સંદેશમાં, વડા પ્રધાને કહ્યું હતું કે, ''ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં જે દુર્ઘટના થઈ તે ખૂબ જ દર્દનાક છે. હું દુર્ઘટનામાં ઘાયલ થયેલા તમામ ભક્તોના ઝડપથી સ્વસ્થ થવાની આશા રાખું છું. રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક પ્રશાસન પીડિતોને દરેક સંભવ મદદ કરવામાં રોકાયેલું છે.''

ઈન્દોરમાં પત્રકારો સાથે વાત કરતા રાજ્યના મુખ્ય પ્રધાન મોહન યાદવે કહ્યું હતું કે વડા પ્રધાને તેમની સાથે ફોન પર વાત કરી હતી અને ઘાયલોની તબિયત પૂછી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ

(જુઓ પાનું ૬) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોસ્કોમાં ટેરર એટેક, આઈએસઆઈએસના વધતા ખતરાનું ટ્રેલર

**રશિયાની** રાજધાની મોસ્કો પાસેના ક્રાસ્નોગોર્સ્કીમાં આવેલા ક્રોકસ સિટી હોલમાં થયેલા હુમલાએ આખી દુનિયાને સ્તબ્ધ કરી દીધી છે. આ હુમલામાં ૧૫૦થી વધારેનાં મોત થયાં છે અને અને ૧૦૦થી વધુ ઘાયલ થયા છે. ઘાયલો પૈકી ઘણાંની હાલત અત્યંત ગંભીર છે એ જોતાં મોતનો આંક ધીરે ધીરે ૨૦૦ના આંકડાને પાર કરી જશે એવું લાગે છે. આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન આઈએસઆઈએસે લીધી છે. તેના કારણે જિહાદના નામે આતંકવાદ ફેલાવતા કટ્ટરવાદી મુસ્લિમોનો આતંકવાદ કેવી તબાહી વેરી શકે છે તેનો વધુ એક નમૂનો દુનિયાને જોવા મળ્યો છે.

પ્રખ્યાત રશિયન રોક બેન્ડ પિકનિકના કોન્સર્ટની મજા માણવા માટે ક્રોકસ સિટી હોલમાં જંગી ભીડ એકઠી થઈ હતી ત્યારે આ હુમલો થયો હતો. ક્રોકસ સિટી હોલ હોલમાં છ હજારથી વધુ લોકો બેસી શકે છે ને હોલ ખીચોખીચ ભરાયેલો હતો એ જોતાં આઈએસઆઈએસના આતંકવાદીઓએ બહુ પહેલાંથી પ્લાન કરીને હુમલો કર્યો હશે એ કહેવાની જરૂર નથી. આર્મી યુનિફોર્મમાં પાંચ આતંકવાદીઓ મશીનગનો અને ગ્રેનેડ સાથે કોન્સર્ટ હોલમાં ઘૂસ્યા અને ગોળીબાર શરૂ કર્યો ત્યારે લોકો પોતાની મસ્તીમાં હતાં. કોઈને આતંકવાદી હુમલો થશે એવી કલ્પના પણ નહોતી.

આતંકવાદીઓએ બેફામ ગોળીબાર કર્યા પછી ગ્રેનેડ પણ ફેંકતાં ક્રોકસ સિટી હોલમાં જોરદાર આગ ફાટી નીકળી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સિટી હોલની બિલ્ડિંગ ઉપર કાળા ધુમાડાના વાદળોના ગોટેગોટા દેખાઈ રહ્યા છે. ગ્રેનેડના કારણે સિટી હોલની છત તૂટી પડી તેમાં ઘણાં લોકો દટાઈ મર્યાં.

આ હુમલો થયો ત્યારે પહેલાં તો યુક્રેને હુમલો કરાવ્યો એવી જ આશંકા હતી. બલ્કે રશિયાના ભૂતપૂર્વ પ્રમુખ અને વર્તમાન પ્રમુખ વ્લાદિમિર પુતિનના ખાસ માણસ મનાતા મેડવેડેવે તો યુક્રેન સામે આંગળી પણ ચીંધી દીધેલી. યુક્રેને પોતે ઈન્કાર કર્યો અને પછી અમેરિકાએ પણ કહ્યું કે, મોસ્કોમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં યુક્રેનની ભૂમિકાના કોઇ પ્રારંભિક સંકેત મળ્યા નથી. યુનાઈટેડ નેશન્સના પ્રવક્તા જહોન કિર્બીએ પણ આ ગોળીબારમાં યુક્રેન કે યુક્રેનના કોઈ પણ લોકો સંડોવાયેલા હોવાના કોઈ સંકેત નથી એવું કહ્યું પછી પણ મેડવેડેવ પોતાની વાતને વળગી રહેલા. એ તો આઈએસઆઈએસે જવાબદારી સ્વીકારી પછી યુક્રેન પરથી શંકા દૂર થઈ. બાકી પુતિન આ હુમલાનો બદલો લેવા માટે યુક્રેન પર ધડબડાટી બોલાવી દેત.

મોસ્કોમાં થયેલો આતંકવાદી હુમલો અત્યંત ગંભીર છે કેમ કે આઈએસઆઈએસએ પહેલી વાર કોઈ મુસ્લિમ રાષ્ટ્રની બહાર આવા મોટા આતંકવાદી હુમલાને અંજામ આપ્યો છે. આઈએસઆઈએસ અને તેના બગલબચ્ચાં જેવાં બીજાં સંગઠનોએ ઈરાક અને સીરિયા સિવાય કુવૈત, યમન. સાઉદી અરેબિયા, તુર્કી, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈજીપ્ત, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, નાઈજર વગેરે દેશોમાં છાસવારે હુમલા કરે છે. ફિલિપાઈન્સમાં તો ૨૦૧૭ના આઈએસઆઈએસના હુમલામાં ૧૨૩૩ લોકો મરેલાં. બીજે પણ મોટા હુમલા થયા છે પણ આ બધા દેશો મુસ્લિમ રાષ્ટ્ર છે કે પછી મુસ્લિમોની નોંધપાત્ર વસતી ધરાવતા દેશો છે. મુસ્લિમ રાષ્ટ્ર ના હોય કે પછી મુસ્લિમોની નોંધપાત્ર વસતી ના હોય એવા દેશોમાં આઈએસઆઈએસ બહુ ફાવી નથી.

આઈએસઆઈએસ ખતરનાક આતંકી સંગઠન છે અને તેની પાસે હજારોની સંખ્યામાં સૈનિકો છે પણ આ સૈનિકો સીરિયા, ઈરાક વગેરે દેશોમાં સત્તા કબજે કરવા મથે છે, આ રીતે ફ્રાન્સ સિવાયના બીજા બિન-મુસ્લિમ દેશોમાં જઈને મોટા આતંકવાદી હુમલા કર્યા નથી. ફ્રાન્સમાં ૨૦૧૫ અને ૨૦૧૬માં મોટા આતંકવાદી હુમલા થયેલા. યુકેમાં પણ ૨૦૧૭માં આઈએસઆઈએસએ મોટો આતંકી હુમલો કરેલો પણ એ સિવાય બિન-મુસ્લિમ દેશોમાં આઈએસઆઈએસના મોટા હુમલા થયા નથી.

બેલ્જીયમ. ડેન્માર્ક, અમેરિકા, સ્વિત્ઝરલેન્ડ સહિતના દેશોમાં આઈએસઆઈએસનું નેટવર્ક હોવાના પુરાવા મળ્યા છે. આઈએસઆઈએસ સાથે સંકળાયેલા લોકો આ દેશોમાં આતંકી હુમલા કરતાં પકડાયા પણ છે પણ ફ્રાન્સ અને યુકેના ત્રણ હુમલાને બાદ કરતાં આઈએસઆઈએસ યુરોપ કે પશ્ચિમના દેશોમાં મોટા આતંકી હુમલા કરવામાં સફળ નથી થયું એ હકીકત છે.

હવે અચાનક જ આઈએસઆઈએસે તેની તાકાતનો પરચો આપ્યો છે અને એ પણ રશિયા જેવા દેશમાં ઘૂસીને કે જ્યાં આતંકવાદ કે અશાંતિની શંકા પણ લાગે તો માણસને ગોળીએ દઈ દેવાય છે. એવા દેશમાં ઘૂસીને હુમલો કરવો અને ૨૦૦ લોકોને મોતને ઘાટ ઉતારવા બહુ મોટી વાત છે. આઈએસઆઈએસ ખરેખર વૈશ્વિક બની રહ્યું છે તેનો આ પરચો છે. આખી દુનિયાએ આ પરચો જોયા પછી ચેતવાની જરૂર છે.

આઈએસઆઈએસે રશિયાને પરચો આપ્યો તેનું કારણ સીરિયામાં રશિયન લશ્કરની દખલગીરી છે. અમેરિકા આરબ રાષ્ટ્રો પર પોતાનો અંકુશ જમાવવા સતત મથ્યા કરે છે. તેની આ મનસા પૂરી કરવામાં સીરિયા, લિબિયા, ઈરાક, ઈરાન, તુર્કી વગેરે દેશો અવરોધરૂપ છે. અમેરિકાએ આ દેશોમાં પોતાની કઠપૂતળી સરકારો બેસાડવા ૨૦૦૮માં મોટી ગેઈમ ખેલીને સોશિયલ મીડિયામાં આ દેશોની સરકારો સામે ભયંકર આક્રોશ અને અસંતોષ પેદા કરીને લોકોને રસ્તા પર લાવી દીધેલાં. લિબિયાના કર્નલ મુઅમ્મર ગદ્દાફી સહિત કેટલાય સરમુખત્યારોને લોકોએ ઉખાડીને ફેંકી દીધા.

આરબ સ્પ્રિંગ તરીકે જાણીતી આ ક્રાંતિની અસર સીરિયામાં પણ થઈ. સીરિયામાં વરસોથી જામેલા બશર અલ-અસદને ઘરભેગો કરવા લોકો રસ્તા પર ઉતરી આવ્યા. આ પહેલાં ૨૦૦૬માં ઈસ્લામિક સ્ટેટ ઈન ઈરાક અને સીરિયા (આઈએસઆઈએસ) સ્થપાયેલું કે જેનો ઉદ્દેશ આખી દુનિયામાં સુન્ની મુસ્લિમ શાસન સ્થાપવાનો છે.

સીરિયામાં બશર અલ. અસદ સામેના વિરોધને અમેરિકાએ ભડકાવ્યો. અસદે લશ્કરનો ઉપયોગ કરીને વિરોધ ખતમ કરવાની કોશિશ કરી. તેના કારણે અસદની સરકાર અને વિદ્રોહીઓ વચ્ચે જંગ છેડાઇ ગયો. સીરિયાની સરકારે સેંકડો આંદોલનકારીઓને માર્યા અને જેલભેગા કરી દીધાં. એ જ દરમિયાન ઇસ્લામિક સ્ટેટે સીરિયામાં ઝંપલાવ્યું અને કાળો કેર વર્તાવવાનો શરૂ કર્યો.

જુલાઇ ૨૦૧૧માં અસદ વિરોધી સંગઠનોએ પોતાની સેના ઊભી કરી અને અસદ સરકારને ઉખાડી ફેંકવાના ઉદ્દેશ સાથે જંગ શરૂ કર્યો તેથી અસદ ત્રણ બાજુથી ઘેરાયા એટલે રશિયાની મદદ માગી. રશિયાએ અસદને મદદ કરતાં અસદ ટકી ગયો પણ રશિયાના લશ્કરે અસદને મદદ કરવા આઈએસઆઈએસ પર હલ્લાબોલ કર્યું. રશિયન લશ્કરે આઈએસઆઈએસને કચડી નાંખવા કેમિકલ વેપન્સ અને બેરલ બોમ્બનો ઉપયોગ બેફામ રીતે કર્યો તેમાં નિર્દોષ લોકો પણ મરાયાં. મોસ્કો હુમલો એ એક્શનનું રીએક્શન છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ),
મંગળવાર, તા. ૨૬-૩-૨૦૨૪, વસંતોત્સવ પ્રારંભ

- ભારતીય દિનાંક ૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૩-૩૨ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૬ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.

: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ બપોરે ક.૧૨-૫૦,મધ્યરાત્રિ પછી ક.૦૦-૫૧,
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, વસંતોત્સવ પ્રારંભ, આમ્રકુસુમપ્રાશન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, સૂર્ય-ચંદ્ર-મંગળ ગ્રહ દેવતાનું પૂજન, હનુમાન ચાલિશા, સુંદરકાંડ પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, પરદેશનું પસ્તાવું. નવા વસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, બી વવાવું, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ભરવું, બિલીનું વૃક્ષ વાવવું, પરગામ પ્રયાણ મધ્યમ.

આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ નિર્ણયો લેવામાં વિલંબ થાય, ચંદ્ર-બુધ પ્રતિયુતિ જુઠું બોલવાની આદત. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા.૨૭).

ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

# ભોજશાળા સરસ્વતી મંદિર હતુંઃ પુરાતત્ત્વવિદ્ કે. કે. મોહમ્મદનો દાવો

ગ્વાલિયરઃ મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં વિવાદાસ્પદ ભોજશાળા/કમલ મૌલા મસ્જિદ સંકુલ એક સરસ્વતી મંદિર હતું અને બાદમાં તેને ઇસ્લામિક પૂજા સ્થળમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું, એમ જાણીતા પુરાતત્વવિદ્ કે કે મોહમ્મદે દાવો કર્યો છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિંદુઓ અને મુસ્લિમોએ કોર્ટના નિર્ણયનું પાલન કરવું જોઇએ અને પૂજા સ્થાન અધિનિયમ ૧૯૯૧નું સન્માન કરવું જોઇએ અને આવા સ્થાનો પર મતભેદોને દૂર કરવા માટે એકસાથે બેસવું જોઇએ. મુસ્લિમોએ પણ મથુરા અને કાશીને લઇને હિન્દુઓની ભાવનાઓનું સન્માન કરવું જોઇએ, એમ તેમણે જણાવ્યું હતું. નોંધનીય છે કે મધ્ય પ્રદેશ હાઇ કોર્ટના નિર્દેશોને પગલે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(એએસઆઇ) એમપીના આદિવાસી પ્રભુત્વવાળા જિલ્લામાં વિવાદિત ભોજશાળા સંકુલનું સર્વેક્ષણ કરી રહ્યું છે. આ સ્થળને હિન્દુઓ દેવી વાગદેવી(સરસ્વતી)નું મંદિર અને મુસ્લિમ સમુદાય કમલ મૌલા મસ્જિદ માને છે.

ભૂતપૂર્વ એએસઆઇ અધિકારી મોહમ્મદે જણાવ્યું હતું કે ધાર(ભોજશાળા) વિશે ઐતિહાસિક હકીકત એ છે કે તે સરસ્વતી મંદિર હતું. તેને ઇસ્લામિક મસ્જિદમાં પરિવર્તિત કરવામાં આવી હતી. પરંતુ પ્લેસ ઓફ વર્શીપ એક્ટ ૧૯૯૧ મુજબ કટ-ઓફ વર્ષ ૧૯૪૭ છે. જો તે ૧૯૪૭માં મંદિર હતું તો તે મંદિર છે અને જો તે મસ્જિદ હતું તે મસ્જિદ છે. મોહમ્મદ ૧૯૭૬-૭૭માં અયોધ્યા ખાતે પ્રોફેસર બી. બી. લાલની આગેવાની હેઠળની પ્રથમ ખોદકામ ટીમનો ભાગ હતા.

પદ્મશ્રી પુરસ્કાર વિજેતાએ અગાઉ દાવો કર્યો હતો કે તેણે બાબરી મસ્જિદની નીચે રામ મંદિરના અવશેષો પ્રથમવાર જોયા હતા. તેમણે કહ્યું કે બન્ને પક્ષોએ કાયદાને વળગીને રહેવું જોઇએ. હાઇ કોર્ટ તમામ તથ્યોને ધ્યાનમાં લઇને નિર્ણય લેશે. બધાએ હાઇ કોર્ટના નિર્ણયનું પાલન કરવું જોઇએ. કારણ કે તે એકમાત્ર ઉકેલ હશે. મોહમ્મદે કહ્યું કે સંકુલ એક સરસ્વતી મંદિર હતું તેમાં કોઇ શંકા નથી. તેમણે બન્ને પક્ષોને બધા માટે સમસ્યાઓ ઉભી થાય તેવું કંઇ ન કરવાની સલાહ આપી હતી. નોંધનીય છે કે ૧૧ માર્ચે હાઇ કોર્ટે એએસઆઇને મધ્યયુગીન સ્મારક એવા ભોજશાળા સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ છ અઠવાડિયાની અંદર હાથ ધરવા માટે નિર્દેશ આપ્યો હતો. રવિવારે સર્વેનો ત્રીજો દિવસ હતો. ■

## લોકસભા ચૂંટણી ૨૦૨૪

# બંધારણ બદલવાની વાત કરનારા સંસદસભ્યની ટિકિટ ભાજપે કાપી

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણીમાં એનડીએની ૪૦૦થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય લઈને મેદાનમાં ઉતરેલી ભાજપે એક આશ્ચર્યજનક પગલું લેતાં ૨૮ વર્ષમાં છ વખત સંસદસભ્ય રહેલા પીઢ નેતા અનંતકુમાર હેગડેની ટિકિટ કાપી નાખી છે. હેગડે દ્વારા બંધારણને બદલવા બાબતે જે નિવેદન કરવામાં આવ્યું હતું તે જ તેમની ટિકિટ કાપવા માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે. પાર્ટી પોતાના બધા જ નેતાઓને સંદેશ આપવા માગે છે કે વગર વિચાર્યે નિવેદન કરીને મોવડીમંડળને સંકટમાં મૂકી દેનારા લોકોને પાર્ટી 'સજા' આપશે. ઉત્તર-કન્નડ બેઠક પરથી છ વખત સંસદસભ્ય બનેલા અનંતકુમાર સળંગ ચાર ટર્મથી સંસદસભ્ય છે. તેમણે એવું નિવેદન કર્યું હતું કે બંધારણને બદલવાનું ભાજપનું લક્ષ્ય છે અને તેને સાધ્ય કરવા માટે ૪૦૦થી વધુ બેઠકો જીતવા માગીએ છીએ. તેમણે એવું પણ કહ્યું હતું કે કોંગ્રેસે બંધારણમાં ઘણી અનાવશ્યક વસ્તુઓ સામેલ કરીને બંધારણનું મૂળ રૂપ વિકૃત કરી નાખ્યું છે અને તેની પાછળ એક જ હેતુ હતો કે દેશમાં હિંદુઓને દબાવવામાં આવે. આ બધું સાફ કરવા માટે ભાજપને ૪૦૦થી વધુ બેઠકો મળે તે આવશ્યક છે.

વિપક્ષને આ નિવેદન પછી ટીકા કરવાનો ઘણો મોટો મોકો મળી ગયો હતો અને ભારે વિવાદ બાદ ભાજપે આ નિવેદન પક્ષનું નહીં, અનંતકુમારનું વ્યક્તિગત હોવાનું કહીને બચાવ કર્યો હતો. હવે અનંતકુમારની ટિકિટ કાપીને છ વખત વિધાનસભ્ય રહેલા વિશ્વનાથ કાગેરીને મેદાનમાં ઉતાર્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે અનંતકુમાર પહેલાં ફાયરબ્રાન્ડ નેતા પ્રજ્ઞાસિંહ ઠાકુર અને દિલ્હીના સંસદભ્ય રમેશ બિધુડી તેમ જ પ્રવેશ સાહિબસિંહ વર્માની પણ ટિકિટ કાપી નાખવામાં આવી છે. સાર્વજનિક જીવનમાં મર્યાદા જાળવી રાખવા પર ભાર મૂકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. અહીં ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અનેક વખત પાર્ટીની બેઠકોમાં નેતાઓને વિવાદાસ્પદ નિવેદનો આપવાથી દૂર રહેવાની સલાહ આપી ચૂક્યા છે. ■

# મોસ્કો હુમલોઃ ચારમાંથી ત્રણ આરોપીએ કોર્ટ સમક્ષ અપરાધ કબૂલ્યો

મોસ્કોઃ રશિયાની રાજધાની મોસ્કોમાં કોન્સર્ટ હોલમાં હુમલો કરવાના આરોપી ચાર શંકાસ્પદોમાંથી ત્રણે રવિવારે રશિયન કોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન આ ઘટના માટે અપરાધ કબૂલ્યો હતો. આ આતંકી હુમલામાં ૧૩૦થી વધુ લોકોના મોત થયા હતા.

આ મામલે મોસ્કોની બાસમાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આરોપી ડેલેર્ડઝોન મિર્ઝોયેવ(૩૨), સૈદાક્રમી રચબલિઝોડા (૩૦), મુખામ્મદસોબીર ફૈઝોવ (૧૯) અને શમસીદીન ફરીદુની(૨૫) કોર્ટમાં હાજર થયા હતા. આ આરોપીઓએ એક જૂથ આતંકવાદી હુમલો કર્યો હતો. જેના કારણે નિર્દોષ લોકોના મોત થયા હતા. આ ગુનામાં વધુમાં વધુ આજીવન કેદની સજાની જોગવાઇ છે. જે તાજિકિસ્તાનના નાગરિક છે તેમને ૨૨ મે સુધી પ્રી-ટ્રાઇલ અટકાયતમાં રાખવાનો કોર્ટે આદેશ આપ્યો છે. મિર્ઝોયેવ, રચબલિઝોડા અને શમસીદીન ફરીદુનીએ આરોપ લગાવ્યા બાદ પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

જ્યારે ચોથા શકમંદ ફૈઝોવને હૉસ્પિટલમાંથી સીધો જ કોર્ટમાં વ્હીલચેરમાં લાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન તે આંખો બંધ કરીને બેઠો રહ્યો હતો. અન્ય ત્રણ શકમંદો સોજી ગયેલા ચહેરા સાથે કોર્ટમાં હાજર થયા હતા. રશિયન મીડિયામાં એવા અહેવાલો આવ્યા હતા કે સુરક્ષા સેવાઓ દ્વારા પૂછપરછ દરમિયાન તેમને ત્રાસ આપવામાં આવ્યો હતો. આ હુમલાની જવાબદારી ઇસ્લામિક સ્ટેટ જૂથના એક સહયોગીએ લીધી છે. જે છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયાની ધરતી પરનો સૌથી ભયંકર હુમલો છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શનિવારે રાત્રે રાષ્ટ્રને સંબોધનમાં જણાવ્યું હતું કે રશિયન સત્તાવાળાઓએ શનિવારે ચાર શંકાસ્પદ હુમલાખોરોની ધરપકડ કરી હતી. હુમલામાં સંડોવણીની શંકાના આધારે વધુ સાત લોકોની અટકાયત કરવામાં આવી હતી. ■

# ભારતીય પીએચડી વિદ્યાર્થિનીનું લંડનમાં અકસ્માતમાં મોત

લંડનઃ પ્રતિષ્ઠિત લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સમાં પીએચડી કરી રહેલી નીતી આયોગની ભૂતપૂર્વ કર્મચારીનું યુનિવર્સિટીમાંથી ઘરે પરત ફરતી વખતે એક ટ્રક સાથે અથડાવાથી એક દુઃખદ માર્ગ અકસ્માતમાં ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું.

ચેઇસ્ટા કોચર (૩૩) ગત વર્ષે ગુરુગ્રામ, હરિયાણાથી લંડન ડોક્ટરલનો અભ્યાસ કરવા ગઇ હતી.

તેના પિતાએ તેના મૃત્યુના સમાચાર ઓનલાઈન શેર કર્યા પછી ''તેજસ્વી, હોશિયાર અને બહાદુર'' વિદ્યાર્થિની માટે શ્રદ્ધાંજલિઓ વરસી રહી છે, પણ મેટ્રોપોલિટન પોલીસે હજું કોઇની અટક નથી કરી અને આ જીવલેણ અકસ્માતના સાક્ષીઓ માટે અપીલ કરી છે.

આ દુર્ઘટના ૧૯ માર્ચની સાંજે ફેરિંગ્ડન રોડ સાથેના જંક્શન પાસે ક્લર્કનવેલ રોડ પર બની હતી.

કોચરે તેના સોફ્ટવેર એન્જિનિયર પતિ પ્રશાંત ગૌતમ સાથે લંડન જતા પહેલા ગયા વર્ષે એપ્રિલ સુધી લગભગ બે વર્ષ સુધી ભારતના નેશનલ બિહેવિયરલ ઇનસાઇટ્સ યુનિટમાં વરિષ્ઠ સલાહકાર તરીકે સેવા આપી હતી. ■

# રશિયામાં ત્રાસવાદી હુમલા બાદ ફ્રાન્સ ઉચ્ચ સ્તરીય સુરક્ષા એલર્ટ પર

પેરિસઃ ફ્રાન્સની સરકારે રવિવારે રશિયન કોન્સર્ટ હોલમાં થયેલા ઘાતક હુમલા અને ઇસ્લામિક સ્ટેટ દ્વારા તેની જવાબદારી લીધા બાદ તેની સુરક્ષા ચેતવણીની સ્થિતિને ઉચ્ચતમ સ્તરે વધારી દીધી છે.

ફ્રાન્સના વડા પ્રધાન ગેબ્રિયલ અટ્ટલે એક્સ પર એક પોસ્ટમાં નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે સત્તાવાળાઓએ મોસ્કો હુમલાની જવાબદારીના ઇસ્લામિક સ્ટેટના દાવાને અને આપણા દેશ પરના જોખમને ધ્યાનમાં લીધું હતું. મોસ્કોના ઉપનગરમાં શુક્રવારે થયેલા હુમલામાં ૧૩૦થી વધુ લોકોના મોત થયા હતા. ત્યારબાદ રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કટોકટી સુરક્ષા બેઠક યોજી હતી. બાદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ હુમલાની જવાબદારી ઇસ્લામિક સ્ટેટ જૂથના સહયોગીએ લીધી હતી.

ફ્રાન્સમાં અવારનવાર ઇસ્લામિક સ્ટેટ દ્વારા હુમલાઓ કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૧૫માં બટાક્લાન થિયેટર હત્યાકાંડનો સમાવેશ થાય છે. જેમાં ઉગ્રવાદીઓએ કોન્સર્ટમાં જનારાઓ પર ગોળીબાર કર્યો હતો અને કલાકો સુધી બંધક બનાવ્યા હતા. ફ્રેન્ચ સૈનિકોએ મધ્ય પૂર્વ અને આફ્રિકામાં ઇસ્લામિક ઉગ્રવાદીઓ સામે પણ લડત આપી છે. આ વર્ષે પેરિસ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ યોજાવાનું હોઇ ફ્રાન્સ પહેલેથી જ ઉચ્ચ સુરક્ષા એલર્ટ પર હતું. જેમાં લાખો મુલાકાતીઓ દેશમાં આવે તેવી અપેક્ષા છે. ૨૬ જુલાઇના ઉદ્દઘાટન સમારોહને લઇને સુરક્ષા ચિંતા વધુ ગંભીર બની રહી છે. ■

# નાઈજિરિયામાં શાળાના ૧૩૦થી વધુ અપહૃત બાળકોને બચાવી લેવાયા

કડુનાઃ નાઇજિરીયાના ઉત્તર પશ્ચિમ રાજ્ય કડુનામાં બે અઠવાડિયા પહેલા શાળામાંથી અપહરણ કરાયેલા ૧૩૦થી વધુ બાળકોને રવિવારે બચાવી લેવામાં આવ્યા હતા, એમ પશ્ચિમ આફ્રિકન રાષ્ટ્રના સૈન્ય અને સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું. શાળા સત્તાધીશોએ રાજ્ય સરકારને જણાવ્યું હતું કે સાત માર્ચેના રોજ કુરિગા શાળા પર મોટરસાઇકલ સવાર બંદૂકધારીઓએ આક્રમણ કર્યું ત્યારે કુલ ૨૮૭ વિદ્યાર્થીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. જો કે કડુનાના ગવર્નર ઉબા સાનીએ રવિવારે મોડી રાત્રે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે હુમલા દરમિયાન માત્ર ૧૩૭ વિદ્યાર્થીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. એક પ્રસારણમાં રાજ્યપાલે જણાવ્યું હતું કે તે તમામ સુરક્ષિત ઘરે પાછા ફાર્યા છે. લશ્કરી પ્રવક્તા મેજર જનરલ એડવર્ડ બુબાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૩૭ બાળકોને ઝામફારામાંથી બચાવી લેવામાં આવ્યા હતા. જે તેમની શાળાથી ૨૦૦ કિમીથી વધુ દૂર આવેલું છે અને અપહરણ માટે કુખ્યાત છે. કડુના અપહરણ માટે કોઇ જૂથે જવાબદારી સ્વીકારી નથી. ■

# મેક્સિકોના સિનાલોઆમાં અપહૃત વધુ ૧૬ લોકોની મુક્તિ

મેક્સિકો સિટીઃ મેક્સિકોના ઉત્તરીય શહેર કુલિયાકાનમાં બે દિવસ પહેલા ગુનાહિત ટોળકી દ્વારા અપહરણ કરાયેલા અન્ય ૧૬ લોકોને સત્તાવાળાઓએ રવિવારે બચાવી લીધા હતા. હિંસા વચ્ચે શનિવારે ૪૨ લોકોને મુક્ત કરવામાં આવ્યા હતા. સિનાલોઆ રાજ્યની રાજધાનીમાં બચાવ પ્રયાસોમાં ભાગ લેનાર મેક્સિકોના રાષ્ટ્રીય રક્ષકના સભ્યનું રવિવારે આ પ્રદેશમાં મૃત્યુ થયું હતું. સિનાલોઆના ગવર્નર રુબેન રોચાએ એક્સ પર જણાવ્યું હતું કે મુક્ત કરાયેલા લોકોની સંખ્યા ૫૮ સુધી પહોંચી ગઇ છે. જેમાં ૩૬ પુખ્ત વયના લોકો અને ૨૨ બાળકોનો સમાવેશ થાય છે. રોચાએ ૫૮ લોકોને કેવી રીતે અને ક્યાંથી બચાવ્યા તેની વિગતો આપી ન હતી, પરંતુ અન્ય આઠ હજુ પણ ગુમ હોવાનું જણાવ્યું હતું. ફેડરલ સત્તાવાળાઓએ ગુમ થયેલા લોકોની શોધ માટે ૬૦૦ વિશેષ દળોના સૈનિકોને સિનાલોઆ મોકલ્યા હતા. વધારાના ૩૦૦ સૈનિકો અને નેશનલ ગાર્ડ બટાલિયન પણ આ વિસ્તારમાં કાર્યરત છે. સિનાલોઆમાં વકીલોએ રવિવારે જણાવ્યું હતું કે તેઓએ શુક્રવાર અને શનિવાર વચ્ચેની ઘટનાઓ માટે નવ તપાસ ખોલી હતી. સામૂહિક અપહરણ પાછળ કોણ હતું તે સ્થાનિક સત્તાવાળાઓએ જણાવ્યું નથી. જે રાજ્યના બદીરાગુઆટો પ્રદેશમાં ત્રણ લોકોની હત્યાના એક દિવસ પછી થયું હતું. ■

# બ્રાઝિલમાં ભારે વરસાદઃ મૃત્યુઆંક વધીને ૨૩ પર પહોંચ્યો

રિયો ડી જાનેરોઃ બ્રાઝિલમાં આ સપ્તાહના અંતે પડેલા ભારે વરસાદને કારણે દક્ષિણપૂર્વના રાજ્યો રિયો ડી જાનેરો અને એસ્પિરિટો સેન્ટોમાં ઓછામાં ઓછા ૨૩ લોકોના મોત થયા છે.

એસ્પિરિટો સેન્ટોસની સરકારે રવિવારે જણાવ્યું હતું કે શુક્રવાર રાતથી પડી રહેલા ભારે વરસાદને કારણે ૧૫ લોકોના મોત થયા હતા અને લગભગ ૫,૦૦૦ લોકો ઘરની બહાર હતા. રિયો સત્તાવાળાઓએ શનિવારે આઠ મૃત્યુની જાણ કરી હતી.

રાજ્યની રાજધાની વિટોરિયાની દક્ષિણે ૭૪ કિલોમીટર દૂર આવેલા ગ્રામ્ય શહેર મિમોસો દો સુલમાં એસ્પિરિટો સાન્ટોમાં ૧૩ મૃત્યુ નોંધાયા હતા. બંને રાજ્યોમાં બચાવ ટુકડીઓએ નવા ભૂસ્ખલનના જોખમોને કારણે શુક્રવારે રાત્રે તેમનું કામ બંધ કરવું પડ્યું હતું. શનિવારે બપોરે પ્રયાસો ફરી શરૂ થયા હતા. બ્રાઝિલના દક્ષિણપૂર્વ પ્રદેશના મેયર અને ગવર્નરોએ ગુરુવારથી સપ્તાહના અંતમાં સંભવિત સમસ્યાઓ વિશે રહેવાસીઓને ચેતવણી આપી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### પપુઆ

લગભગ ૧,૦૦૦ ઘરો નાશ પામ્યા છે.

પૂર વાસ્તવમાં ૮૦૦ કિલોમીટરથી વધુ લાંબા વિસ્તારને આવરી લે છે, અને લગભગ ૬૦ કે ૭૦ ગામો સેપિક નદીના કાંઠે સામેલ છે, એમ બર્ડે સોમવારે એબીસીને જણાવ્યું હતું.

ઑસ્ટ્રેલિયાના ઉત્તરમાં સ્થિત દક્ષિણ પેસિફિક ટાપુ રાષ્ટ્ર પાપુઆ ન્યુ ગિનીમાં ગયા વર્ષે એપ્રિલમાં બે ભૂકંપ આવ્યાં હતાં, જેમાં ૭.૦ની તીવ્રતાના ભૂકંપનો સમાવેશ થાય છે જેમાં દેશના દૂરના ઉત્તરીય ભાગમાં ચાર લોકો માર્યા ગયા હતા.

આ દેશ ન્યુ ગિની ટાપુના પૂર્વ ભાગમાં સ્થિત છે અને પેસિફિક રીંગ ઓફ ફાયર પર છે, જ્યાં વિશ્વની મોટાભાગની ધરતીકંપ અને જ્વાળામુખીની પ્રવૃત્તિ થાય છે. ■

### આફ્રિકામાં

કે અલ નીનોની અસરને કારણે દક્ષિણ આફ્રિકાના અસંખ્ય રાષ્ટ્રો ભૂખમરાની અણી પર છે.

ડબ્લ્યુએફપીએ જણાવ્યું હતું કે દાયકાઓમાં સૌથી શુષ્ક સ્પેલ આવે તે પહેલા જ દક્ષિણ અને મધ્ય આફ્રિકાના ભાગોમાં લગભગ ૫૦ મિલિયન લોકો ખોરાકની અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે.

યુએસ સરકારની સહાય એજન્સીએ જણાવ્યું હતું કે આંશિક રીતે અલ નીનો અસરને કારણે દક્ષિણ આફ્રિકામાં ૨૦ મિલિયનથી વધુ લોકોને ૨૦૨૪ની શરૂઆતમાં ખાદ્ય સહાયની તાત્કાલિક જરૂર પડશે.

ડબલ્યુએફપીના મોસમી મોનિટર મુજબ, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે માટે ગત મહિનો ૪૦ વર્ષમાં સૌથી સૂકો ફેબ્રુઆરી હતો, જ્યારે માલાવી, મોઝામ્બિક અને અંગોલાના ભાગોમાં ''ભારે વરસાદની ખાધ'' હતી.

દક્ષિણ આફ્રિકામાં લાખો લોકો જીવવા માટે ઉગાડવામાં આવતા ખોરાક પર આધાર રાખે છે. મકાઈ, જે આ પ્રદેશનો મુખ્ય ખોરાક છે, તે દુષ્કાળથી ખરાબ રીતે પ્રભાવિત થયો છે. ■

# રાજ્યના ત્રણ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના કામ આચારસંહિતા પૂરી થયા બાદ ચાલુ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમએસઆરડીસી)ના વિરાર-અલીબાગ મલ્ટિમૉડેલ કોરીડોર, પુણે રીંગ રોડ અને નાંદેડ-જાલના એકસપ્રેસ વે જેવા ત્રણ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના ફાઈનાશ્યિલ બીડ ઓપન થવામાં વિલંબ થવાનો છે. હવે પાંચ એપ્રિલના ટેન્ડર ખોલવામાં આવવાના હોઈ ત્યારબાદ કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવવાની છે. ત્રણેય પ્રોજેક્ટ માટે ૨૬ તબક્કામાં ૨૬ કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવવાની છે. તેથી આચારસંહિતા પૂરી થયા બાદ જ ત્રણેય પ્રોજેક્ટના કામની શરૂઆત થશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે તેમ જ વિરાર-અલીબાગનું અંતર ઘટાડવા માટે વિરાર-અલીબાગ દરમિયાન ૧૨૮ કિલોમીટરનો મલ્ટિપર્પસ કોરિડોર બાંધવામાં આવવાનો છે. મુંબઈ-નાગપૂર એવો ૭૦૧ કિલોમીટર લંબાઈનો સમૃદ્ધી હાઈવેનો વિસ્તાર જાલના-નાંદેડ સુધી કરવામાં આવવાનો છે. તે માટે એમએસઆરડીએ ૧૯૦ કિલોમીટર લંબાઈનો જાલના-નાંદેડ એકસપ્રેસ હાઈવે બાંધવાનો નિર્ણય લીધો છે. તે માટે પુણેમાં રીંગ રોડ બાંધવાનો નિર્ણય લીધો છે. આ ત્રણેય પ્રોજેક્ટ રાજ્યના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના હોઈ તેને ઝડપથી પૂરા કરવા માટે એમએસઆરડીસીએ વર્ષ પહેલાં આ પ્રોજેક્ટના બાંધકામ માટે એક સાથે ૨૬ તબક્કામાં એક્સપ્રેસ ઓફ ઈન્ટરેસ્ટ મગાવ્યા હતા. પુણે રીંગ રોડ માટે નવ તબક્કામાં મલ્ટિપર્પસ કોરિડોર માટે ૧૧ તબક્કામાં અને નાંદેડ જાલના માટે છ તબક્કામાં ટેન્ડર મગાવવામાં આવ્યા છે. એમએસઆરડીસી એક્સપ્રેસ ઓફ ઈન્ટરેસ્ટ ટેન્ડરને ૨૮ કંપનીઓએ પ્રતિસાદ આપ્યો હતો, તેમાંથી ૧૮ ટેન્ડર પાત્ર ઠર્યા હતા અને પાત્ર બિડરો પાસેથી ફાઈનાશ્યિલ બીડ મંગાવ્યા હતા. તે મુજબ ફાઈનાશ્યિલ બીડ ઓપન કરીને માર્ચ સુધીમાં ટેન્ડર ફાઈનલ કરીને કામની શરૂઆત કરવાનું એમએસઆરડીસીનું આયોજન હતું. પરંતુ આ ટેન્ડર ખુલવામાં વિલંબ થયો હતો. હવે પાંચ એપ્રિલના ટેન્ડર ખોલીને ત્યારબાદ કૉન્ટ્રેક્ટ ફાઈનલ કરવામાં આવવાનો છે. ત્યારબાદ કૉન્ટ્રેક્ટરોને વર્ક ઓર્ડર આપીને કામની શરૂઆત કરવામાં આવશે. ■

# ખંડણી માટે અપહરણ બાદ નવ વર્ષના બાળકની હત્યાઃ ટેલરની ધરપકડ

## ઘરના બાંધકામ માટે ૨૩ લાખ રૂપિયાની માગણી કરી હોવાનો આરોપીનો દાવો

થાણેઃ બદલાપુરમાં ઘર બાંધવા માટે ૨૩ લાખ રૂપિયાની જરૂર હોવાથી ટેલરે નવ વર્ષના બાળકની અપહરણ બાદ હત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ગામના એક ઘરમાંથી ગૂણીમાં સંતાડેલો બાળકનો મૃતદેહ મળી આવ્યા પછી પોલીસે આરોપીની પણ ધરપકડ કરી હતી.

બદલાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે હત્યા કરાયેલા બાળકની ઓળખ ઈબાદત તરીકે થઈ હતી. ગોરેગાંવ ગામમાં રહેતો ઈબાદત રવિવારે સાંજે નમાઝ પઢવા મસ્જિદમાં ગયા પછી ગુમ થઈ ગયો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી બાળકને ઓળખતો હતો. ખાવાની વસ્તુ અપાવવાની લાલચે તેણે બાળકનું અપહરણ કર્યું હતું. અપહરણ પછી અપહરણકારે બાળકના વડીલને ફોન કરી બાળકને છોડવા માટે ૨૩ લાખ રૂપિયાની માગણી કરી હતી. જોકે આ રકમ તેને ઘરના બાંધકામ માટે જોઈતી હોવાનો દાવો આરોપીએ કર્યો હતો.

માહિતી મળતાં જ પોલીસે તપાસ હાથ ધરી હતી. રવિવાર રાત સુધી પોલીસે તપાસ કર્યા છતાં બાળકની કોઈ ભાળ મળી નહોતી કે અપહરણકાર પણ હાથ લાગ્યો નહોતો.

સોમવારે બપોરે ગામના એક ઘરમાંથી ગૂણીમાં બાંધેલો બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસ બાદ પોલીસે એ જ પરિસરમાં રહેતા ટેલરની ધરપકડ કરી હતી. જોકે જે ઘરમાંથી બાળકનો મૃતદેહ મળ્યો તે આરોપીનું છે કે કેમ તેનો ખુલાસો થઈ શક્યો નહોતો. (પીટીઆઈ)■

# ભાંડુપથી પાંચ વર્ષની બાળકીનું અપહરણઃ ગુજરાતી મહિલા સહિત ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચૉકલેટની લાલચે ભાંડુપથી પાંચ વર્ષની બાળકીનું કથિત અપહરણ કરવાના કેસમાં પોલીસે થાણેમાં રહેતી ગુજરાતી મહિલા સહિત ચાર આરોપીની ધરપકડ કરી હતી. આરોપીઓએ અપહૃત બાળકીને વેચવાની યોજના બનાવી હતી, પરંતુ પોલીસે સમયસર કાર્યવાહી કરી બાળકીને સહીસલામત છોડાવી હતી.

ભાંડુપ પોલીસે પકડી પાડેલી ચારેય મહિલાની ઓળખ પાયલ હેમંત શાહ (૩૨), દિવ્યા કૈલાસ સિંહ (૩૩), ખુશબૂ રામઆશિષ ગુપ્તા (૧૯) અને મૈના રાજારામ દિલોડ (૩૯) તરીકે થઈ હતી. ધરપકડ કરાયેલી ચારેય મહિલાને કોર્ટે ૨૮ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના હોળીને દિવસે, રવિવારની રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ભાંડુપમાં રહેતી બાળકી ધુળેટીમાં રમવા માટે નજીકની દુકાનમાંથી ફુગ્ગા ખરીદવા ગઈ તે પાછી ફરી નહોતી. વડીલોએ આસપાસના પરિસરમાં શોધખોળ શરૂ કરતાં એક વ્યક્તિએ બાળકીને જોઈ હોવાની માહિતી આપી હતી. એ જ પરિસરમાં રહેતી ખુશબૂ ગુપ્તા અને એક અજાણી મહિલાને બાળકીને રિક્ષામાં લઈ જતી એ વ્યક્તિએ જોઈ હતી.

આ પ્રકરણે બાળકીના વડીલોએ ભાંડુપ પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે તાત્કાલિક મોબાઈલ લૉકેશનને આધારે ખુશબૂને શોધી કાઢી હતી. ચૉકલેટની લાલચ આપી બહેનપણી મૈના દિલોડની મદદથી બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની કબૂલાત ખુશબૂએ કરી હતી. બાળકીને વેચવા માટે થાણેના બાળકુમ પરિસરમાં રહેતી પાયલ અને દિવ્યાને સોંપવામાં આવી હોવાનું પણ તેણે જણાવ્યું હતું.

માહિતીને આધારે પોલીસની એક ટીમે થાણેથી પાયલ અને દિવ્યાને પકડી પાડી બાળકીને છોડાવી હતી. આ રીતે આરોપીઓએ અગાઉ પણ બાળકોનું અપહરણ કરી તેમને વેચ્યાં છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# ઘાટકોપરમાં બાઈક અકસ્માતમાં ત્રણનાં મૃત્યુ

મુંબઈઃ ઘાટકોપરમાં વહેલી પરોઢે એક ઝડપથી આવી રહેલી બાઈકે રસ્તા પર ચાલી રહેલા વ્યક્તિને જોરદાર ટક્કર મારવાની ઘટના બની હતી. આ અકસ્માતમાં જખમી થયેલા બે બાઇક સવાર અને ટક્કર વગેલી વ્યક્તિને હૉસ્પિટલમાં લઈ જતાં ડોક્ટરોએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. ઘાટકોપરના લાલબહાદુર શાસ્ત્રી નગરમાં આવેલી એક હોટેલ નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. સવારે ચાર વાગ્યાની આસપાસ આ અકસ્માત થવાની માહિતી પોલીસને મળતા એક ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ અધિકારીએ આપેલી માહિતી મુજબ સમીર મુસ્તફા (૧૯), મુઝફ્ફર બદ્દેશાહ (૧૯) નામના બે બાઇક સવારે રસ્તા પર ચાલી રહેલા સુરેશ નામના વ્યક્તિને બાઇક વડે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણેય વ્યક્તિને ગંભીર ઇજા થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પણ હૉસ્પિટલ લઈ જતાં તેમની તપાસ કરી ડોક્ટરોએ તમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમાં બાઇકનું મોટું નુકસાન થયું છે અને હવે પોલીસ આ ગંભીર અકસ્માતની તપાસ કરવા માટે સીસીટીવી ફૂટેજની મદદ લઈ રહી છે. આ સાથે મૃતકના પરિવારને પણ શોધવાનું કામ પોલીસે શરૂ કર્યું હોવાની માહિતી પોલીસ અધિકારીએ આપી હતી. ■

# પત્રાચાલીના ૩૦૬ વિજેતાઓને ઘર મેળવવા હજી રાહ જોવી પડશે

## ઓક્યુપેશન સર્ટિફિકેટ મળ્યું ન હોવાથી તાબામાં લેવામાં વિલંબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મ્હાડાના મુંબઈ બોર્ડના ૨૦૧૬માં બહાર પડેલી લોટરીમાં ગોરેગામ, સિદ્ધાર્થ નગર (પત્રાચાલ) રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ૩૦૬ વિજેતાઓની ઘરની પ્રતીક્ષા પૂરી થવાનું નામ લેતી નથી. ફેબ્રુઆરી-માર્ચમાં આ ઘરનો કબજો આપવામાં આવશે એવી મ્હાડાએ જાહેરાત કરી હતી. પરંતુ આ ઘરને હજી સુધી ઓક્યુપેશન સર્ટિફિકેટ મળ્યું ન હોવાથી કબજો મળી રહ્યો નથી. તેથી આ વિજેતાઓને તેમના માલિકીના ઘર માટે હજી રાહ જોવી પડવાની છે.

લાંબા સમયથી રખડી ગયેલા અને વિવાદસ્પદ પત્રાચાલ રિવડેલપમેન્ટના ૩૦૬ ઘરની લોટરી કાઢવામાં અનેક અધિકારીઓને વિરોધ હોવા છતાં તે સમયના ઉપાધ્યક્ષે ૨૦૧૬ની લોટરીમાં ૩૦૬ ઘરનો સમાવેશ કર્યો હતો. ડેવલપરે કામ અડધું કરીને છોડી દેતા પ્રોજેકટના ઘર કોણ ક્યારે અને કઈ રીતે પૂરા કરાશે એવા સવાલો કરીને ઘરની લોટરી કાઢવા સામે વિરોધ કરવામાં આવ્યો હતો. છતાં આ ઘર માટે લોટરી કાઢવામાં આવી હતી. વિવાદાસ્પદ પ્રોજેક્ટ રાજ્ય સરકારે ડેવલપર પાસેથી લઈને મ્હાડાના તાબામાં આપ્યો હતો અને ત્યારબાદ મ્હાડાએ ૨૦૨૨માં અડધો રહી ગયેલો પ્રોજેક્ટ પૂરો કરવાનું કામ ચાલુ કર્યું હતું. રિડેવલપમેન્ટ સહિત લોટરીના ઘરની ઈમારતના કામ પણ હાથમાં લેવામાં આવ્યા હતા. તે મુજબ હવે ૩૦૬ ઘરના કામ પૂરા થયા છે.

આ ૩૦૬ ઘરના કામ પૂરા થયા છે અને મ્હાડા બોર્ડે આ ઘર માટે ઓક્યુપેશન સર્ટિફિકેટ લેવાની પ્રક્રિયા ચાલુ કરતા ૩૦૬ વિજેતાઓની આઠ વર્ષની લાંબી પ્રતિક્ષાનો અંત આવશે એવુ જણાતું હતું. ફેબ્રુઆરી-માર્ચમા વિજેતાઓને ઘર આપવામાં આવશે એવું મ્હાડા બોર્ડે કહ્યું હતું. પરંતુ હજી પણ ઓક્યુપેશન સર્ટિફિકેટ મળ્યું ન હોવાથી તાબામાં આપવાનું રખડી પડ્યું છે.■

# રાજ્યમાં તાપમાનનો પારો હજી ઊંચો જશે ૪૧ ડિગ્રી સાથે અકોલા સૌથી વધુ ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું હોવાનું જણાઈ રહ્યું છે. સૂકા હવામાનને કારણે આગામી દિવસમાં તાપમાનનો પારો હજી ઉપર જવાની શક્યતા છે. સામાન્ય રીતે હોળી બાદ તાપમાનમાં વધારો થવાની શરૂઆત થાય છે. જોકે આ વખતે હોળી પહેલાથી ગરમીમાં વધારો જણાઈ રહ્યો છે. તેથી હોળી બાદ ગરમી હજી વધવાની શક્યતા છે. રાજ્યમાં સોમવારે સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના અકોલામાં ૪૧ ડિગ્રી નોંધાયું હતું.

વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને મરાઠવાડામાં તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. હવામાન ખાતાના કહેવા મુજબ રાજ્યમાં તાપમાનમાં વધારો થવાની શરૂઆત થઈ ગઈ છે અને આગામી દિવસમાં તાપમાનમાં હજી વધારો અપેક્ષિત છે. બપોરના સમયે અનેક ઠેકાણે ગરમીનું મોજું ફરી વળવાની પણ શક્યતા છે. વાતવરણમાં ભેજનું પ્રમાણ ઓછું થવાનું હોવાથી હવામાન સૂકુંરહેશે. સમગ્ર રાજ્યમાં તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે ત્યારે મુંબઈમાં તાપમાનનો પારો છેલ્લા ચાર પાંચ દિવસથી ૩૦થી ૩૫ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. રવિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૩.૬ ડિગ્રી જેટલું નોંધાયું હતું. વિદર્ભના અમરાવતીમાં ૪૦.૮ ડિગ્રી, યવતમાળમાં ૪૦.૨ ડિગ્રી, વાશિમમાં ૩૯.૮ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૩૯.૨ ડિગ્રી, ચંદ્રપુરમાં ૩૮.૨ ડિગ્રી, બુલઢાણામાં ૩૮.૦ ડિગ્રી, ગોંદિયામાં ૩૭.૮ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. મરાઠવાડના પરભણીમાં ૪૦.૦ ડિગ્રી, નાંદેડમાં ૩૯.૪ ડિગ્રી, ઓસ્મનાબાદમાં ૩૯.૦ ડિગ્રી અને ઔરંગાબાદમાં ૩૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મધ્ય મહારાષ્ટ્રના માલેગાંવમાં ૪૦.૮ ડિગ્રી, સોલાપુરમાં ૪૦૦૬ ડિગ્રી, જેરુરમાં ૪૦.૦ ડિગ્રી, પુણેમાં ૩૮.૯ ડિગ્રી, સાંગલીમાં ૩૮.૭ ડિગ્રી, સતારામાં ૩૮.૪ ડિગી અને કોલ્હાપુરમાં ૩૭.૭ ડિગ્રી નોંધાયું હતું. તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં તાપમાનનો પારો ૩૩.૧ ડિગ્રી જેટલો નોંધાયો હતો. ■

# હોળીના દિવસે મુંબઈમાં જુદી જુદી ઘટનામાં ત્રણનાં મોત

## શીવડીમાં ખુલ્લી ગટરમાં પાંચ મજૂરો પડ્યા તેમાંથી એકનું મોત

## દહિસરમાં ૨૦ ફૂટ ઊંડા ખાડામાં એકનું ડૂબીને મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રવિવારે હોળીના દિવસે જુદા જુદા વિસ્તારોમાં બનેલી ઘટનામાં ત્રણના મૃત્યુ તો છ જણ જખમી થયા હતા, જેમાં શીવડીમાં ખુલ્લી ગટરમાં પાંચ મજૂરો પડી ગયા હતા, તેમાંથી એકનું મૃત્યુ થયું હતું. તો દહિસરમાં ૧૫થી ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ભરાયેલા પાણીમાં પડીને ડૂબી જવાથી બેના મૃત્યુ થયું હતું.

મલાડમાં શૌચાલયની ટાંકી સાફ કરતા સમયે ત્રણ કામગારોના થયેલા મૃત્યુની ઘટના હજી તાજી છે ત્યારે શીવડીમાં પણ આવી જ દુર્ઘટના બની હતી. જેમાં શીવડીમાં હાજી બંદર રોડ પર બોક્સ ડ્રેન (ગટર)નું કામકાજ ચાલી રહ્યું હતું એ દરમિયાન રવિવારે વહેલી સવારના ૨.૪૯ વાગ્યાની આસપાસ ખાનગી કૉન્ટ્રેક્ટરના પાંચ મજૂરો ગટરમાં પડી ગયા હતા. તેમાંથી એકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. તો એક મજૂરની હાલત ગંભીર હોઈ તે આઈસીયુમાં સારવાર હેઠળ છે. તો અન્ય ત્રણની હાલત સ્થિર છે.

શીવડીમાં ગડી બંદર નજીક એલ એન્ડ ટી ગેટ નંબર એક પાસે રુપજી કાંજી ચાલ પાસે પાલિકાના સ્ટોર્મ વોટરો ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા ગટરનું કામ કરવામાં આવી રહ્યું છે. આ કામ ખાનગી કૉન્ટ્રેક્ટર એક્યુટ ડિઝાઈન કૉન્ટ્રેક્ટરને આપવામાં આવ્યું છે. રવિવારે મજૂરો દ્વારા અહીં ગટરનું કામ કરવામાં આવી રહ્યું હતું. એ દરમિયાન વહેલી સવારના ૨.૪૯ વાગ્યાની આસપાસ ખુલ્લી ગટરમાં પાંચ મજૂરો પડી ગયા હતા. સ્થાનિક લોકો દોડી ગયા હતા અને પાંચેય મજૂરોને ગટરમાંથી બહાર કાઢ્યા હતા. તેમને તુરંત નજીક આવેલી કે.ઈ.એમ. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ગટરમાંથી બહાર કાઢેલા મજૂરોમાંથી ૧૯ વર્ષના મેહબુબ ઈસ્માઈલનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. તો ૨૫ વર્ષના સલીમની હાલત ગંભીર છે, તો ૨૨ વર્ષના શફાકુલ, ૩૫ વર્ષના કોરેમ અને ૩૦ વર્ષના મોસાલિન પર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની હાલત સ્થિર છે.

બીજો બનાવ દહિસરમાં અશોકવનમાં સુરજ પટેલ માર્ગ હનુમાન ટેકડી પાસે આવેલી જય મહારાષ્ટ્ર ખાણમાં બન્યો હતો. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ રવિવારે સાંજે છ વાગ્યાની આસપાસ ખાનગી જમીન પર આવેલી ખાણમાં ૧૫થી ૨૦ ફૂડ ઊંડા ખાડામાં બે લોકો પડી ગયા હતા. તેમાંથી ફાયરબ્રિગેડે ૫૦ વર્ષના મનોજ રામચંદ્ર સુર્વેને રોપ અને બાંબુ વગેરેની મદદથી બહાર કાઢ્યો હતો અને શતાબ્દી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જોકે સારવાર અગાઉ જ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. તો ૪૩ વર્ષના ચિંતામણી વરાંગેને ખાડામાંથી મોડે સુધી શોધ ચાલુ કર્યા બાદ છેક ૧૦.૩૦ વાગે તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો. ■

# ૧૯.૭૯ કરોડ રૂપિયાના કોકેઈન સાથે વિદેશી મહિલાની ધરપકડ

મુંબઈઃ શૅમ્પૂ અને મોઈશ્ચરાઈઝરની બૉટલ તેમ જ શૂઝમાં સંતાડીને લવાયેલું અંદાજે ૧૯.૭૯ કરોડ રૂપિયાનું કોકેઈન જપ્ત કરી ડિરેક્ટોરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) વિદેશી મહિલાની ધરપકડ કરી હતી. મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ડ્રગ્સની તસ્કરીની માહિતી મળતાં ડીઆરઆઈએ રવિવારે છટકું ગોઠવ્યું હતું. કેન્યાના નૈરોબીથી આવેલી મહિલાને શંકાને આધારે તાબામાં લઈ તેના સામાનની તપાસ કરવામાં આવી હતી. સિયેરા લિઓન ખાતે રહેતી મહિલાના સામાનમાં રાખેલાં શૂઝ, મોઈશ્ચરાઈઝરની બૉટલ, શૅમ્પૂની બૉટલ અને અન્ય વસ્તુઓ વજનદાર અને થોડી સખત જણાઈ હતી. આ વસ્તુઓની બારીકાઈથી તપાસ કરતાં તેમાં સફેદ પાઉડર ભરવામાં આવ્યો હોવાનું જણાયું હતું. ડીઆરઆઈના અધિકારીઓએ ચકાસણી કરતાં સફેદ પાઉડર કોકેઈન હોવાની ખાતરી થઈ હતી. મહિલા પાસેથી અંદાજે ૧૯.૭૯ કરોડ રૂપિયાનું ડ્રગ જપ્ત કરવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ધરપકડ કરાયેલી મહિલાને કોર્ટે અદાલતી કસ્ટડી ફટકારી હતી. ડ્રગ્સની તસ્કરીના આ રૅકેટની વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# તલવારથી હુમલો કરવા પ્રકરણે ત્રણ પકડાયા

થાણેઃ થાણેમાં નજીવા મુદ્દે થયેલા વિવાદમાં તલવારથી હુમલો કરી યુવકની હત્યાનો પ્રયાસ કરવા બદલ પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી. વાગળે એસ્ટેટ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ સક્ષમ બ્રિજેશ સિંહ ઉર્ફે ડૉન (૧૯), સાંઈનાથ વિજય ગવળી (૨૧) અને સોનુ ઉર્ફે બાબુ ભોલા શર્મા (૨૫) તરીકે થઈ હતી. જખમી કુણાલ હાપ્પન (૨૮) અને આરોપીઓ વચ્ચે નજીવી બાબતે વિવાદ થયો હતો. ગુસ્સામાં આરોપીઓએ રવિવારની રાતે નવ વાગ્યાની આસપાસ હાપ્પન પર તલવારથી હુમલો કર્યો હતો. જખમી યુવકને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિત આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# થાણેમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું હોળી સેલિબ્રેશન

થાણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે તેમના ગુરુ આનંદ દિઘેને આનંદ આશ્રમમાં શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ થાણેમાં હોળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન મુખ્ય પ્રધાન શિંદે એ લોકસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધન (ભાજપ, શિંદે જૂથ, અજિત પવાર જૂથ) વચ્ચે બેઠકની વહેંચણી બાબતે કાઇપણ બોલવાનું ટાળ્યું હતું. શિંદે એ કહ્યું હતું કે આજે માત્ર હોળી, રાજકારણ નહીં. અમે આજે ફક્ત હોળીના તહેવારનો આનંદ માણીશું. ■

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ત્રણ વાહનોનો અકસ્માત, દૂધના ટેન્કરચાલકનું મોત

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ત્રણ વાહન વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક દૂધના ટેન્કરને ટક્કર વાગતા ટેન્કરનું દૂધ રસ્તા પર ઢોળાઈ ગયું હતું. મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર રોજે હજારો વાહનની અવરજવર થાય છે અને વીકએન્ડ અને તહેવારોના દિવસોમાં તો સૌથી વધારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. રવિવારે બપોરે ૧૨ વાગ્યે ત્રણ વાહન વચ્ચે થયેલા અકસ્માતમાં ટેન્કરચાલકનું જગ્યા પર જ મૃત્યુ થયું હતું અને બીજા બે વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આમ છતાં સદનસીબે આ અકસ્માતમાં કારમાં સવાર બે જણનાં જીવ બચી ગયા હતા. આ ઘટનાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ઘાયલ લોકોને હૉસ્પિટલમાં દાખલ કરીને આપઘાત થયેલા ત્રણેય વાહનને રસ્તાની બાજુમાં કરીને ટ્રાફિકને રવાના કર્યો હતો. આ અકસ્માત બાબતે એક અધિકારીએ કહ્યું હતું કે પુણેથી એક દૂધનું ટેન્કર મુંબઈ જવા રવાના થયું હતું. આ ટેન્કર ખપોલીના ભોરઘાટથી નીચે ઊતરતી વખતે ડ્રાઇવરે લેન બદલતા તેણે સામેથી આવી રહેલી બે કારને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભીષણ હતો કે ટેન્કરચાલકનું જગ્યા પર જ મૃત્યુ થયું હતું અને દૂધ રસ્તા પર ઢોળાઈ જતાં માર્ગમાં ટ્રાફિક નિર્માણ થયો હતો. જોકે આ ટક્કરમાં કારમાં સવાર બે લોકોને ઇજા થઈ હતી અને બંને કારનો કચ્ચરઘાણો નીકળી ગયો હતો. અકસ્માતમાં જખમી થયેલા લોકોને તરત જ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાની માહિતી ખપોલી પોલીસને આપવામાં આવી હતી, ત્યાર બાદ પોલીસે અકસ્માતના ઠેકાણે પહોંચી ટેન્કરચાલકના મૃતદેહને તાબામાં લઈને અકસ્માત થયેલા ટેન્કર અને બે કારને રસ્તાની બાજુમાં મૂકી રસ્તા પરના ટ્રાફિકને ઓછી કરી હતી.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે હોળીના દિવસે મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં પણ પાંચ અકસ્માત થયા હતા જેમાં લગભગ ૧૦ લોકોના મોત થયા હતા. મેળઘાટમાં એક બાઇકને કારે ટક્કર મારતા બાઇક પર સવાર એક જ કુટુંબના ચાર વ્યક્તિનું મૃત્યુ થયું હતું. બીજા અકસ્માતમાં પણ મેળઘાટમાં એક એસટી બસ ખીણમાં પડી જવાની ઘટના બની હતી અને આ સાથે બડનેરામાં પણ એક બાઇક અકસ્માતમાં બે ભાઈઓનું મૃત્યુ થયું હતું, એવી માહિતી એક પોલીસ અધિકારીએ આપી હતી. ■

# ચેંબુરમાં ઘરની છત અને દીવાલ તૂટી પડતા એક મહિલા જખમી


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેંબુર (પૂર્વ)માં ગ્રાઉન્ડ પ્લસ એક માળની ચાલમાં રૂમની દિવાલ અને ઉપરની છત તૂટીપડતા ૩૦ વર્ષની એક મહિલા જખમી થઈ હોવાનો બનાવ સોમવારે બન્યો હતો.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ચેંબુરમાં સી.જી.ગીડવાણી માર્ગ પર એન.એસ. બિલ્ડિંગ નંબર સાત પાસે ગ્રાઉન્ડ પ્લસ એક માળની ચાલ આવેલી છે. સોમવારે સવારના લગભગ ૧૧ વાગ્યાની આસપાસ ચાલમાં રૂમ નંબર ૨૨૫ની દિવાલ સહિત તેના છતનો અમુક હિસ્સો તૂટીને નીચે પડ્યો હતો. તો અમુક હિસ્સો લટકતી હાલતમાં રહ્યો હતો.

છત તૂટી પડવાને કારણે ઘરમાં રહેતી ૩૦ વર્ષની રેણુકા નામની મહિલા જખમી થઈ હતી. તેને તુરંત ગોવંડીમાં આવેલી શતાબ્દી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તો ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને રૂમમાં છતનો અડધો લટકતી હાલતમાં રહેલા છતના હિસ્સાને તોડી પાડ્યો હતો. ■


દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન



જન્મ : ૧૭.૦૯.૧૯૩૫

અરિહંત શરણ : ૨૨. ૦૩. ૨૦૨૪

**સ્વ. શ્રી. કાંતિલાલ ભુરાલાલ ગાંધી**

" नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ "

(આ આત્માને શસ્ત્રોથી છેદી શકાતો નથી કે અગ્નિથી બાળી શકાતો નથી. જળ તેને ભીંજવી શકતું નથી, કે પવન તેને સૂકવી શકતો નથી. આત્મા અમર છે.)

અમારા કુટુંબ ના મોભી સ્વ. કાંતિલાલ ભુરાલાલ ગાંધી, ઉ. વર્ષ ૮૮, જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભુરાલાલ નેન્સીભાઈ ગાંધીના સુપુત્ર, સ્વ. ઈલાબેન ગાંધી ના પતિ તથા તે શ્રી. ભાવેશભાઈ, નીખિલભાઈ ના પિતાશ્રી, શ્રીમતી. લતાબેન, સ્મીતાબેન ના સસરાજી, તે ઋષભ, પ્રિયંકા, પ્રતીક ના દાદાશ્રી તથા વિવેક, વિદિશા, પલક ના દાદા સસરાજી, મિરાયા, સનાયા ના પરનાના શ્રી તથા ચી. અગસ્ત્ય ના પરદાદા શ્રી, તથા ચંદ્રેશભાઈ પારેખ, નિલેશભાઈ જોશી અને જયેશભાઈ સંઘવી ના મોટા વેવાઈ શ્રી તેઓ તા. ૨૨. ૦૩. ૨૦૨૪, શુક્રવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.

**પ્રાર્થના સભા :**

મંગળવાર, 26.03.2024 સમય : સાંજે 4.00 થી 6.00

સ્થળ : લાયન્સ કૉમ્યૂનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - 400077.

શોકાતુર પરિવાર : ગાંધી પરિવાર

વેલેટ પાર્કિંગ

KParth





feedback@bombaysamachar.com

## આરોગ્ય + પ્લસ

સ્મૃતિ શાહ-મહેતા

# કેવું અદ્‌ભુત છે આપણું શરીર!



**આ પણ વિધિની એક વક્રતા છે કે જે દરેક શ્વાસે-ઉચ્છવાસે આપણી સાથે સંકળાયેલી છે એવી આપણી જ કાયાથી કેટલા બધા અજાણ્યા છીએ! આવો, કુદરતની આવી વિસ્મયજનક ભેટને આપણે નજીકથી ઓળખી લઈએ**





માનવ શરીર એ ઈશ્વર સર્જિત હરતી- ફરતી કલાકૃતિ છે, જે આપણને ઈશ્વર જેવું કોઈ જરૂર છે, એવું માનવાને કારણ પૂરું પાડે છે.

આધુનિક વિજ્ઞાનને બ્રહ્માંડના ભેદ ઉકેલવામાં જેટલી સફળતા મળી છે, તેનાથી તસુભાર પણ વધુ સફળતા, શરીરના ભેદ ઉકેલવામાં મળી નથી!

આપણું આ શરીર, રચનાત્મક રીતે, અનેક કાર્યશીલ સૂક્ષ્મ એકમોનું બનેલું છે. જેને આપણે કોષ તરીકે ઓળખીએ છીએ. અંગ્રેજીમાં તેને 'સેલ' કહે છે. મકાનના ચણતરનો એકમ જેમ ઈંટ છે તેમ શરીરનો એકમ એટલે કોષ. શરીર આશરે ૧૦૦ પરાર્ધ (૧૦૦ X ૧૦૧૨ ) જેટલા કોષોનું બનેલું છે! આટલી મોટી સંખ્યાની ઈંટોમાંથી એક મહાનગરનું નિર્માણ થઈ શકે!

આવાં આ અદ્‌ભુત શરીરની ઉત્પત્તિ થાય છે કેવી રીતે?

આનો જવાબ શોધવામાં અને સમજવામાં સામાન્યજનને એક અવતાર પણ ઓછો પડે. આપણે તો એટલું સમજીએ કે, આ બધું કોષ, કોષકેન્દ્રમાં રહેલાં રંગસૂત્રો (ક્રોમોઝોમ) અને રંગસૂત્રોને વળગેલાં જીન્સ ના આધારે થતું આવે છે. શરીરની સર્જનાત્મક વિશિષ્ટતાઓનો આધાર કોષકેન્દ્રમાં રહલાં રંગસૂત્રો પર હોય છે. માણસની આંખનો રંગ, ચામડીનો રંગ, ચહેરો તથા શરીરનો ઘાટઘૂટ, અવાજ, સ્વભાવ જેવાં અનેક લક્ષણો આ રંગસૂત્રો પર અંકિત હોય છે અને તે જ પ્રમાણે શરીરની રચના થાય છે. તેથી જ તો કહ્યું છે કે, 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' .

આ તો ફક્ત શરીરના રંગ, રૂપ અને રચનાની વાત થઈ, પરંતુ માનવજીવન દરમિયાન થનારાં કેટલાક રોગ વિશેની માહિતી પણ આ રંગસૂત્રોમાં ગર્ભિત હોય છે. આજકાલ જિનેટિક વૈજ્ઞાનિકો રંગસૂત્રો (ક્રોમોઝોમ) અને તેમાંનાં જીન્સના ભેદ ઉકેલવામાં રાત- દિવસ એક કરે છે. તેથી જ તો 'જિનેટિક એન્જિનિયરિંગ'નામની એક નવી જ શાખા તબીબી વિજ્ઞાનમાં વિકાસ પામી રહી છે, જેના દ્વારા ભવિષ્યમાં કદાચ અસાધ્ય રોગની સારવાર શક્ય બને તો એક માનવ જાત પર વિજ્ઞાનના મોટામાં મોટા આશીર્વાદ હશે. નવા અવતરનાર બાળકના રંગ- રૂપ પણ મનપસંદ રીતે નક્કી કરવાનો અધિકાર માતા-પિતાને મળે તો નવાઈ નહીં પામતાં. આમ ઈચ્છિત ગુણધર્મોવાળા બાળકનું સર્જન માનવના હાથમાં આવે અને સર્જનહાર હાથ ઘસતા રહી જાય એવી ઘટના આવતી સદીમાં બને તો એને ચમત્કાર જ ગણાશે!

**અહીં શરીરની વાત આગળ વધારીએ તોઃ**

સ્ત્રીના દરેક કોષમાં ક્રોમોઝોમ (રંગસૂત્ર) હોય છે. તે કોષનું વિભાજન થતાં બે પ્રજનન કોષ બને છે, જે બંનેમાં એક એક ૐ ક્રોમોઝોમ હોય છે.

એ જ રીતે પુરુષના દરેક કોષમાં ક્રોમોઝોમ હોય છે, તેનું વિભાજન થઈ બે પ્રજનન કોષ બને છે. તેમાંના એકમાં X અને બીજામાં ક્રોમોઝોમ હોય છે. હવે આ વિભાજિત થયેલ પ્રજનન કોષોનું સંયોજન થતાં, સ્ત્રીના ૐ ક્રોમોઝોમવાળા કોષ, પુરુષનાં ક્રોમોઝોમવાળા કોષનું સંયોજન થાય તો xy વાળો કોષ બને, જે ફરીને સ્ત્રી બાળકની રચના કરે છે. પરંતુ જો સ્ત્રીનો X ક્રોમોઝોમવાળો કોષ પુરુષના ક્રોમોઝોમવાળા કોષ સાથે સંયોજન પામે તો xy ક્રોમોઝોમવાળો કોષ બને, જે પુરુષ બાળકની રચના કરે છે.

આ બે પ્રજનન કોષના સંયોજન દ્વારા બનેલ નવા કોષનું આરોપણ સ્ત્રીના ગર્ભાશયમાં થાય છે અને ત્યાં નવા બાળકની ઉત્પતિ શરૂ થાય છે. આ પ્રક્રિયામાં આ કોષનું વિભાજન શરૂ થાય છે. એ એક કોષમાંથી બે, બેમાંથી ચાર અને ચારમાંથી આઠ એમ થતાં અસંખ્ય કોષોનો સમૂહ ઉત્પન્ન થાય છે. કોષોના આ સમૂહમાંથી જરૂરિયાત પ્રમાણે અનેક પ્રકારના અંગો બને છે, જેમકે મગજ, હૃદય, કિડની વગેરે.

આપણા આ અદ્‌ભુત શરીરમાં પિચ્યુટરી, એડ્રીનલ, થાઈરોઈડ, પેરાથાઈરોઈડ, પેન્ક્રિયાઝ (સ્વાદુપિંડ) જેવી અંતઃસ્રાવી ગ્રંથિઓ આવેલી છે. આ ગ્રંથિઓમાંથી ઉત્પન્ન થતો રસ કે જે 'અંતઃસ્રાવ'ના નામે ઓળખાય છે તે ગ્રંથિમાંથી સીધો લોહીમાં ભળે છે અને લક્ષિત અવયવ સુધી પહોંચી તેને સોંપવામાં આવેલું કાર્ય કરે છે. આવા અંતઃસ્રાવો શરીરના આંતરિક કાર્યોનું નિયમન કરે છે. અંગ્રેજી ભાષામાં અંતઃસ્રાવોને હોર્મોન્સ કહે છે. હોર્મોન્સની શરીર માટે જરૂરી એવી નિશ્ચિત માત્રામાં જરા સરખી પણ વધઘટ થાય તો આખા શરીરનો બૌદ્ધિક, માનસિક અને લૈંગિક વિકાસ ખોરંભે પડે છે કે ફંટાઈ જાય છે.

### આ દેહ દેવાલય શું છે

રાજસ્થાનની 'નારાયણ સેવા સંસ્થા' ને દેશનો સૌપ્રથમ વિશાળ હ્યુમન એનેટોમી પાર્ક બનાવ્યો છે. જેનું નામ 'દેહ દેવાલય' છે. અહીં શિલ્પીઓએ શરીરનાં વિવિધ અંગોનું ફાઈબરમાંથી સર્જન કર્યું છે. આ વિરાટકાય શિલ્પના મોઢામાં બાળકો પ્રવેશે એટલે મોંની અંદરની રચના બાળકો જાણી શકે છે. તે જ રીતે કાનમાં પ્રવેશી કાનની રચના અને અન્ય અંગોનું નિરીક્ષણ કરી શકે છે!

આપણું શરીર ખરેખર આ પંચમહાભૂતોનું બન્યું છે!

શરીરમાં જમીન-જળ-વાયુ-અગ્નિ અને આકાશ એવાં પંચતત્ત્વ આવેલાં છે.

(૧) જમીન : જમીનની માફક શરીરના બંધારણમાં ખનિજક્ષારો આવેલાં છેઃ કાર્બન-૧૮%, હાઈડ્રોજન-૧૦%, નાઈટ્રોજન-૩.૦%, ફોસ્ફરસ-૧.૧%, કેલ્શિયમ-૨.૦%, પોટેશિયમ-૦.૩૫%, સલ્ફર-૦.૨%, સોડિયમ-૦.૧૫%, ક્લોરિન-૦.૧૫%, મેગ્નેશિયમ-૦.૦૫%, આયર્ન-૦.૦૦૪%.

(૨) જળ : શરીરમાં ૬૦-૭૦% જેટલો હિસ્સો પાણીનો હોય છે. આપણી ત્વચાની કોમળતા પાણીને આભારી હોય છે. શરીરમાં આશરે ૬ લિટર જેટલું લોહી હોય છે અને લોહીમાં પણ અધિકાંશ પાણી જ હોય છે.

(૩) વાયુ : શરીરમાં પોલાણો/અવકાશ પણ આવેલાં છે, જેમ કે, જઠરનું પોલાણ, આંતરડાનાં પોલાણ વગેરે. આ પોલાણોમાં વાયુઓ વિચરે છે. મનુષ્ય આશરે દરરોજ ૪૫૦ ઘનફૂટ વાયુ એટલે કે ઓક્સિજન શ્વસે છે.

(૪) આકાશ : શરીરમાં અવકાશ પણ આવેલાં છે. જઠરનું અવકાશ, સાઈનસના પોલાણો, આંતરડાંનાં પોલાણનાં અવકાશ વગેરે.

(૫) અગ્નિ : ચયાપચયની ક્રિયા દ્વારા શરીરમાં અગ્નિ પેદા થાય છે, જે શરીરને જીવંત અને કાર્યશીલ રાખે છે. શરીરનું સામાન્ય ઉષ્ણતામાન ૯૮.૬ હોય છે, જે વધીને ૧૦૬ સુધી જઈ શકે છે. આ ઉષ્ણતામાન જો ૯૬ થી નીચે જાય તો શરીર મૃત્ય તરફ ધકેલાય છે.

**આવી છે શરીર રચનાની સૂક્ષ્મતા ને ભવ્યતા...**

* શરીરમાં ૨૧૩ હાડકાં હોય છે. ( આ સંખ્યા વિશે મતભેદ છે)
* મનુષ્યનાં હાડકાં ગ્રેનાઈટ પથ્થર જેટલું જ મજબૂત બંધારણ ધરાવે છે. માત્ર દીવાસળીની પેટી જેવડો હાડકાંનો ટુકડો ૯ (નવ) ટન વજન ખમી શકે છે!
* શરીરમાં ૫૦૦ કરતાં વધારે સ્નાયુ હોય છે.
* પુરુષના હૃદયનું વજન આશરે ૩૫૦ ગ્રામ અને સ્ત્રીના હૃદયનું વજન આશરે ૨૨૫ ગ્રામ હોય છે.
* શરીરની બધી જ રક્તવાહિનીઓની કુલ લંબાઈ ૯૬૫૪ કિલોમીટર જેટલી માનવામાં આવે છે.
* શરીરના એક ચોરસ ઈંચમાં ૧૦૦૦૦ કેશવાહિનીઓ હોય છે.
* આખા શરીરમાં કુલ ૩૦ લાખ પ્રસ્વેદ ગ્રંથિઓ છે.
* માનવ શરીરમાં ૯૦૦૦ સ્વાદકલિકા હોય છે.
* મનુષ્યના શરીરનું સૌથી મોટું અંગ તેની ચામડી છે.
* મનુષ્યના માથામાં એક લાખ જેટલા વાળ હોય છે. એક મહિનામાં ૧થી ૨ સેન્ટિમીટર જેટલા વાળનો વિકાસ થાય છે.
* મનુષ્યના નખ દર ત્રણ મહિને ૧ સેન્ટિમીટર .જેટલા વધે છે.
* માણસને જોરદાર છીંક આવે ત્યારે નાકમાંથી

(જુઓ પાનું ૬) ▶▶

---

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ



**યોગ મટાડે મનના રોગ**

# રાજયોગ એક વિકસિત અને સમૃદ્ધ તત્ત્વજ્ઞાન - મનોવિજ્ઞાન

(ગતાંકથી ચાલુ)

### ૫. રાજયોગ

રાજયોગ એટલે પતંજલિ - પ્રણીત અષ્ટાંગયોગ. રાજયોગનું પોતાનું એક વિકસિત અને સમૃદ્ધ તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન છે, જેનો વિચાર આપણે આગળ કરીશું. અહીં આપણે રાજયોગના સાધનપથનો અર્થાત્ અષ્ટાંગયોગનો વિચાર કરીશું.

હઠયોગ પ્રાણજય દ્વારા ચિત્તજયની સાધના છે. રાજયોગ ચિત્તજય દ્વારા પ્રાણજયની સાધના છે. આપણે પ્રારંભમાં જ નોંધી ગયા છીએ કે ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય, તે યોગ છે.

**(यो. सू.: १-२/३)**

પરંતુ આ ચિત્તવૃત્તિનિરોધ સાધવો કેમ ? તે માટેનો જે સાધનપથ તે જ રાજયોગ કે અષ્ટાંગયોગ.

હવે આપણે ભગવાન પતંજલિએ 'યોગસૂત્ર'માં દર્શાવેલ આ અષ્ટાંગયોગને સંક્ષેપમાં સમજીએ.

**(૧) યમઃ** - અહિંસા - મન, વાણી અને કર્મથી કોઈ જીવને દુઃખ ન દેવું તે અહિંસા છે.

- સત્ય - અધ્યાત્મ સત્યની શોધ છે. અસત્યને માર્ગે સત્યને પામી શકાય નહીં. સાધક મન, વચન અને કર્મથી સત્યનું પાલન કરે તે આવશ્યક છે.

* અસ્તેય - અસ્તેય એટલે ચોરી ન કરવી તે.
* બ્રહ્મચર્ય - આચાર અને વિચાર દ્વારા સર્વ ઈન્દ્રિયોનો સંયમ તે બ્રહ્મચર્ય છે.
* અપરિગ્રહ - અપરિગ્રહ એટલે સંગ્રહવૃત્તિનો ત્યાગ.

**(૧) નિયમઃ** * શૌચ - શૌચ એટલે સ્વચ્છતા અને પવિત્રતા. આંતર અને બાહ્ય બંને શૌચ આવશ્યક છે.

* સંતોષ જે છે તેનાથી પ્રસન્ન રહેવું તે સંતોષ છે.
* તપ - તપ એટલે તિતિક્ષાયુક્ત સંયમી સાધનપરાયણ જીવનપદ્ધતિ.
* સ્વાધ્યાય - સ્વાધ્યાય એટલે શાસ્ત્રોનું અધ્યયન.
* ઈશ્વરપ્રણિધાન - ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વરને સમર્પણ.

**(૩) આસનઃ**

स्थिरसुखमासनम् ।

- यो. सू.: २-४६

(શરીરની) સુખપૂર્વકની સ્થિર અવસ્થાને આસન કહે છે.

પતંજલિની આસનની આ વ્યાખ્યાથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે રાજયોગના આસનનું સ્વરૂપ હઠયોગના આસનના સ્વરૂપથી ભિન્ન છે. હઠયોગમાં અનેકવિધ કઠિન આસનોનો પણ સમાવેશ થાય છે. રાજયોગમાં સિદ્ધાસન, પદ્માસન આદિ ધ્યાનોપયોગી આસનોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**(૪) પ્રાણાયામઃ** શ્વાસોચ્છ્વાસની સામાન્ય ગતિમાં પરિવર્તન કરીને કુંભક સિદ્ધ કરવો તેને પતંજલિ પ્રાણાયામ કહે છે. કુંભક ચાર પ્રકારના છે - બાહ્યકુંભક, આંતર કુંભક, સ્તંભવૃત્તિ અને કેવલકુંભક.

પ્રાણાયામના અભ્યાસથી ચિત્તની જ્ઞાનવૃત્તિ પર ચડેલાં આવરણો નષ્ટ થાય છે, જ્ઞાનની કળા ખીલે છે અને ધારણા વગેરે ઉચ્ચ યોગાભ્યાસ માટે ચિત્તની યોગ્યતાનું નિર્માણ થાય છે.

**(૫) પ્રત્યાહારઃ** જ્યાં સુધી સાધકનું ચિત્ત બાહ્ય જગતના વિષયોમાં રમમાણ હોય છે, ત્યાં સુધી તે અધ્યાત્મપથ પર યથાર્થ પ્રગતિ કરી શકતો નથી. આપણાં ચિત્તનો વિષય સાથેનો સંપર્ક ઈન્દ્રિયો દ્વારા થાય છે. ઈન્દ્રિયો સામાન્ય સ્વરૂપે વિષયોન્મુખ હોય છે. જ્યારે આ સામાન્ય પ્રક્રિયા ઊલટી બને અને ઈન્દ્રિયો વિષયોન્મુખ મટીને ચિત્તસ્વરૂપાકાર ધારણ કરે ત્યારે પ્રત્યાહારની અવસ્થા સિદ્ધ થાય છે અને સાધક માટે ધારણા, ધ્યાન, સમાધિ આદિ અંતરંગ યોગની સાધનાનો માર્ગ મોકળો બને છે.

પ્રાણાયામ, પ્રણવ, જપ, આદિ સાધનના અભ્યાસથી સાધકની વૃત્તિ અંદર વળવા માંડે છે. ઈન્દ્રિયો વિષયોમાંથી પાછી હટે છે. વૃત્તિઓને અંદર વાળવાનો અભ્યાસ વિકસતાં પ્રત્યાહાર વિકસે છે. અંદરના શાંતિ અને આનંદનો અનુભવ થતાં બાહ્ય વિષયો ફિક્કા લાગે છે અને પ્રત્યાહાર સિદ્ધ થાય છે.

યમ, નિયમ, આસન અને પ્રાણાયામ તે બહિરંગ સાધન છે. ધારણા, ધ્યાન અને સમાધિ અંતરંગ સાધન. પ્રત્યાહાર બંનેને જોડતી વચલી કડી સમાન છે. પ્રત્યાહાર અંતરંગ યોગમાં પ્રવેશવા માટેનું દ્વાર છે.

પ્રત્યાહાર સિદ્ધ થતાં સાચો ઈન્દ્રિયસંયમ સિદ્ધ થાય છે.

**(૬) ધારણાઃ** देशबन्धश्चित्तस्य धारणा ।

- यो. सू.: ३-१

''ચિત્ત કોઈ એક વિષય પર સ્થિર થાય તે અવસ્થાને ધારણા કહે છે.''

સામાન્ય સ્વરૂપે માનવનું ચિત્ત ચંચળ હોય છે અને અનેક વિષયો પર ફરતું રહે છે. આ પ્રક્રિયાનો અંત આવે અર્થાત્ અન્ય વિષયોનો ઈનકાર કરતાં-કરતાં જ્યારે સાધકનું ચિત્ત પોતાના ઈષ્ટ વિષય પર સ્થિર થાય ત્યારે તે અવસ્થાને ધારણા કહે છે.

ધારણા માટેના વિષયો પાંચ પ્રકારના હોય છે.

* બાહ્ય - ઈષ્ટદેવની મૂર્તિ, ચિત્ર વગેરે.
* મનોમય - બાહ્ય વિષયો જ ધારણા વિકસતાં મનોમય સ્વરૂપ ધારણ કરે છે.
* સ્વશરીર પર - નાસાગ્ર ભ્રૂમધ્ય વગેરે.
* શરીરાન્તવર્તી - હૃદય, આજ્ઞાચક્ર વગેરે.
* અતીન્દ્રિય અનુભવો - નાદશ્રવણ, જ્યોતિદર્શન, દિવ્યસ્પર્શ વગેરે.

**(૭) ધ્યાન : तत्र प्रत्यैकतानता ध्यानम्।**

**- यो.सू. : ३-२**

''ત્યાં (ધ્યાન માટે પસંદ કરાયેલ વિષય અર્થાત્ ધ્યેય પ્રત્યે) પ્રત્યયની એકતાનતા એટલે ધ્યાન.''

ચિત્તની સામાન્ય અવસ્થામાં ચિત્તના પ્રત્યય ભિન્નભિન્ન વિષયો પરત્વે બદલાતા રહે છે. ધારણામાં સાધક કોઈ એક વિષય પર એકાગ્ર બને છે. આમ છતાં ધારણામાં અન્ય વિષયના પ્રત્યયનો સદંતર અભાવ નથી. ધારણામાં સાધક સામાન્ય મનઃસ્થિતિની જેમ અન્ય વિષયોમાં ઘસડાતો નથી. સાધક પોતાની એકાગ્રતા જાળવી શકે છે અને અન્ય વિષયને ટાળવા સક્ષમ બને છે, છતાં વિક્ષેપોનો તેમાં સર્વથા અભાવ નથી.

જ્યારે અન્ય વિષયોના પ્રત્યયનો સદંતર અભાવ સિદ્ધ થાય અને ધ્યેયવિષય પ્રત્યે પ્રત્યયની એકતાનતા સિદ્ધ થાય ત્યારે તે અવસ્થાને ધ્યાન કહે છે.

**(૮) સમાધિઃ** ધ્યાનમાં સાધકની અન્યવિષયશૂન્યતા અને સ્વવિષય-એકાગ્રતા સિદ્ધ થાય છે. પરંતુ ધ્યાનાવસ્થામાં પણ સ્વકેન્દ્રી ચેતના (self-consciousness)નો અભાવ નથી. આ સ્વકેન્દ્રી ચેતના જ વિષય-વિષયી (subject-object)ના દ્વૈતનું કારણ છે. જ્યારે આ સ્વકેન્દ્રી ચેતના વિલીન થાય ત્યારે સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. આ જ હકીકત '**स्वरूपशून्यमिव**' શબ્દથી સૂચિત કરવામાં આવે છે.

સમાધિ-અવસ્થા દરમિયાન ચિત્તવૃત્તિઓનો સર્વથા નિરોધ થાય છે અને સાધક પોતાના આત્મસ્વરૂપ સાથે એકાકાર બની જાય છે.

સમાધિમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી વિલીન થાય છે. સમાધિમાં બાહ્ય જગત સાથેનો સંપર્ક અને બાહ્ય જગતનું ભાન લુપ્ત થાય છે, પરંતુ આંતરિક જાગૃતિ પૂર્ણતઃ રહે છે, યથાર્થ સમાધિની આ કસોટી છે.

'યોગસૂત્ર'માં ભગવાન પતંજલિએ સમાધિનાં અનેકવિધ સ્વરૂપોની સમજણ આપી છે.

સંપ્રજ્ઞાત સમાધિ - અસંપ્રજ્ઞાત સમાધિ - સબીજ સમાધિ - નિર્બીજ સમાધિ - ધર્મમેઘ સમાધિ - કૈવલ્ય - આવો સોપાનક્રમ છે. આ ક્રમને જ ઉચ્ચતર અંતરંગ યોગ કહે છે.

કૈવલ્ય યોગનું પરમ પ્રાપ્તવ્ય છે, જે સમાધિના દીર્ઘ અભ્યાસથી સિદ્ધ થાય છે.

**૬. ઉપસંહારઃ** યોગનો અભ્યાસ ત્રણ દૃષ્ટિકોણથી થઈ શકે છે.

**(૧) આધ્યાત્મિક દૃષ્ટિકોણઃ** આ દૃષ્ટિકોણ યોગાભ્યાસનો પ્રધાન, કેન્દ્રસ્થ અને મૂળભૂત દૃષ્ટિકોણ છે. આ દૃષ્ટિકોણ પ્રમાણે કૈવલ્યપ્રાપ્તિ જ યોગાભ્યાસનો હેતુ છે.

**(૨) માનસિક દૃષ્ટિકોણઃ** આ દૃષ્ટિકોણના ત્રણ સ્વરૂપો છે.

(i) મનના સામર્થ્ય અને કાર્યક્ષમતાના વિકાસ માટે.
(ii) મનના સ્વાસ્થ્યની જાળવણી માટે.
(iii) માનસિક રોગોની ચિકિત્સા માટે.

**(૩) શારીરિક દૃષ્ટિકોણઃ** આ દૃષ્ટિકોણના ત્રણ સ્વરૂપો છે.

(i) શરીરના સામર્થ્ય અને કાર્યક્ષમતાના વિકાસ માટે.
(ii) શરીરના સ્વાસ્થ્યની જાળવણી માટે.
(iii) શારીરિક રોગોની ચિકિત્સા માટે.

આપણે યોગના બે અર્થો જોયા છે.

(૧) વ્યાપક અર્થમાં યોગ એટલે પરમ સત્યની પ્રાપ્તિનો પથ. આ અર્થમાં કોઈ પણ અધ્યાત્મપથ યોગ જ ગણાય.

(૨) પરંપરાગત અને વ્યવહારગત અર્થમાં યોગ એટલે હઠયોગ, રાજયોગ અને તેમના સમન્વયમાંથી નિષ્પન્ન થયો સાધનપથ.

હવે પછીની આપણી વિચારણામાં આપણે બે મુદ્દાઓ દૃષ્ટિ સમક્ષ રાખવાના છે.

(૧) આપણે આ ગ્રંથમાં એ શોધવાનો અને નિર્ધારિત કરવાનો પ્રયત્ન કરીશું કે યૌગિક સાધનનો ઉપયોગ મનના સ્વાસ્થ્યની જાળવણી માટે અને મનના રોગોની સારવાર માટે કેવી રીતે કરી શકાય?

(૨) આપણે અહીં યોગના દ્વિતીય અર્થનો સ્વીકાર કરીએ છીએ. અર્થાત્ યોગ એટલે હઠયોગ, રાજયોગ અને તેમના સમન્વયમાંથી નિષ્પન્ન થતી સાધનપદ્ધતિ.

આ નિષ્કર્ષને આપણે ટૂંકમાં આ રીતે મૂકશું, જે હવે પછીની વિચારણા દરમિયાન આપણો પ્રધાન માર્ગદર્શક સિદ્ધાંત છેઃ

''યૌગિક સાધનાનો ઉપયોગ મનઃસ્વાસ્થ્ય અને માનસચિકિત્સા માટે કેવી રીતે કરવો, તે શોધી કાઢવાનો આપણો હેતુ છે.'' ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Hybrid | પાંખડી |
| Horticulture | વર્ણસંકર |
| Nectar | કાંટો |
| Petal | બાગાયતી |
| Prickle | મધુર રસ |

## ઓળખાણ પડી?

હડકાયો શ્વાન બટકું ભરવાથી લોહિયાળ ઘા થયા બાદ કઈ રસી - વેક્સિન લેવી જરૂરી છે એ જણાવશો? રસી ન લેવાથી મોટી તકલીફ આવી પડે છે.



અ) આરએનએ બ) ન્યુમોકોકલ ક) રેબિઝ ડ) ડીટીપી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ નુ | કૂ | ૩ લ | | ૪ આ | જ્ઞા | ૫ પા | લ | ૬ ન |
| ૭ ના | ક | | ૮ ખ | ૯ સ | મ | | ગ | | જ |
| ૧૦ મિ | સા | ૧૧ લ | | હ | | | ૧૨ લ | કી | ર |
| ૧૩ કા | ન | સ | | ૧૪ ન | ૧૫ વ | લ | ખા | | અં |
| | ૧૬ કા | બ | ર | | ન | | ૧૭ ના | ૧૮ લં | દા |
| ૧૯ દ | ર | સ | | ૨૦ સં | મા | ન | | ૨૧ ગ | જ |
| ૨૨ શા | ક | | ૨૩ સં | ભા | ળી | | ૨૪ ભ | ર | |
| વ | | ૨૫ બે | ઘ | ર | | ૨૬ ફા | યા | | ૨૭ અ |
| તા | | પ | | ણાં | | ૨૮ ન | વ | ૨૯ કા | ર |
| ૩૦ ર | ત્ના | ગા | ર | | ૩૧ અ | સ | હ | કા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | ૫ |
| | | | | ૬ | | | | | |
| | | ૭ | ૮ | | | ૯ | | ૯/અ | |
| ૧૦ | | | | | ૧૧ | | | | |
| | | ૧૨ | | ૧૩ | | | | ૧૪ | ૧૪અ |
| | ૧૫ | | ૧૬ | | | | ૧૭ | | |
| ૧૭અ | | ૧૮ | | | ૧૯ | | | | |
| ૨૦ | ૨૧ | | | ૨૨ | | | | | |
| ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | ૨૬ | |
| ૨૭ | | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. પ્રવાસ, યાત્રા (૪)
૩. જોશથી કરાતો કામનો ઉકેલ (૫)
૬. વારા પછી ----, મારા પછી તારો (૨)
૭. નાળું, નાનો વહેળો (૩)
૯. યુદ્ધભૂમિ (૪)
૧૦. પ્રવાહીની પાતળી ધારા - શેડ (૨)
૧૧. ઉનાળામાં ---- પર સૂવાની મજા આવે (૨)
૧૩. વમળ, ઘુમરી, ચકરી (૩)
૧૪. વીતી ગયેલું (૨)
૧૫. રજા માટેની ચિઠ્ઠી (૪)
૧૭. કટિ, કેડ (૩)
૧૮. ફળિયું (૨)
૧૯. ખરાબ કર્મ (૩)
૨૦. નવ પછી અને અગિયાર પહેલાં આવે (૨)
૨૨. ---- આવીને 'આજ' બની જાય (૨)
૨૩. માટી (૨)
૨૫. જોરદાર વરસાદ વરસે (૪)
૨૭. બધે રખડ્યા કરનાર (૫)
૨૮. વાંદરો, કપિ (૩)

**ઊભી ચાવી**

૧. સાંબેલાધારે વરસાદ વરસે (૫)
૨. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ (૩)
૩. દૂર્વા, ધુરી, ઊંડો પાણીનો ખાડો (૨)
૪. ત્રાગાં (૩)
૫. ટાંચણ, ટૂંક નોંધ, નાની ટીકા (૩)
૬. પાણીથી ફેલાતો રોગ, તાર (૨)
૮. ધોરણ (૨)
૯. ઘેટાં-બકરાં ચરાવનાર (૩)
૯-અ. સૂઝ, સમજણ, જ્ઞાન (૪)
૧૧. પવિત્ર સ્થાન, ભગવાનનું રહેઠાણ (૨)
૧૨. હિંમત, મગદૂર (૩)
૧૩. ઈંટ પકવવાનો ચૂલો (૨)
૧૪-અ. પક્ષ લેનાર, તરફેણ કરનાર (૫)
૧૬. જંગલી હિંસક પ્રાણી (૨)
૧૭. કર્મનું બંધન (૫)
૧૭-અ. યાદ રહી જાય એવું (૪)
૧૯. કુટુંબ, વંશ, ગોત્ર (૨)
૨૧. લાજ, લજ્જા (૩)
૨૪. રાજમાન, રાજશ્રી (૨)
૨૫. પગ મને ---- દો રઘુરામ (૨)
૨૬. કામદેવ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કાળ પડે ત્યારે કોદરા મોંઘા' કહેવતમાં કોદરાનો અર્થ જણાવો. કપરા સમયમાં વધતી મોંઘવારી આ કહેવતનો ભાવાર્થ છે.

અ) કોલસા બ) ખડધાન્ય ક) કાથો ડ) મીઠાઈ

## માતૃભાષાની મહેક

તલનો એક અર્થ નરકસ્થાન પણ થાય છે. તેના સાત પ્રકાર છે: અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ. વિરાટદેહના કેડથી નીચેના ભાગમાં સાત તલ નરકસ્થાન છે. સાત તલ આ પ્રમાણે છે: કેડ નીચ અતલ, ઉર એટલે સાથળ નીચે વિતલ, જાનુ નીચે સુતલ, જાંઘ નીચે તલાતલ, ઘૂંટી નીચે મહાતલ, પગમાં રસાતલ અને પગના તળિયા નીચે પાતાલ એમ જુદાં જુદાં સ્થાનો રહેલાં છે.

## સુડોકુ-૫૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૨ | | ૮ | | ૭ | |
| ૩ | | | ૬ | ૪ | | | | |
| ૪ | ૧ | | | | | | | |
| | | ૪ | | | | | ૨ | ૬ |
| ૭ | | | | | | | | ૫ |
| ૨ | ૮ | | | | | ૧ | | |
| | | | | | | | ૩ | ૭ |
| | | | | ૯ | ૨ | | | ૪ |
| | ૬ | | ૪ | | ૩ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૩ | ૮ | ૬ | ૧ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૬ | ૯ | ૫ | ૩ | ૮ | ૭ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૪ | ૮ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૮ | ૯ | ૩ | ૬ | ૨ | ૫ | ૪ |
| ૬ | ૪ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૭ | ૯ |
| ૧ | ૭ | ૯ | ૪ | ૬ | ૨ | ૫ | ૩ | ૮ |
| ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૯ | ૧ | ૪ | ૨ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ દર્દી સ્કિઝોફ્રેનિયાથી પીડાય છે એમ જો કોઈ ડોક્ટર દ્વારા નિદાન કરવામાં આવે તો એ દરદીની તકલીફનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આંતરડું બ) ત્વચા ક) મગજ ) ઘૂંટણ

## ઈર્શાદ

રૂપ કેફી હતું, આંખો ઘેલી હતી ને હથેળીમાં એની હથેળી હતી,
મન મહેકતું હતું, ભીનાં કંપન હતાં, એની સાથે મુલાકાત પહેલી હતી.

-- શોભિત દેસાઈ

## માઈન્ડ ગેમ

અહીં આપેલી બધી સંખ્યા ધ્યાનથી જુઓ અને એનો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હશે એ જણાવો.

૭, ૧૬, ૨૭, ૪૦, ૫૫, ૭૨, -----

અ) ૭૮ બ) ૮૪ ક) ૯૧ ડ) ૯૫

## ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| છાંટવું | SPRINKLE |
| ચાસણી | SYRUP |
| લોહીનું ગંઠાવું | CLOT |
| રક્તસ્ત્રાવ | HEMORRHAGE |
| દંતરોગ | PYORRHOEA |

**માઈન્ડ ગેમ**
૧૪૧

**ઓળખાણ પડી?**
જીનીવા

**ગુજરાત મોરી મોરી રે**
ગળું

**ચતુર આપો જવાબ અર્થ જણાવો**
પતિ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ, (૨) સુભાષ મોમાયા (૩) મૂળરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) નીતા દેસાઈ (૬) શ્રદ્ધા આશર (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભારતી પ્રકાશ કટકિયા (૯) નિખીલ બંગાળી (૧૦) અમીશી બંગાષી (૧૧) ધીરેન્દ્ર ઉદ્દેશી (૧૨) વિભા મહેશ્વરી(૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) શિલ્પા શ્રોફ (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) મહેન્દ્ર લોઢાવીયા (૧૭) મીનળ કાપડિયા (૧૮) હર્ષા મહેતા (૧૯) પ્રવીણ વોરા (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) અબ્બદુલ્લા એફ. મુનીમ (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) વિજય આશર (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) ભાવના કર્વે (૨૮) સુરેખા દેસાઈ (૨૯) મનીષા શેઠ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વીણા સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હીના દલાલ (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) અરવિંદ કામદાર (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નંદકિશોર સંજાણવાળા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ફાલ્ગુની શેઠ (૪૩) નિતીન બજરિયા (૪૪) પુષ્પા ખોના (૪૫) દિલીપ પરીખ (૪૬) અંજુ ટોલીયા (૪૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૮) અલકા વાણી (૪૯) યોગેશભાઈ આર. જોશી

## આરોગ્ય પ્લસ (પાંચમાં પાનાનું ચાલુ)

ફેંકાતી હવાના દબાણની ઝડપ ૧૬૦ માઈલ હોય છે.

**દૃષ્ટિ એટલે કે આંખ....**

મનુષ્યની આંખમાં દુનિયાની સાત નહીં , પણ સાત લાખ અજાયબી છુપાયેલી છે.

* આંખનો પલકારો દર બેથી દસ સેકંડે થતો હોય છે, અને ૦.૩,થી ૦.૪ સેકંડ ચાલતો હોય છે. માણસ

દર કલાકે ૧૮૦થી ૩૬૦ વાર પાંપણ પટપટાવે છે. આપણી જાગૃતિના સમયમાંથી લગભગ અડધો કલાક આંખને પલકારવામાં વીતે છે. જન્મ પછીના શરૂઆતના મહિનાઓમાં બાળક આંખના પલકારા મારતું નથી...!

* આંખની ખુલ્લી સપાટી હલનચલનની નોંધપાત્ર સ્વતંત્રતા ધરાવે છે. આંખનો ગોળો ૩૫ અંશના ખૂણે ઉપરના દિશામાં, ૫૦ અંશ નીચેની તરફ, ૪૫ અંશ બહારની દિશામાં અને ૫૦ અંશ નાકની દિશામાં ફરી શકે છે.

* આપણા દૃષ્ટિજ્ઞાન નો આધાર આપણી જાણકારી અને જ્ઞાનના સ્તર પર ઘણે અંશે આધાર રાખે છે. તેથી એવી કહેણી છે કે, મનને જેની જાણકારી હોતી નથી તે આંખો કદાપિ જોઈ શકતી નથી.

ઉદાહરણ તરીકે, ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ મેઘધનુષ્યના તમામ રંગ પારખી શકતા નથી, કેમ કે એમને માત્ર ચાર જ રંગની જાણકારી અને તેનાં નામ આવડતાં હોય છે!

* તમામ સજીવોમાં એક માત્ર મનુષ્ય જ લાગણીઓનો ઊભરો પેદા થાય તો આંસુ સારી શકે છે.

* નાનું બાળક તેની આંખથી ૩ ઈંચના અંતરે રહેલા પદાર્થને જોવા માટે બન્ને આંખને નાકની દિશામાં અંદરની તરફ વાળી શકે છે, જ્યારે વ્યક્તિ ૩૦ વર્ષની ઉંમરે પહોંચે ત્યાં સુધીમાં સાડા પાંચ ઈંચના

અંતરે રહેલી ચીજ તરફ આંખને કેન્દ્રીત કરી શકે છે.

**ગંધ... નાક**

માણસના શરીરની ગંધ પણ તેની આંગળીઓની છાપની માફક વિશિષ્ટ અને આગવી હોય છે.

પોલીસનાં કૂતરાંઓ સમરૂપ જોડિયાં બાળકોનાં શરીરની ગંધ વચ્ચે ભેદ પાડી શકતા નથી. પછી ભલે બન્ને જોડિયા વ્યક્તિઓ અલગ સ્થાનમાં વસતા હોય, અલગ કામ કરતા હોય અને ભિન્ન ખોરાક ખાતાં હોય.

એ ઉપરાંત , ગંધ સ્મરણ શક્તિ સાથે પણ સંકળાયેલ છે તેથી અમુક પરિચિત ગંધ આપણા મનમાં લાગણી અને પુરાણી યાદોના તીવ્ર પ્રતિભાવ પેદા કરે છે. આપણું મગજ સ્વાદ અને ગંધ પ્રત્યે એક સાથે ધ્યાન આપતું હોય છે, તેથી આપણને શરદી થઈ હોય ત્યારે ખોરાક પ્રત્યેની રુચિ નાશ પામે છે , કારણ કે તેની ગંધ મગજ પારખી શકતું નથી.

**સ્વાદ... જીભ**

પુખ્ત વ્યક્તિની જીભ પર સરેરાશ ૯૦૦૦ જેટલી સ્વાદગ્રંથિઓ હોય છે, જ્યારે નાનાં બાળકોમાં તેનાથી અનેકગણી વધારે. બાળકોને ગાલના અંદરના ભાગમાં પણ સ્વાદગ્રંથિઓ હોય છે. તેથી જ તેઓ જલદ સ્વાદ પ્રત્યે ઉગ્ર પ્રતિભાવ આપતાં હોય છે. જેમ જેમ આપણી ઉંમર વધતી જાય તેમ તેમ સ્વાદગ્રંથિઓ ઘસાઈને નાશ પામે છે.

મોંના કેન્સરના વહેલા નિદાન માટે આજકાલ સંશોધન ચાલી રહ્યાં છે જેમાં વ્યક્તિના સ્વાદ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એવું અવલોકન છે કે, કેન્સરની શરૂઆતમાં મહિનાઓ કે વર્ષો દરમિયાન વ્યક્તિની સ્વાદની અનુભૂતિમાં ન સમજાય તેવો ફેરફાર થતો હોય છે. એટલે દર્દીને ચાનો કપ કે બાફેલું ઈંડું ખાય તો એવો વિચિત્ર સ્વાદ આવે છે. તરીકે ઓળખાતી આ વાત હજુ સમજી શકાઈ નથી.

*ગળ્યો અને ખારો સ્વાદ પારખવાની સ્વાદગ્રહિતાઓ (ટેસ્ટ બડસ) જીભને ટોચના ભાગે હોય છે. અને કડવો સ્વાદ પારખનારી સ્વાદગ્રહિતાઓ જીભના પાછળના ભાગે આવેલી હોય છે. જીભના ટોચ પર ખોરાકનું તાપમાન અને બંધારણ નક્કી કરનારી સ્વાદગ્રહિતાઓ આવેલી હોય છે, જેથી દરેક કોળિયા સાથે કેવો વહેવાર કરવો એ મગજ નક્કી કરી શકે છે.

*વૃદ્ધાવસ્થામાં જીભની સ્વાદગ્રંથિઓ ઘણી ઘસાઈ જાય છે. તેથી વૃદ્ધ વ્યક્તિઓનો સ્વાદ ઘણે અંશે જતો રહે છે, અને તેમની ખોરાકમાંથી રૂચિ ઓછી થઈ જાય છે.

( સંકલિત સૈજન્ય : આપણું સ્વાસ્થ્ય) ■

(પહેલા પાનાનું ચાલુ)

## ગુજરાતમાં

ઉમેદવારોને ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવી છે. જેમાં બનાસકાંઠા લોકસભા બેઠક પર રેખાબેન ચૌધરી, સાબરકાંઠા બેઠક પર શોભનાબેન બારૈયા, ભાવનગર લોકસભા બેઠક પર નિમુબેન બાંભણિયા અને જામનગર લોકસભા બેઠક પર પૂનમ માડમને ટિકિટ આપવામાં આવી છે.

અગાઉ વડોદરા લોકસભા બેઠક પર સીટિંગ સાંસદ રંજનબેન ભટ્ટને ટિકિટ આપવામાં આવી હતી. જો કે તેમણે છેલ્લી ઘડીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીને ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો. ગુજરાતમાં કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધને ૨૬ લોકસભા બેઠક પૈકી ૨૦ પર પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. જેમાં અત્યાર સુધી માત્ર ૩ મહિલા ઉમેદવારો છે. જે પૈકી બનાસકાંઠા લોકસભા બેઠક પર ગેનીબેન ઠાકોર, ગાંધીનગર બેઠક પર સોનલ પટેલ અને અમરેલી લોકસભા બેઠક પર જેનીબેન ઠુમ્મર ચૂંટણીના મેદાનમાં છે.

જ્યારે કૉંગ્રેસ દ્વારા અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી જાહેર કરવામાં આવેલા ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈનકાર કરતાં હવે ૬ બેઠકો પર નવા મુરતિયા શોધવા પડશે. જેમાં અમદાવાદ પૂર્વ ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, વડોદરા અને નવસારી લોકસભા બેઠકનો સમાવેશ થાય છે. ■

## મહાકાલ મંદિર

રંગોથી બચાવવા માટે ગર્ભગૃહની ચાંદીની દિવાલો પર કપડાં નાખવામાં આવે છે, અને તે જાણી શકાયું નથી કે 'આરતી થાળી' પર ગુલાલ પડ્યા પછી આગ લાગી કે કેમ.

યાદવે ઉજ્જૈન પહોંચ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે ઘાયલોને એક લાખ રૂપિયાની સહાય તેમજ મફતમાં શ્રેષ્ઠ ઉપલબ્ધ સારવાર આપવામાં આવશે. આવી ઘટના ફરીથી ન બને તે માટે વહીવટીતંત્ર તમામ પ્રયાસો કરશે.

તેમણે કહ્યું હતું કે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તે જિલ્લા પંચાયતના સીઈઓ મૃણાલ મીના અને અધિક કલેક્ટર અનુકુલ જૈન દ્વારા હાથ ધરવામાં આવશે અને ત્રણ દિવસમાં રિપોર્ટ સબમિટ કરવામાં આવશે.

આ ઘટના મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

ગર્ભગૃહની સામે આવેલા નંદી હોલમાં આ ઘટના સમયે કેટલાક વીવીઆઇપી સહિત મોટી સંખ્યામાં લોકો હાજર હતા, પરંતુ શ્રદ્ધાળુઓમાંથી કોઈને ઈજા થઈ ન હતી. ■

## આઈપીએલનો

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જો કે, અત્યાર સુધી માત્ર સાત એપ્રિલ સુધીની મેચોના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. હવે નવા કાર્યક્રમ મુજબ આઠ એપ્રિલે ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાશે. આ ટૂર્નામેન્ટના લીગ તબક્કાની છેલ્લી મેચ રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે ૧૯મી મેના રોજ રમાશે. આ પછી એક દિવસના વિરામ બાદ ફરી નોકઆઉટ તબક્કાઓ શરૂ થશે. પ્રથમ ક્વોલિફાયર મેચ ૨૧ મેના રોજ રમાશે. ફાઈનલ મેચ ૨૬ મેના રોજ ચેન્નઈમાં રમાશે.

આઇપીએલ ૨૦૨૪માં સામેલ ૧૦ ટીમોને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. ગ્રૂપ-એમાં મુંબઈ ઈન્ડિયન્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ અને લખનઊ સુપર જાયન્ટ્સનો સમાવેશ થાય છે જ્યારે ગ્રૂપ બીમાં ચેન્નઈ સુપર કિંગ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સનો સમાવેશ થાય છે. બંને ગ્રૂપની તમામ ટીમો વચ્ચે એક-એક મેચ રમાઈ છે. ■

## બૉલિવૂડ ક્વિન

લઈને ખૂબ જ ઉત્સાહિત છે. હાલમાં જ ભાજપ તરફથી ટિકિટ મળ્યા બાદ અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે.

પોતાના ઈન્સ્ટા પર પોસ્ટ શેર કરતી વખતે કંગનાએ લખ્યું છે - 'મારા પ્રિય ભારત અને ભારતીય લોકોની પોતાની પાર્ટી, ભારતીય જનતા પાર્ટી મને હંમેશા બિનશરતી સમર્થન મળ્યું છે, આજે ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વએ મને મારા માટે આમંત્રણ આપ્યું છે. જન્મસ્થળ હિમાચલ પ્રદેશ મંડી (વિસ્તાર)થી તેમના લોકસભા ઉમેદવાર જાહેર કર્યા છે. હું લોકસભા ચૂંટણી લડવા અંગે હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરું છું. આ સાથે કંગનાએ ટિકિટ મળવા પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે, 'હું પાર્ટીમાં સત્તાવાર રીતે જોડાઈને સન્માનિત અને ઉત્સાહિત અનુભવું છું. હું એક સક્ષમ કાર્યકર અને વિશ્વસનીય જાહેર સેવક બનવાની આશા રાખું છું. આભાર.'

કંગનાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે ટૂંક સમયમાં પીરિયડ-ડ્રામા ફિલ્મ 'ઇમરજન્સી'માં જોવા મળશે. આ ફિલ્મમાં કંગના પૂર્વ વડા પ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવતી જોવા મળશે. આ ફિલ્મ ૧૦ જૂન, ૨૦૨૪ના રોજ સિનેમા ઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં કંગનાએ અભિનય અને દિગ્દર્શન પણ કર્યું છે. ■

## સંદેશખાલી

ટિકિટ આપવામાં આવી છે. રેખા પોતે સંદેશખાલીનો શિકાર છે, તેમના તરફથી શેખ શાહજહાં પર ઘણા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. આ નિર્ણયને લઈને બીજેપી નેતા અમિત માલવિયાએ ટ્વિટર પર કહ્યું હતું કે ભાજપે રેખા પાત્રાને બસીરહાટથી ટિકિટ આપી છે. તે સંદેશખાલીનો શિકાર છે, તેને શેખ શાહજહાં દ્વારા ત્રાસ આપવામાં આવ્યો છે. હવે મત માગતા પહેલા મમતા બેનરજીએ આવી મહિલાઓના આંસુ લૂછવા જોઈએ જેઓએ માત્ર પીડા સહન કરી રહી છે અને છતાંય ચૂપચાપ બેસી રહી છે.

પ. બંગાળમાં ભાજપે હાઈ કોર્ટના પૂર્વ જજ અભિજિત ગંગોપાધ્યાયને પણ ટિકિટ આપી છે. તેઓ થોડા દિવસ પહેલા જ ભાજપમાં જોડાયા હતા. ભાજપે જલપાઈગુડીથી જયંત રાય, દાર્જિલિંગથી રાજુ બિષ્ટ, રાયગંજથી કાર્તિક પોલ, જાંગીપુરથી ધનંજય ઘોષ, કૃષ્ણા નગરથી રાજમાતા અમૃતા રાય, બેરકપુરથી અર્જુન સિંહ, દમદમથી શીલભદ્ર દત્ત, બારાસતથી સ્વપન મજુમદાર, બરાસતથી રાજમાતા રાયને મેદાનમાં ઉતાર્યા છે. મથુરાપુર, કોલકાતાથી અશોક પુરકૈત, કોલકાતા દક્ષિણથી દેબા શ્રી ચૌધરી, કોલકાતા ઉત્તરથી તાપસ રોય, ઉલુબોરિયાથી અરુણ ઉદય પોલ ચૌધરી, શ્રીરામપુરથી કબીર શંકર બોઝ, આરામબાગથી અરૂપ કાંતિ દિગર, તમલુકથી જસ્ટિસ અભિષેક ગંગોપાધ્યાય, મેદિનીપુરથી અગ્નિમિત્ર પોલ. બર્ધમાન પૂર્વથી અશિમ કુમાર સરકાર અને દિલીપ ઘોષને બર્ધમાન દુર્ગાપુરથી ટિકિટ આપવામાં આવી છે. યુપીની વાત કરીએ તો, ભાજપે સહારનપુરથી રાઘવ લખનપાલ, મુરાદાબાદથી સર્વેશ સિંહ, મેરઠથી અરુણ ગોવિલ, ગાઝિયાબાદથી અતુલ ગર્ગ, અલીગઢથી સતીશ ગૌતમ, હાથરસથી અનૂપ બાલ્મિકી, બદાઉનથી દુર્વિજય સિંહ શાક્ય, બારેઈથી છત્રપાલને મેદાનમાં ઉતાર્યા છે. સિંહ ગંગવાર, પીલીભીતથી જિતેન્દ્ર પ્રસાદ, સુલતાનપુરથી શ્રીમતી મેનકા ગાંધી, કાનપુરથી રમેશ અવસ્થી, બારાબંકીથી શ્રીમતી રાજ રાની રાવત, બહરાઈચથી અરવિંદ ગોંડને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ■

## ગુજરાતમાં ધૂળેટીના

જો કે બે વિદ્યાર્થી અને એક વિદ્યાર્થિનીનું ડૂબી જવાથી મોત થયું હતું. પોલીસ ત્રણેય મૃતદેહને કરમસદની હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મણાર ગામ પાસે આવેલા ચેકડેમમાં ન્હાવા પડેલા રવિ મકવાણા, મુકેશ મકવાણા તેમજ અન્ય રવિ કુડેચા સહિત ત્રણના મોત નિપજ્યાં હતા.ત્રણ યુવાનો વસ્ત્રો બહાર મૂકીને ન્હાવા પડયા હતા,પરંતુ લાંબા સમય સુધી બહાર ન આવતા ગ્રામજનોએ શોધખોળ હાથધરી હતી અને ફાયરવિભાગને જાણ કરી હતી. ફાયરવિભાગે ત્રણ યુવાનોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. પોલીસે મૃતદેહ પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં આવેલી બાલારામ નદીમાં ડૂબી જવાથી બે યુવકોના મોત થયા હતા. યુવકો ધુળેટીનું પર્વ મનાવી ન્હાવા માટે નદીમાં ગયાં હતાં. તે દરમિયાન ડૂબી જવાથી મેહુલ પંચાલ અને રોહિત પ્રજાપતિ નામના બંને યુવકોનાં મોત થયાં હતાં. પ્રાથમિક તપાસમાં બંને ડીસા તાલુકાના રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે સ્થાનિકોની મદદથી બંનેના મૃતદેહ બહાર કાઢી પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન વિરપુર તાલુકાના ખરોડ ગામના રણજીતપુરા કંપાણી સીમમાં ખેત તલાવડીમાં એક બાળક હાથ પગ ધોવા માટે ગયો હતો. જેનું ડૂબી જવાના કારણે મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં ખેત મજૂરી કરી રહેલા શ્રમિક પરિવારનું આ બાળક હતું. પોલીસે મૃતદેહને બહાર કાઢી પીએમ માટે હૉસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. ■

## ભાજપે વાયનાડ

ટી. એન. સરસુ, ભૂતપૂર્વ સરકારી કોલેજ પ્રિન્સિપાલ ઉત્તરી પલક્કડ જિલ્લાના અલાથુરથી

ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવશે.

ભાજપ કૉંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફ અને સીપીઆઇ(એમ)ના નેતૃત્વ હેઠળના એલડીએફ દ્વારા પ્રભુત્વ ધરાવતા કેરળમાં દાયકાઓ જૂની દ્વિધ્રુવી રાજનીતિને તોડવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીએ અગાઉ ૧૨ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી હતી. તેના સહયોગી બીડીજીએસ રાજ્યમાં ચાર બેઠકો પર ચૂંટણી લડશે. વર્ષો પહેલા સબરીમાલામાં યુવતીઓના પ્રવેશ સામે ભાજપના ઉગ્ર આંદોલનનો ચહેરો બનેલા સુરેન્દ્રન ૨૦૨૦થી ભાજપના રાજ્ય એકમના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. કોઝિકોડ જિલ્લાના ઉલેરીના વતની, કુન્નુમલ સુરેન્દ્રને ભારતીય જનતા યુવા મોરચાના વાયનાડ જિલ્લા પ્રમુખ તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે પથાનમથિટ્ટાથી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ તે સમયે તેઓ નિષ્ફળ ગયા હતા.

જોકે તે જ વર્ષે વિધાનસભા પેટાચૂંટણીમાં તેમને કોનીથી મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, પરંતુ તેઓ અહીં પણ સફળ થઇ શક્યા ન હતા. કેન્દ્રીય પ્રધાન વી મુરલીધરનના નજીકના વિશ્વાસુ તરીકે જાણીતા સુરેન્દ્રન ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં મંજેશ્વરમ મતવિસ્તારમાંથી માત્ર ૮૯ મતોથી હારી ગયા હતા. ■

## પીડાદાયક ઘટના

તેમની સાથે ફોન પર આ ઘટના વિશે વાત કરી હતી. રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને જાણ કરવામાં આવી છે કે ૩૦-૩૫ ટકા દાઝી ગયેલા પીડિતોની સ્થિતિ સ્થિર છે.


એક્સ પરની એક પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે તેમણે આ ઘટના અંગે એમપીના મુખ્ય પ્રધાન સાથે વાત કરી હતી અને જાણ્યું હતું કે સ્થાનિક વહીવટીતંત્ર ઘાયલોને તમામ રાહતની ખાતરી કરી રહ્યું છે. ■

feedback@bombaysamachar.com

## ટૂંકી વાર્તા

રાજેશ અંતાણી

# ફ્લાઈટ



સેલફોન નજીક ખેંચીને રીમાએ ધ્યાનપૂર્વક જોયું. એમાં આનંદનો કોઇ મેસેજ ન હતો અને કોઇ મિસ્ડકોલ પણ.

રીમા અકળાવા લાગી. સામે સામાન પડ્યો છે. પેકિંગ કરતાં કેટલાય દિવસ લાગ્યા. આનંદને કેટલીયવાર કહ્યું- એ વળી આમ, પણ- કોઇ દિવસ મદદરૂપ થયો છે મને? વળી, એ મદદરૂપ થવાનો પ્રયત્ન કરે તો પણ -નકામું- મારું કામ વધારી નાખે. એ તો વળી પાછી મદદરૂપ થવાને બદલે સામાન જોઇને કહ્યા કરતો- 'રીમા, પેકિંગમાં ખ્યાલ રાખજે- કોઇ બિનજરૂરી ચીજો રહેવા દે છે, લગેજનું વેઇટ વધી જશે તો પ્રોબલેમ થશે... યુ નો... ફોરેનનો મામલો છે...'

રીમા અંદરથી ચીડાઇ જતી. ગુસ્સામાં આવીને એ આનંદને કહેતીઃ 'પેકિંગમાં મદદરૂપ થવાને બદલે આ તું શું વચ્ચે ડબ-ડબ કરે છે હેં? હું કંઇ પહેલીવાર ફોરેન નથી જતી- સમજ્યો? અને હા- બે વર્ષ પહેલાં આપણે યુ.કે.-દેવાંશને ત્યાં ગયેલાં ત્યારે તારો સામાન કોણે પેક કરેલો? ને તું વારંવાર કંપનીને કામ ટુર પર જવા નીકળી જાય છે ત્યારે તારો સામાન કોણ પેક કરી આપે છે?'

રીમા અકળાઇ જતી. આ ક્ષણે પણ રીમા, અકળાઇને બેસી ગઇ છે. રીમાને આનંદ પર સખત ગુસ્સો આવે છે. રાત્રે સાડાબાર વાગ્યાની ફ્લાઇટ છે. ઘેરથી તો નવ-દસ વાગ્યે નીકળી જ જવું પડે. આ - આનંદ - હજુ ઓફિસથી આવ્યો પણ નથી. ફોન પણ રિસિવ કરતો નથી... પાછો કોઇ મેસેજ પણ કરતો નથી.

રીમાએ સામે પડેલા લગેજ તરફ જોયું.

ઊંડો શ્વાસ લીધો- પછી મૂકી દીધો. રીમા ઊભી થઇ. બાલ્કનીમાં આવીને બહાર જોયું. બહાર સાંજ પછીનું અંધારું.

રીમા પાછી ફરી. ધુંધવાઇને સોફા પર બેસી ગઇ.

ફરી આંખો સામે લગેજ આવ્યો. રીમાએ આનંદને ફોન જોડ્યો. રિંગ સતત વાગતી હતી અને આનંદ ફોન ઉપાડતો ન હતો. અચાનક રીમાને કાનમાં આનંદનો અવાજ અથડાયો.

'હાં બોલ રીમા, શું છે?..

'વ્હોટ ડુ યુ મીન- શું છે? ક્યારની ફોન તને કર્યા કરું છું.. અને તું ફોન ઉપાડવાની તસ્દી નથી લેતો? ક્યાં છે તું?' રીમાએ બુમ પાડી.

'ક્વાયટ... ક્વાયટ... રીમા... રિલેક્સ- હું હવે ઘરની નજીક જ છું. તરત જ આવી પહોંચું છું... યુ નો... છેલ્લી ઘડી સુધી ફોરેન ફ્લાઇટ... અત્યારે તો સાંજના ટ્રાફિકમાં ફસાયેલો છું... તું તદ્દન તૈયાર છે ને?' આનંદ ઝડપથી બોલી ગયો- 'તારી ફ્લાઇટ...'

રીગાએ ખિજાઇને ફોન બંધ કરી દીધો.

કેટલાય મહિનાઓથી આ બધી ધમાલ ચાલે છે.- ઘરમાં. દેવાંશનો ફોન આવ્યો હતો યુ.કે.થી ખૂબ જ આનંદ અને ઉત્સાહમાં હતો- એ કહેતો હતો- 'ગુડ ન્યુઝ- તમે- મમ્મી - પપ્પા- દાદા- દાદી બનવાના છો. અને હું બાપ-આઇ મીન ફાધર -શર્વરી ઇઝ પેગનન્ટ-શી ઇઝ કેરિંગ-' રીમા અને આનંદ દેવાંશની વાત સાંભળીને ખુશ-ખુશ- લગભગ પાગલ જેવા બની ગયાં હતાં. આનંદને એના પુત્ર દેવાંશ પ્રત્યે ખૂબ જ પ્રેમ, લાગણી અને માન હતું. આનંદની એક આઇ.ટી. કંપની અપલિફ્ટ કરવામાં દેવાંશનો હાથ અને સાથ ઘણો જ હતો. અહીં - અમદાવાદમાં આનંદ બધું મેનેજ કરતો અને દેવાંશ યુ.કે.માં એક બ્રાન્ચ ઓફિસ ખોલીને સખત મહેનત કરતો હતો. દેવાંશના બે વર્ષ પહેલાં શર્વરી સાથે લગ્ન થયાં હતાં. આજે એ હવે-

એ પછી દેવાંશના સતત ફોન આવતા હતા- એ રીમા અને આનંદને યુ.કે. બોલાવતો હતો- ડિલિવરી માટે. એ એવું કહેતો હતો કે 'શર્વરીનું ચેકઅપ રેગ્યુલર ચાલે છે- કોઇ કોમ્પ્લીકેશન નથી પણ તમે લોકો અહીં મારી સાથે હો તો...' પણ એ શક્ય ન હતું. આનંદ એની આઇ.ટી. કંપનીના એકસપાનન્શન માટે યુ.એસ. કલાઇટ સાથે ડિલિંગ કરતો હતો- આટલો બધો સમય તો એ યુ.કે. ન જઇ શકે તો પછી રીમા-

રીમા અગાઉ આનંદ સાથે યુ.કે.- યુ.એસ. પણ જઇ ચુકી છે. પણ અત્યારે એ એકલી જવા માટે ડરી રહી હતી.

આનંદ રીમાને સમજવાતો હતો.

પણ રીમા એકલી જવા માટે તૈયાર ન હતી. છેવટે આનંદે એની ઓફિસના કર્મચારી જાવેદને કંપનીનું કામ અને ફ્યુચર પ્લાન તૈયાર કરવા રીમા સાથે જવાનું ગોઠવ્યું. રીમા જાવેદ સાથે જવા માટે પણ મહામહેનતે તૈયાર થઇ.

આજે રીમા જાવેદ સાથે રાત્રે સાડાબારની ફ્લાઇટમાં યુ.કે. - લંડન જવા નીકળવાની હતી. ફ્લાઇટનો સમય ધીરેધીરે નજીક આવતો જતો હતો અને આનંદ હજુ ઘરે પણ પહોંચ્યો ન હતો.

રીમાની આંખો બંધ થઇ ગઇ.

રીમાને બંધ આંખોની આરપાર ધુંધળો ભવિષ્યકાળ નજીક આવતો દેખાતો હતો- અજાણ્યો- સાવ અજાણ્યો- રીમાને બંધ આંખોમાં આવનાર દિવસો દેખાઇ રહ્યા હતા.

અજાણ્યા દેશમાં બધી જ જવાબદારી ઉપાડવાની- એ પણ - આનંદની ગેરહાજરીમાં-... પણ દેવાંશ કહેતો હતો- 'મમ્મી, તું કોઇ વાતની ચિંતા નહીં કરતી. અહીં બધું જ વેલ પ્લાન્ડ હોય છે- ફક્ત તારી હાજરી, એ પણ મારા માટે... તારી હાજરીની હૂંફ...' ફોન પર આવું બધું બોલતો દેવાંશ... સાંભળીને રીમાને હસવું પણ આવી જતું બાપ બનતો દીકરો હવે કવિ બનતો જાય છે.

'યેસ... રેડી?!'

આનંદનો અવાજ સાંભળીને રીમા ચમકી.

'લ્યો... સાહેબ.. આવી ગયા? આપનો આભાર- ઘડિયાળમાં જુઓ.. કેટલા વાગ્યા છે?'

'સાડા સાત થાય છે- તારી ફ્લાઇટને ઉપડવાની તો હજુ ઘણીવાર છે ને - ચિંતા શાની કરે છે? બસ, જાવેદ આવતો જ હશે- હી વિલ મેનેજ એવરીથિંગ- તને છેક દેવાંશના ઘર સુધી મૂકી જશે- ઓ.કે.?' આનંદ હસ્યો.

રીમા ગંભીર હતી.

આનંદ રીમાની નજીક આવ્યો.

આનંદ રીમાની બાજુમાં બેસી ગયો.

રીમાને નજીક ખેંચી.

રીમાની આંખો ભીની થવા લાગી.

'અરે! રીમા, તું રડે છે? જવું તો પડશે જ ને?-

હા- દાદા-દાદી બનવું સહેલું નથી. આનંદ હળવો થવા લાગ્યો.

'તને અત્યારે મજાક સૂઝે છે? આપણા લગ્નના તેંત્રીસ વર્ષમાં તું મારાથી આટલો લાંબો સમય જુદો પડ્યો છે? ક્યારે? આ રીતે આપણે પહેલી જ વાર...' રીમા રડવા લાગી.

'ઓહ! નો રીમા પ્લીઝ-' આનંદે રીમાને વધુ નજીક ખેંચીને રીમાના ગાલ ઉપર હોઠ મૂકી દીધા.

'શાની ચિંતા કરે છે તું? આનંદે કહ્યું.

રીમાએ ભીની આંખોથી આનંદ સામે જોયું. પછી ભીના અવાજે કહ્યુંઃ 'તું મારી ગેરહાજરીમાં બધું કેવી રીતે મેનેજ કરી શકીશ?'

'બસ- આટલી જ ચિંતા છે ને? ડોન્ટ વરી- આઇવિલ મેનેજ - એવરીથિંગ-' આનંદ હસ્યો.

રીમા ભીની આંખે આનંદને જોતી રહી.

પછી આનંદને ભેટી પડી.

ક્ષણ- વિસ્તરતી રહી.

આનંદથી છૂટી પડીને રીમાએ ભીના અવાજે કહ્યું- 'મને મારી અંદર એક બીજી ચીજ સતત સતાવ્યા કરે છે-આનંદ...'

આનંદ રીમાને જોઇ રહ્યો-

એની આંખોની કિનાર પણ ભીની થવા લાગી.

'આપણે જ્યારે - જે ક્ષણે દાદા-દાદી બનશું ત્યારે - તું મારાથી દૂર હશે એ મને ગમતું નથી... આનંદ...

રીમા રડી પડી.

આનંદ રડતી રીમાને જોઇ રહ્યો...

આનંદે રીમાના ગાલ પરથી સરકતી ભીનાશને લૂછી. અચાનક આનંદ ઊભો થયો. 'ફરગેટ- ચાલ, હું જલદી જલદી ફ્રેશ થઇને આવું છું, પછી મને પેટ ભરીને જમાડી દે.. પછી આપણે, જાવેદ આવે એટલે ફ્લાઇટ પકડવા દોડીએ... ઓ... કે...?' આનંદ હસ્યો-

* * *

મોડી રાતે આનંદ રીમાને મૂકીને ઘેર આવ્યો. એ તો ફ્લાઇટ ઉપડવાની હતી ત્યાં સુધી રોકાવવાનો હતો પણ રીમાએ બહુ જ આગ્રહ કરીને ઘેર જવા દીધો. આનંદે રીમાને દૂરથી કાચની આરપાર લાઉન્જમાં સોફા પર બેઠેલી જોઇ હતી... કદાચ રીમા ત્યારે રડતી હતી.

આનંદે ઘરમાં આજુબાજુ જોયું.

રીમા વિનાનું ઘર જાણે ખાવા દોડતું હતું.

જીવનમાં આવી ક્ષણ પહેલીવાર આવી હતી- રીમા વિનાની. અનાંદ રીમાને સતત સાથે જ રાખતો વચ્ચે વચ્ચે આનંદ ફ્લાઇટ ડિલિંગ માટે એક બિઝનેસ એક્સપાનસન માટે યુ.એસ. કે - યુ.કે. જતો ત્યારે રીમા તો સાથે જ રહેતી.. પણ આજે...

આનંદ બેડરૂમમાં આવ્યો.

બેડરૂમની બારી ખોલીને કાળાં સ્થિર આકાશને જોવા લાગ્યો- આવા જ કાળાં અને સ્થિર આકાશની સમાંતર રીમાની ફ્લાઇટ યુ.કે. તરફ ઉડશે...

આનંદને રીમા સાથે વાત કરવાની ઇચ્છા થઇ.

'હલ્લો...::' રીમાનો અવાજ.

આનંદ અંદરથી થડકી ગયો.

'ફ્લાઇટમાં છો?'

'ના ક્લીયરિંગમાં-ફ્લાઇટ મોડી લાગે છે- એવું મને જાવેદભાઇ કહેતા હતા- ડોન્ટ વરી- આવું તો ચાલ્યા કરે-'

રીમાનો અવાજ કટ થયો.

રીમાના અવાજ વિનાનો શૂન્યવકાશ બેડરૂમમાં ફેલાઇ ગયો.

બારીમાંથી આકાશ દેખાયું.

અચાનક આનંદને ઉષ્મા યાદ આવી. ઉષ્માનો હમણાં બે-ત્રણ દિવસથી ફોન નથી. ઉષ્મા...

આનંદ ફોન તરફ જોવા લાગ્યો.

ઉષ્મા સાથે વાત કરવાની ઇચ્છાને એણે રોકી.

વાત કરી શકાય ઉષ્મા સાથે-

ક્યાં હશે ઉષ્મા?

રીમાની ગેરહાજરીમાં ઉષ્માનો વિચાર-

આનંદને કંઇ સમજાતું ન હતું-

એ ફરી ફોન તરફ જોવા લાગ્યો-

ઉષ્મા...

ઉષ્મા આનંદની કંપનીમાં એચ.આર. હેડની જગ્યા માટે એપિયર થયેલી. સ્માર્ટ અને એક્સપિરિયન્સને કારણે એ સિલેક્ટ થયેલી. ત્યારે આનંદની કંપનીની શરૂઆત જ હતી. આનંદના મનમાં કંપનીની એડવાન્સ ફોર્મમાં મૂકવાની તિવ્ર ધગશ હતી. મનમાં સતત ગડમથલ ચાલ્યા કરતી. ઉષ્મા જાણે, આનંદના મનમાં ચાલતી ગડમથલની ભાષા-લિપિને જાણતી હોય એમ આનંદ સાથે ચર્ચા કરતી. પ્લાન તૈયાર કરી આપતી હતી. કંપનીનો નવો જ આકાર અને ચહેરો બહાર આવતો ગયો- આનંદ ઉષ્માથી પ્રભાવિત થયો. પરસ્પરના સન્માનની લાગણી કંઇક જુદું જ રૂપ લેતી હતી. ઉષ્માના પતિનું થોડા સમય પહેલાં અકસ્માતમાં અવસાન થયું હતું. પુત્રી હતી સલોની- સલોની લગ્ન કરીને યુ.એસ.-શિકાગો પતિ સાથે સેટલ થઇ હતી. ઉષ્મા, સલોનીની ડિલિવરી માટે હમણાં- યુ.એસ. શિકાગો હતી. લગભગ છ માસ થવા આવ્યા હતા- ઉષ્માના વિઝાની મુદત પૂરી થઇ ગઇ હતી અને વિઝાનો પ્રોબ્લેમ થયો હતો. અને આનંદને જાણ કરી હતી. આનંદે એમના મિત્રનો સંપર્ક કરાવીને વિઝાનો પ્રોબ્લેમ સોલ કરાવી આપેલો. હવે તો ઉષ્મા પરત થવી જોઇએ- શું થયું હશે? આનંદે ઉષ્માને ફોન જોડયો.

'હાય.. આનંદ... તારો અત્યારે ફોન?!'

'કેમ? ક્યાં છે તું?'

ઉષ્માએ ટેવ પ્રમાણે કહ્યું- 'ત્યાં દિવસ છે કે રાત?'

'ઓહ! નો, ઉષ્મા... નાઇટ-લેઇટ નાઇટ-બોલ, તું પાછી ક્યારે આવે છે?'

'હું તને સરપ્રાઇઝ આપું છું- હું તારે પાસે આવવા નીકળી છું- આય મ ઇન ફ્લાઇટ... સવારે હું ત્યાં પહોંચીશ...'

'વાહ! વ્હૉટ અ સરપ્રાઇઝ!' તું તારે ઘેર જવાને બદલે, ઊતરીને સીધી મારે ઘેર આવજે- બિકોઝ- આય મ એલોન- આઇ નીડ યુ-'

'ઓ. કે.-' ઉષ્માનો અવાજ કટ ઘયો.

આનંદ આજુબાજુ જોવા લાગ્યો.

આનંદની ઊંઘથી ઘેરાતી આંખોમાં ઉષ્મા પધરાવવા લાગી.

ફોન-

આનંદે ઝબકીને જોયું-

રીમાનો ફોન-

'આનંદ... જાગે છે? મારી ફ્લાઇટ કેન્સલ થઇ છે- બેડ ક્લાઇમેટને કારણે- હું ઘેર પાછી ફરું છું- ટિકિટ કેન્સેલેશનની વિધિ જાવેદભાઇએ પૂરી કરી લીધી છે- હું થોડીવારમાં ઘેર આવું છું- ચિંતા નહીં કરતો- જાવેદભાઇ સાથે જ છે.

આનંદના કપાળ પર પરસેવો પથરાઇ ગયો.

આનંદ હથેળીમાં પડેલા ફોનને જોવા લાગ્યો.

આનંદે ઉષ્માને ફોન જોડ્યો.

ઉષ્મા ફોન ઉપાડતી ન હતી.

ઉષ્માની ફ્લાઇટ લેન્ડ તો નહીં થતી હોય ને? ■

feedback@bombaysamachar.com

## આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

# પ્રતિદિન ગરમી વધશે માટે પાણીજન્ય રોગો વિશે કાળજી રાખજો

આ સપ્તાહમાં ગ્રહમંડળના આરોગ્યદાતા
સૂર્ય મીન રાશિ
મંગળ કુંભ રાશિ
બુધ - મેષ રાશિમાં પ્રવેશ
ગુરુ - મેષ રાશિ
શુક્ર - કુંભ રાશિ તા.૩૧ મીન રાશિ
શનિ - કુંભ(સ્વગૃહી)રાશિ
રાહુ - મીન રાશિ વક્રીભ્રમણ
કેતુ - કન્યા રાશિ વક્રીભ્રમણ

હોળાષ્ટક પૂરા થતા તમામ શુભ માંગલિક કાર્યો આદરી શકાશે. આ સપ્તાહમાં ફક્ત શુક્ર ગ્રહ તા.૩૧ કુંભમાંથી મીન રાશિમાં પ્રવેશ કરશે. ગરમી દિનપ્રતિદિન વધવાથી પાણીજન્ય રોગો વિશે કાળજી રાખવી. યુવાવર્ગમાં ચામડીને લગતા દર્દો વકરી શકે. વિદ્યાર્થીવર્ગને લૂ લાગી શકે માટે અકારણ બહાર ધક્કા ખાવા નહીં. વિપરીત આહાર કરવો નહીં. નવજાત શીશુને ગાલ પચોલીયુ થવાની સંભાવના નકારી શકાય નહીં.



(૧)મેષ (અ,લ,ઇ):-સપ્તાહની શરૂઆતમાં દાઝવાના કિસ્સાઓ બની શકે. આંખોમાં પાણી નીકળવાની સંભાવના. વધુ પાણી પીશો.વાહન ચલાવતી વખતે ગોગલ્સ ચશ્મા પહેરશો. નિત્ય ગાયત્રીમંત્રની એક માળા અવશ્ય કરશો. ગરીબોને છાશ પીવડાવશો.

(૨)વૃષભ (બ,વ,ઉ):- આ સપ્તાહ આરોગ્ય માટે કોઈ જ ચિંતાઓ નહીં.ખાટા તેમજ વાસી ખોરાક ખાશો નહીંતર તબિયત બગાડે.નિત્ય ઇષ્ટદેવ ઉપાસના સાથે અજંપા જાપ કરશો.

(૩) મિથુન (ક,છ,ઘ):- પગના ભાગે ખરઝવું આવી શકે. મોં માં છાલા પડવાની શક્યતાઓ.

નિત્ય દેવાધિદેવ મહાદેવના દર્શન ઉત્તમ સાથે જળાભિષેક કરશો.

(૪)કર્ક (હ,ડ):- છાતી માં કફ ભરાઇ શકે. સપ્તાહ ના અંતે તાવ ચડી શકે. 'શ્રી કૃષ્ણ શરણં મમ્' જાપ કરવો. નવગ્રહના જાપ કે સૂર્ય, ચંદ્ર ગ્રહના જાપ કરવા.

(૫)સિંહ (મ,ટ):- જમણા હાથે કંમ્પન જણાય. નાની -મોટી શારીરિક અશકિત લાગે. વાહન-અકસ્માત સંભવ. સૂર્યગ્રહ ને શુદ્ધ જળનો અર્ગ આપશો. ગાયત્રીમંત્ર જાપ નિત્ય કરશો. વડીલોને માન-સન્માન આપશો.

(૬)કન્યા (પ,ઠ,ણ):- કમરના ભાગે મચ્છર કરડવાની શક્યતાઓ. વજન વધવાથી બી.પી.સમસ્યાઓ આવી શકે. ગાયને લીલુ ઘાસ ખવડાવશો. શિવલિંગ પર કાચું દૂધ ચડાવશો.

(૭) તુલા (ર,ત): આ સપ્તાહ આરોગ્ય માટે સાનુકૂળ રહેશે. સમયસર ઊંઘની આદત જાળવી રાખશો. અકારણ વાદ-વિવાદમાં પડશો નહીં. નિત્ય શુદ્ધ ઘીનો દીપક કરશો.

(૮) વૃશ્ચિક (ન,ય):- પથરી પીડિત દર્દીઓ કાળજી આવશ્યક. પાણી વધારે પીવું. નિત્ય પૂજામાં મા ઉગ્ર દૈવી ઉપાસના કરશો. યથાશકિત જરૂરિયાત મંદને મદદ કરશો.

(૯) ધન (ભ,ધ,ફ,ઢ):- ડાયાબિટીસ તથા ''હેવી વેઇટ'' ના દર્દીઓએ આરોગ્ય માટે સંભાળવું. ગુરુવારે ગાયને ચણાની દાળ સાથે ગોળ ખવડાવશો. ગુરુ મંત્ર જાપ કરશો

(૧૦)મકર (ખ,જ):- ઓચિંતા તાવ ચક્કર ચડી શકે. ઠંડી લાગી શકે.ગરીબો વચ્ચે જૂના કપડા વહેંચશો. હનુમાનજી મંદિર દર્શન સંધ્યા સમયે કરશો.

(૧૧) કુંભ (ગ,શ,સ):-અસાધ્ય બીમારીઓ યથાવત રહે. ચિકન ગુનિયા આવી શકે. ગુરુ,

શનિ ગ્રહનો મંત્ર જાપ નિત્ય કરશો.

(૧૨) મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહના અંતે ઝાડા ઉલ્ટી આવવાની શિકાયત જણાય. નિત્ય પૂજા સાથે ગુરુદેવ સ્મરણ પૂજન અર્ચન કરશો.

આ સપ્તાહમાં 'યર એન્ડિંગ' હોવાથી નાણાકીય ખેંચ વર્તાય પરંતુ તબિયત તંદુરસ્તી માટે યોગ્ય કાળજી રાખશો. શેરમાર્કેટમાં રોકાણકારોને નુકસાની આવવાથી ઊંઘ હરામ થાય. ગૃહિણી મહિલા વર્ગ એ નાભીની આસપાસ ખંઝવણ વકી શકે. યથાશકિત જરૂરિયાત મંદને મદદ સાથે શુદ્ધ ઘીનો દીપક સવાર-સાંજ અવશ્ય કરશો.... ■

feedback@bombaysamachar.com

## સ્વાસ્થ્ય

રાજેશ યાજ્ઞિક

# વાતાવરણ ગરમ છે તો ખુદને કેમ ઠંડા રાખશો?

દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર કે ગુજરાતમાં પણ ભીષણ ગરમીના સમાચાર દર ઉનાળે આપણે વાંચતા હોઈએ છીએ. ગરમીને કારણે થતાં મૃત્યુના કે હોસ્પિટલ જવું પડે તેવા બીમાર પાડવાના કિસ્સાઓ પણ મોટી સંખ્યામાં નોંધાય છે. ત્યારે નિષ્ણાતો નાની-નાની વાતોનું ધ્યાન રાખીને ગરમીજન્ય પરિસ્થિતિઓ સામે પોતાને તૈયાર રાખવાની સલાહ આપે છે.

ઉનાળાની ઋતુમાં બહારનું તાપમાન વધારે હોય છે. આવી સ્થિતિમાં, તમારા શરીરની અંદરનું તાપમાન ઓછું એટલે કે ઠંડુ રાખવું જરૂરી છે. તેના ઘણા ફાયદા છે.

ઘણીવાર એવું જોવા મળે છે કે ઉનાળામાં તેલ, મસાલા અથવા વધુ પડતા મરચાયુક્ત ખોરાક ખાવાથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં, સલાહ આપવામાં આવે છે કે લોકો ઉનાળામાં શક્ય તેટલું ઠંડા અને હળવા પીણાંનું સેવન કરે જેથી તેઓ ગરમીની અસરથી પોતાને બચાવી શકે. તો ચાલો જાણીએ ઉનાળામાં શું ખાવું અને શું ન ખાવું.

### તમારી જાતને હાઈડ્રેટેડ રાખો

દુનિયામાં પાણી જેવું ઉત્તમ કોઈ પીણું નથી. ઉનાળામાં તમારી જાતને હાઇડ્રેટેડ રાખવા માટે, દિવસભર પુષ્કળ પાણી પીઓ. તમે ખાંડ વગર લીંબુ પાણી, હર્બલ ટી અને તાજાં ફળોના રસ પણ નિયમિત ઉપયોગ કરી શકો છો. ઘણી વખત, ઉનાળાની ઋતુમાં ઠંડા પીણાં વગેરે વાપરવાથી ગળામાં દુખાવો, શરદી વગેરે થાય છે. હિટસ્ટ્રોક અને ડિહાઇડ્રેશનથી પોતાને બચાવવા બેલનું શરબત અને કેરી પન્ના પીવું જોઈએ, તેનાથી મદદ મળી શકે છે.

### પુષ્કળ તાજાં ફળો અને શાકભાજી ખાઓ



પિત્તને શાંત કરતાં ફળો અને શાકભાજી પુષ્કળ પ્રમાણમાં ખાઓ. ઉનાળામાં જ્યારે તમારું પિત્ત સંતુલિત હશે ત્યારે જ શરીર અંદરથી ઠંડું અને ઠંડું રહેશે. ઉનાળાની ઋતુમાં તમે ઘણા પ્રકારના તાજાં ફળો અને શાકભાજીનો આનંદ માણી શકો છો. તમારા આહારમાં તરબૂચ, ખાટાં ફળો, બેરી, કાકડી, ટામેટાં, પાંદડાવાળાં શાકભાજી અને અન્ય નાસપતી, દ્રાક્ષ જેવા મોસમી ફળો ખાઓ અને તમારા આહારમાં ગોળ, બ્રોકોલી, આમળા, કાચી ડુંગળી વગેરે જેવા મોસમી ઉત્પાદનોનો સમાવેશ કરો. તેઓ વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટીઑકિસડન્ટોથી સમૃદ્ધ હોય છે. દૂધ અને ઘીનું સેવન કરવાથી પિત્તનું સંતુલન પણ રહે છે.

### હળવો ખોરાક લો

ઉનાળામાં હળવો અને સરળતાથી સુપાચ્ય ખોરાક પસંદ કરો. વધુ સલાડ, કાચાં અથવા હળવાં રાંધેલાં શાકભાજી, જેવાં પ્રોટિન અને આખા અનાજનો સમાવેશ કરો.

### ઈલેક્ટ્રોલાઇટ્સને સંતુલિત કરો

ઉનાળામાં પરસેવો આવવાથી ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન થઈ શકે છે. તેમને ફરી સંતુલિત કરવા માટે, તમારા આહારમાં કેળાં, નારિયેળ પાણી, નારંગી, એવોકાડો, પાંદડાવાળાં શાકભાજી અને દહીં જેવાં ઇલેક્ટ્રોલાઇટ્સથી સમૃદ્ધ ખોરાકનો સમાવેશ કરો.


### તમારી જાતને સૂર્યથી બચાવો

સનસ્ક્રીનનો ઉપયોગ કરો, રક્ષણાત્મક વસ્ત્રો પહેરો અને સૂર્ય માથે હોય ત્યારે બની શકે તો છાંયડાવાળા વિસ્તારોમાં રહો. તમારી ત્વચાને હાનિકારક યુવી કિરણોથી બચાવવા પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ પણ યાદ રાખો.

### તમારા આહારમાં ઠંડા ખોરાકનો સમાવેશ કરો



તમારા આહારમાં ઠંડા ખોરાકનો સમાવેશ કરો જે શરીરના તાપમાનને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. કાકડી, ફુદીનો, દહીં, નારિયેળ પાણી અને તરબૂચમાં ઠંડકની પ્રકૃતિ હોય છે અને તે તમને તાજા રાખી શકે છે. ધ્યાન રહે, ''ઠંડા''નો અર્થ જે પદાર્થોની પ્રકૃતિ ઠંડી છે તે, નહીં કે, જે રેફ્રિજરેટરમાં રાખીને કૃત્રિમ રીતે ઠંડા કર્યા હોય! ઉનાળામાં માત્ર એ જ વસ્તુઓનું સેવન કરો જેમાં ઠંડકનો પ્રભાવ હોય. ગરમ અને ઠંડી વસ્તુઓના આધારે કંઈપણ ન ખાવું. કેટલાક લોકો એવું વિચારે છે કે કોલ્ડ ડ્રિંક્સ, આઈસ્ક્રીમ, આઈસ ગોળા જેવી વસ્તુઓ ખાવાથી શરીર ઠંડુ રહેશે, પરંતુ એવું નથી. આ બેશક પ્રકૃતિમાં ઠંડા હોય છે, પરંતુ તેઓ શરીરની ગરમીમાં વધારો કરે છે. વધારે ગરમ પાણી, ચા, કોફી ન પીવી. જ્યારે તે ઓરડાના તાપમાને ઠંડા હોય ત્યારે જ પીઓ. બહારથી આવ્યા પછી, પાણીની બોટલને સીધી ફ્રીજમાંથી બહાર કાઢીને અને તેને પીવાનું શરૂ ન કરો. તેનાથી નુકસાન થઈ શકે છે.



### ઠંડા તેલ મહત્ત્વપૂર્ણ છે

શરીરને ઠંડુ રાખવામાં ઠંડક આપતા તેલ પણ મદદ કરે છે. જાસ્મિન, ચંદન, ખસનું તેલ જેવાં ઘણાં તેલમાં ઠંડકના ગુણ હોય છે, જે તમારા શરીરને ઠંડક આપે છે. તમે તેનો ઉપયોગ રૂમ ફ્રેશનર તરીકે પણ કરી શકો છો.

તો રોજબરોજના સામાન્ય ઉપાયો દ્વારા પણ ગરમીના સમયમાં આપણે આપણા આરોગ્યનું ધ્યાન રાખીને મોટી બીમારીઓથી બચી શકીએ છીએ.

### તમારા શરીરની જરૂરિયાતોનું ધ્યાન રાખો

તમારા શરીરની જરૂરિયાતો પર ધ્યાન આપો અને તમારી ભૂખ અને પૂર્ણતાના સંકેતો અનુસાર ખાઓ. અતિશય ખાવું મામલો બગાડી શકે છે, ખાસ કરીને ગરમ હવામાનમાં. ■

shrilekha.yajnik@bombaysamachar.com

## સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# ગરમીમાં તન-મનને તાજગી બક્ષતું અમૃત : ‘ગુલકંદ’



ભોજન બાદ ખોરાકને સારી રીતે પચાવવા સામાન્ય રીતે પાન ખાવાની આદત અનેક લોકોમાં જોવા મળે છે. તેમાં પણ કાઠિયાવાડી હોય તો ભોજન બાદ આખે આખું પાન મોંમાં મૂકીને ધીમે ધીમે તેનો આનંદ મમળાવે. અહીં

આપણે જે પાનની વાત કરી રહ્યા છે તે પાનની અંદર -સેંકેલી સોપારીની કતરણ સાથે -એલચી-વરિયાળી - ધાણાદાળ- ગુલકંદથી તૈયાર કરવામાં આવે છે . આવા મીઠા પાનમાં જે દેશી ગુલાબની પાંખડીઓથી તૈયાર કરવામાં આવતું દ્રવ્ય અત્યંત તાજગીસભર હોય છે. એ દ્રવ્ય ‘ગુલખંડ’ તરીકે પણ ઓળખાય છે. આધુનિક ભાષામાં કહેવું હોય તો ગુલાબનો જામ’ કહી શકાય. ગુલકંદમાં સ્વાસ્થ્ય સંબંધિત અનેક લાભ છે. ગુલકંદ માટે એવું કહેવાય છે કે તે નાના મોટા પ્રત્યેક વ્યક્તિની તબિયતને સુધારે છે. ગરમીમાં ગુલકંદનો ઉપયોગ શરીરને ઠંડક પહોંચાડવાની સાથે પેટની અનેક તકલીફમાં રાહત આપે છે.

ગુલકંદનો અર્થ જોઈએ લઈએ. ગુલ એટલે કે ‘ગુલાબ’ કંદ શબ્દનો અર્થ થાય છે ‘મીઠો.’....ગુલાબનો મીઠો પાક. ગુલાબની પાંખડીને ખડી સાકર સાથે ભેળવીને તૈયાર કરવામાં આવે છે. જે તૈયાર થયા બાદ શરીરને જબરજસ્ત કુલિંગ-ઠંડક આપે છે. આયુર્વેદમાં ગુલકંદનો સમાવેશ એક અસરકારક ઔષધિ તરીકે થાય છે. એ એક ફારસી-ભારતીય આયુર્વેદિક ઉપચાર ગણાય છે. ગરમીના દિવસોમાં શરીરની વધારાની ગરમી દૂર કરવામાં મદદ કરે છે. તેમાં ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, પોટેશ્યિમ, ફોસ્ફરસ, મૈગ્રેશ્યિમ તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટ જેવાં અનેક સત્ત્વો જોવા મળે છે.

ગુલાબની પ્રમુખ ખેતી યુરોપ, મધ્ય પૂર્વ અમેરિકા તથા એશિયામાં કરવામાં આવે છે. ગુલાબનો છોડ લગભગ પ્રત્યેકના આંગણામાં શોભતો હોય છે. ગુલાબની પાંખડીમાંથી અત્તર, ઠંડાઈ જેવી વિવિધ વસ્તુ તૈયાર કરવામાં આવે છે. તેનો ઉપયોગ શરબત કે લસ્સી બનાવવામાં થાય છે.

ગુલકંદને વિવિધ રીતે ઉપયોગમાં લઈ શકાય છે, જેમ કે તેનો મુખ્ય ઉપયોગ દૂધમાં કરવામાં આવે છે. તેને બ્રેડ ઉપર જામની જેમ પણ લગાવી શકાય . સીધેસીધું બોટલમાંથી કાઢીને એક ચમચી ખાઈ શકાય છે. ગરમીના દિવસોમાં પાણીમાં ભેળવીને લૂથી બચવા પી શકાય છે. આજકાલ તો ગુલકંદના લાડુ તેમજ અન્ય મીઠાઈઓની સજાવટમાં ગુલકંદનો ઉપયોગ છૂટથી કરવામાં આવે છે. જમ્યા બાદ પાનની અંદર ગોઠવીને ગુલકંદવાળું પાન ખાવાનો આનંદ માણી શકાય છે. ગુલકંદ માટે દેશી ગુલાબની પાંખડી શ્રેષ્ઠ માનવામાં આવે છે. ભારતમાં રાજસ્થાન સ્થિત પુષ્કર તેમજ ઉત્તર પ્રદેશના કનૌજના ગુલાબની પાંખડી સૌથી સારી ગણાય છે. પ્રતિવર્ષ તીર્થનગરી તરીકે જાણીતા પુષ્કરમાંથી સવા સો ટન ગુલકંદ તૈયાર થઈને દેશ-વિદેશમાં પહોંચાડવામાં આવે છે. કનૌજમાંથી ૩૦૦ કરોડનો ગુલકંદનો વ્યાપર થાય છે. ગુલાબમાંથી ગુલકંદની સાથે ગુલાબજળ મોટા પાયે બનાવવામાં આવે છે.

સુકા ગુલાબની પાંદડીની માગ આરબ દેશોમાં મોટા પાયે છે. ગુલાબમાંથી અત્તર, અગરબત્તી વગેરે મોટા પાયે બનાવવામાં આવે છે. ગુલકંદ ખરીદતી વખતે ચોકસાઈ રાખવી કે તેમાં સિંથેટિક રંગનો ઉપયોગ કરવામાં ન આવ્યો હોય. ગુલકંદનો ભાવ કિલોનો રૂ. ૧૦૦૦ની આસપાસ જોવા મળે છે.

## શું શું ફાયદા છે ગુલકંદના

### પેટ માટે ઉત્તમ

ગરમીની મોસમ શરૂ થાય તેની સાથે નાના-મોટા પ્રત્યેકને પેટ સંબંધિત તકલીફો વધવા લાગે. કોઈકને ગેસ થાય, તો કોઈને એસિડીટી, તો કોઈકને અપચાની તકલીફ, કોઈને વળી હરસ-મસાની તકલીફને કારણે લોહી નીકળવા લાગે, જેને કારણે શારીરિક નબળાઈ વર્તાય. આવા સંજોગ માં ગુલકંદનો ઉપયોગ લાભદાયક બને છે. ગુલકંદનો ઉપયોગ ભોજન બાદ કરવાથી પાચનશક્તિ મજબૂત બને છે.

### આંખોનું તેજ જાળવી રાખવા

ગરમીમાં આંખોમાં બળતરા થતી હોય છે તો ક્યારેક વધુ પડતાં સૂર્યપ્રકાશમાં જવાથી આંખે અંધારા આવવા લાગે છે. આવા સંજોગમાં ૧ ચમચી ગુલકંદ ચાવી જવાથી રાહત મળે છે, કારણ કે ગુલકંદની પ્રકૃત્તિ ઠંડી ગણાય છે. ગુલકંદના સેવનથી આંખો લાલ થવી કે બળતરાને અમુક હદ સુધી રોકી શકવામાં સફળતા મળે છે.

### મોંના ચાંદાની સમસ્યા

મોંમાં ચાંદા પડવાની સમસ્યા આજના યુવા વર્ગને વધુ સતાવે છે. વિટામિન બી કોમ્પલેક્સની ઊણપને કારણે મોં માં ચાંદા દેખાય. ગુલકંદમાં વિટામિન બીની માત્રા હોય છે. એને કારણે મોંમાં અકારણ પડતાં ચાંદાથી રાહત મળે છે.

### માનસિક તાણથી મુક્તિ

૧ ચમચી ગુલકંદને દૂધ સાથે પીવાથી શરીર તાજગી અનુભવે છે.. ગુલકંદમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા હોવાથી તે બળવર્ધક ગણાય છે. દિવસે કે રાત્રિના ગુલકંદનો ઉપયોગ દૂધ સાથે કરવાથી શરીરમાં વારંવાર દેખાતી નબળાઈથી રાહત મેળવી શકાય છે.

### હૃદયની તંદુરસ્તી માટે ઉપયોગી

ગુલાબમાં મેગ્રેશ્યિમ છે, જે બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસના સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વળી હૃદયને સુચારુ રીતે કામ કરવામાં સક્રિય રીતે મદદ કરે છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

ગુલકંદના ઔષધિય ગુણો જોતાં તેનું સેવન વજન ઘટાડવા માટે કરી શકાય. ગુલકંદ બનાવવા માટે ગુલાબની પાંખડીનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં ફેટનું પ્રમાણ હોતું નથી.

### ગુલકંદ બનાવવાની રીત

**સામગ્રી :** ૨૫૦ ગ્રામ તાજા દેશી ગુલાબની પાંખડી, વાટેલી ખડી સાકર ૨૫૦ ગ્રામ, ૧ નાની ચમચી એલચીનો ભૂકો, ૧ નાની ચમચી વાટેલી વરિયાળી.

સૌ પ્રથમ ગુલાબની પાંખડી બરાબર સાફ કરીને સુકા કપડાં ઉપર સૂકવી દેવી. એક મોટા કાચના બાઉલમાં કે તપેલીમાં ગુલાબના પાન ગોઠવવાં. તેની ઉપર દળેલી સાકર ભભરાવવી. એલચી પાઉડર ભભરાવવો. વાટેલી વરિયાળીનો પાઉડર ભભરાવવો. ૧૦-૧૨ દિવસ તેને રાખી મૂકવું. ૧૦-૧૨ દિવસ બાદ ગુલાબના પાનમાં સાકર રહેવાથી બરાબર ઓગળી જશે. ગુલકંદ તૈયાર થઈ ચૂક્યું છે. એરટાઈટ ડબ્બામાં કે બહારથી લાવેલી કાચની બોટલમાં મિશ્રણ ભરી દેવું.

### કબજિયાતથી રાહત

દેશી ગુલાબથી બનતાં ગુલકંદમાં અનેક ગુણ જોવા મળે છે. ફાઈબરની સાથે તેમાં મેગ્રેશ્યિમનું પ્રમાણ લેક્સેટિવ પ્રભાવ ધરાવે છે. જે લાંબા સમયથી ચાલી આવતી કબજિયાતની સમસ્યાથી રાહત મેળવવામાં મદદ કરે છે. ■

---

feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# હોળી...



માનવ જીવન અનેક વિવિધતાઓથી ભરેલું છે આપણે આપણાં જીવનકાળમાં અનેક પ્રકારનાં કર્તવ્યો અને જવાબદારીઓ નિભાવવી પડે છે. જવાબદારીમાં માનવી એટલો બધો વ્યસ્ત થઈ જાય છે કે મનોરંજન કે હરવા-ફરવા માટે સમય મુશ્કેલીથી મળે છે. ત્યારે તહેવારો જીવનમાં સુખદ પરિણામ લાવે છે. જીવનમાં આનંદ-ઉલ્લાસ અને નવીનતાનો સંચાર કરે છે. ધર્મની અલગ-અલગ માન્યતાઓ હોય છે તેવી જ રીતે તહેવારો પણ મનાવવાની પરંપરા અલગ હોય છે. ઉત્સવો અને તહેવાર સાથે ભારતીય પ્રજા જીવંત રીતે સદીઓથી બંધાયેલી છે. દરેક તહેવાર અને ઉત્સવ મનાવવા પાછળ સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક કે વૈજ્ઞાનિક દૃષ્ટિ બિંદુ હોય છે.

રાષ્ટ્રીયભાવના, સામાજિકભાવના અને પ્રેમભાવના જગાવવામાં તહેવારો અને ઉત્સવો મહત્ત્વનો ભાગ ભજવે છે. જીવનમાં ઉત્સાહ, આનંદ અને ઉમંગ જળવાઈ રહે છે.

ભારતીય તહેવારોમાં સૌથી લોકપ્રિય તહેવાર હોળી છે. ઉત્તર ભારતમાં હોળી તહેવારનું ખાસ મહત્ત્વ છે. એક મહિના અગાઉથી હોળી ઉત્સવ મનાવે છે. જેમાં પ્રકૃતિનું વર્ણન ગીત-દોહા-છંદ ગવાય છે. પ્રેમગાથાઓનું વર્ણન થાય છે. હોળી પ્રગટાવાય છે. જે ખાસ કરીને ઘઉંનો છોડા (ઘઉં કાઢી લીધા પછી તેનો ઉપયોગ બાળવામાં કરવામાં આવે છે જેથી હવામાં રહેલા સંક્રમિત જીવાણુનો નાશ થાય) છાણા અને સૂકાપાન બાળવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ શરીરમાં સંક્રમિત જીવાણુનો નાશ થાય તેની માટે પ્રગટાવવામાં આવે છે.

હોળી સાથે ઘણી ધાર્મિક કથાઓ પણ જોડાયેલી છે. શોર્યપૂર્ણ રમતો રમવામાં આવે છે. યુવાનો વાજતે-ગાજતે ગામમાં ફરે છે અને ફાળો ઉઘરાવે છે જેને ઘેરૈયાઓ કહેવામાં આવે છે.

હોળી આવતાં લોકો ઉત્સાહિત થઈ જાય છે. આ સમય વસંતઋતુના વધામણાનો સમય હોય છે. ખેતરો પાકથી લહેરાતા હોય છે. કુદરતમાં પુષ્પોની પમરાટ અને એક જાતની માદકતા છવાઈ જાય છે. ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈ ઝૂમી ઊઠતાં જુવાન નર-નારીઓમાં જણાઈ આવે છે એટલે હોળીને દોલયાત્રા કે વસંતોત્સવ તરીકે પણ ઓળખાય છે. હોળી પ્રગટાવી આસૂરી તત્ત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું.

હોળીના બીજા દિવસે ધુળેટી મનાવાય છે. અબીલ - ગુલાલ તેમ જ કેસૂડાના ફૂલોથી બનેલા રંગો છાંટી ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે.

કેસૂડાનાં ફૂલો એક ઔષધિ છે. જે જીવાણુના સંક્રમણથી બચાવે છે. તેમ જ શારીરિક સમસ્યાઓથી નિજાત અપાવે છે. આપણા ઋષિઓ આનું મહત્ત્વ જાણતા તેથી આનો ઉપયોગ કઈ રીતે કરવો તેમને ખૂબ જ ઊંડું જ્ઞાન હતું. હોળી એ માત્ર તહેવાર કે પરંપરા નથી. પર્યાવરણથી માંડીને સ્વાસ્થ્ય માટે પણ ખૂબ મહત્ત્વપૂર્ણ તહેવાર છે. હોળી તહેવાર એવા સમયે આવે છે જ્યારે વાતાવરણમાં પરિવર્તન આવે. ઠંડીમાંથી ગરમ વાતાવરણ થવાને કારણે શરીરમાં થકાવટ અને સુસ્તીનો અનુભવ થાય છે. ઠંડીમાં ત્વચા સૂકી થઈ જાય છે. કફની પ્રવૃત્તિ શરીરમાં વધી જાય છે. કેસૂડાનાં ફૂલોના પાણીથી ત્વચાના છિદ્ર ખુલ્લા થાય, ત્વચા ઉત્તેજિત થાય. જીવાણુનું સંક્રમણ દૂર થાય, શારીરિક શક્તિ વધી જાય છે.

કેસૂડો એન્ટીવર્મ જે પેટના કીડા પણ નષ્ટ કરે છે. એસ્ટ્રીનજેન્ટ ગુણના કારણે ઝાડા થતાં નથી. તેમ જ મધુમેહ, હાઈપ્રેશર ને પણ નિયંત્રિત કરી નાખે છે.

અબીલ-ગુલાલ પણ ત્વચા ને જીવાણુથી મુક્ત કરે છે અને મનમાં ઉત્સાહ ભરી દે છે. આધુનિક કેમિકલ રંગો ત્વચાને નુકસાન પહોંચાડે છે. પ્રાકૃતિક રંગો આપણી પાસે ભરપૂર હાજર છે. ઘણાં પ્રકારનાં ફૂલોના ચૂર્ણથી પણ ધુળેટી રમી શકાય છે. જે શરીરને સ્ફૂર્તિથી ભરી દે છે. ધુળેટીની મજા એક મહિના સુધી લેવાય છે. એક મહિના સુધી રંગોત્સવનો પર્વ ચાલે છે. વિવિધ વાનગીઓ ખવાય છે.

જુવારની ધાણી જે રુક્ષ છે જે કફને શોષી લે છે તેમાં હળદર, મરી અને હીંગ નાખી ખવાય છે. જુવારનો ગ્લાયસેમિક ઈન્ડેક્ષ ઓછો છે જે કફને સૂકો બનાવી દે છે. ધાણી સાથે ખજૂર ખવાય છે. ધાણી રુક્ષ છે વધુ રુક્ષતા આવી જાય તો નબળાઈ જેવું લાગે તેથી ખજૂરનો ઉપયોગ કરાય છે. ખજૂર રસતૃપ્તિનું કામ કરે છે. જેથી શરીરના કોષોને ત્વરિત શક્તિ મળે. ધાણી જુવારમાંથી બને છે. જુવાર ધાન છે. તેને શેકી કાઢવામાં આવે તો તે પચવામાં હલકું બની જાય છે. કફને કારણે શારીરિક શક્તિ ઓછી હોય છે તેથી પચાવવાની શક્તિ નબળી હોય છે. તેથી હલકી ફૂલકી ધાણી વપરાય છે.

હારડા જેને હાયડા પણ કહેવાય છે જે મિશ્રીમાંથી બને છે. બાળકોને ગળામાં હારડાનો હાર પહેરાવવામાં આવે છે. બાળકો તેને ચૂસીને ખાય છે. જે બાળકોને રી-હાઈડ્રેશનથી બચાવે છે. આધુનિક કલરવાળા કે કેમિકલયુક્ત હારડા શરીર માટે જોખમી છે. હોળીના સમયે ઘણી વાનગીઓ બને છે જે પ્રાકૃતિક રીતથી બનેલી હોય તો શરીર ઊર્જાવાન બની જાય છે. શારીરિક સૌંદર્ય પણ નિખરી આવે. ગુજિયા, ખાજા, ઠંડાઈ અને અન્ય પકવાન ઘરે ઘરે બને છે તેમ જ બજાર પણ પકવાનોથી ભરેલી રહે છે.

ગરમીના સમયમાં પસીનો થાય જેથી શારીરિક ક્ષમતા ઓછી થઈ જાય. ગરમીની ઋતુમાં લૂ કે ગરમી કે રીહાઈડ્રેશન બચવાની તૈયારી એટલે હોળી-ધુળેટીના તહેવાર અથવા એમ કહો કે શરીરને ગરમીના સમય માટે તૈયાર કરવાની પ્રક્રિયા. ભારતીય તહેવારો એટલે ભારતીયો ને જીવન જીવવાની કળા અને ઉત્સાહ, ઉમંગથી રહેવા માટે મળેલી અમૂલ્ય ભેટ છે.

આપણી કહેવતો પણ અમૂલ્ય છે.

એક હતો રાજા<br>
ખાય ખૂબ ખાજા<br>
વાગે એના વાજા

હોળીના સમયમાં ખાજા ખાવાથી શરીરની શક્તિ વધી જાય છે.

એક હતી રાણી<br>
તેને ખૂબ થઈ ખાંસી<br>
તે ખાય ખૂબ ધાણી<br>
પછી પીએ પાણી.<br>
ખાસીનો ઈલાજ ધાણી છે<br>
ધાણી રુક્ષ હોય તેથી પાણી પીવું જોઈએ. ■

---

feedback@bombaysamachar.com

## વિશેષ

અનુ આર

# ગરમીની શરૂઆતમાં જ પડદાને બનાવો મોસમને સાનુકૂળ



ગરમીમાં એવા પડદા રાખવા જોઈએ જે રાહત અને ઠંડક આપે અને જે હલકા અને સાત્ત્વિક હોય. આથી જ ગરમી શરૂ થતાં જ ઘરના પડદાને મોસમને અનુકુળ બનાવી દેવાય તો ગરમીનો સામનો કરવામાં આસાની થાય છે. ગરમીમાં આપણે આપણી રૂમના પડદા બદલવા જોઈએ એ માટે બે કારણ હોઈ શકે. પહેલા તો આપણે ગરમીમાં રૂમના પડદા સંપૂર્ણ ડાર્ક રાખવા માગીએ છીએ અથવા તો ઓરડામાં અતિશય લાઈટ કલર રાખવા માગીએ છીએ. ગરમીની મોસમમાં બપોરે તડકો ચરમસીમાએ હોય ત્યારે આપણે ઓરડાને ડાર્ક કલરનો રાખવાનું પસંદ કરીએ છીએ જેથી આરામ કરતી વખતે વાતાવરણ કૂલ અને સ્મૂથ રહે, પરંતુ જેમ સાંજ પડે કે આપણને ઈચ્છા થાય છે કે મોસમની મજા માણીએ અને આ માટે હલકા અને પાતળા ફેબ્રિકનો ઉપયોગ કરવો બહેતર છે.

આથી ગરમીની મોસમમાં બે રંગના પડદાનો ઉપયોગ કરવો જોઈએ. ગરમીથી બચાવ જોઈતો હોય ત્યારે ઘેરા રંગના મોટા પડદાનો ઉપયોગ કરવો જોઈએ, જ્યારે સાંજે હલકા પડદામાંથી હવા આવતી હોય તો ઠંડકની પ્રતીતિ થાય છે. આમ જોવા જઈએ તો હેન્ડલુમના પડદા દેખાવમાં આકર્ષક હોય છે, પરંતુ પસંદ અને બજેટ પ્રમાણે વિચારીએ તો સિલ્કના પડદા હંમેશાં ટ્રેન્ડવાળા દેખાય છે. આંધ્ર પ્રદેશની કલમકારી ડિઝાઈનના પડદા અતિશય સુંદર દેખાય છે અને રૂમને પરંપરાગત લુક આપે છે. પડદાની પસંદગી વખતે દીવાલોના રંગને ખાસ ધ્યાનમાં રાખવો જોઈએ. એવું જરૂરી નથી કે ઓરડાની દીવાલ એક જ રંગની હોય. દિવાલના રંગ સાથે મેચ થતો પડદો લઈ શકાય. જોકે એક વાત નિશ્ચિત છે કે બારીમાં લાંબા પડદા સુંદર દેખાય છે. ડ્રોઈંગ રૂમ ફોર્મલ હોવાથી એમાં એ તકેદારી લો કે પડદા હલકા રંગના હોય. આનાથી રૂમ મોટો અને ખુલ્લો લાગે છે.

રૉયલ સિલ્કના પડદા ડ્રોઈંગ રૂમમાં વધારે ઉઠાવ આપે છે. બેડરૂમમાં ડાર્ક રંગના પડદા તમારો રોમાન્ટિક મૂડ વધારે છે. ગુલાબી રંગ તો બેડરૂમ માટે પર્ફેક્ટ હોય છે. તમે ઈચ્છો તો પ્રિન્ટવાળા પડદા પણ વાપરી શકો. બાળકોના રૂમમાં કાર્ટુન કેરેક્ટરની પ્રિન્ટ હોય એવા પડદા સારા અને મોહક લાગે છે. જોકે એ વાતનો ખ્યાલ રાખો કે ગરમીને ધ્યાનમાં રાખીને રંગ હલકો જ રાખો. પડદાના પ્રયોગમાં કંટાળો આવી જાય તો ગરમીમાં આની જગ્યાએ ચિકનો પ્રયોગ કરી શકાય. લિવિંગ રૂમ અને વરંડાની વચ્ચે તો ચિકનો ઉપયોગ સૌથી ઉત્તમ હશે. આનાથી હલકી લાઈટ રૂમની અંદર આવતી રહેશે અને જ્યારે ઈચ્છા થાય ત્યારે તેનો રોલ કરીને વીંટો વાળી શકાય. ચિકમાં વાંસ હોવાને લીધે ગરમી પણ નહીં થાય, ચિકનો ઓર્ડર આપતી વખત તેને ફર્નિચર સાથે મેચ કરી શકાય. જો સોફાના કવર કે કુશન કવર પર ગુજરાતી પ્રિન્ટની ફેબ્રિકનો ઉપયોગ કર્યો હોય તો એની બોર્ડર પર આનો જ ઉપયોગ કરવો ઉપયુક્ત હશે.

કુશન કવરના ચારે બાજુ લંગે પાઈપીન કે ચિકના બોર્ડ પર ધુંઘરું લગાડીને સુંદરતામાં ચાર ચાંદ લગાડી શકાય. આજ પ્રમાણે ગોલ્ડ બોર્ડર, સિલ્ક બોર્ડર, એનટિક બોર્ડર આજની ફેશનમાં અનુકૂળ છે. જો તમે પોતે ક્રિએટીવ હો તો કટપીસનો પ્રયોગ કરીને ચિકની બોર્ડરની સાથે કુશન કવરના બોર્ડર પર પેચ વર્કનું કામ કરી શકાય. આના ઉપયોગથી રૂમ ગરમીમાં ઠંડો અને આકર્ષક બનાવી શકાય. ■

---

feedback@bombaysamachar.com

## અગમચેતી

ભરત પટેલ

# અધૂરી ઊંઘ એટલે હતાશા અને ચિંતાનું ઘર

### ઉંમર પ્રમાણે જાણો કે તમારે કેટલા કલાક સૂવું જરૂરી છે



ઘણા ડૉક્ટરોનું માનવું છે કે અધૂરી ઊંઘ લેનારા માનવોને ઘણી વાર હતાશા અને ચિંતા ઘેરી વળે છે. ઘણા લોકો એવું સમજે છે કે થોડીવાર ઊંઘ કાઢવાથી પણ ફ્રેશ થઈ જવાય છે, પણ એવું નથી હોતું. દરેક વ્યક્તિએ પોતાની ઉંમર પ્રમાણે જરૂરી ઊંઘ લેવી જોઈએ, નહીં તો તેની સીધી અસર તેમના માનસિક સ્વાસ્થ્ય પર પડે છે અને તેઓના હતાશા અને ચિંતામાં ગરકાવ થવાની સંભાવનાઓ વધી જાય છે.

શારીરિક અને માનસિક રૂપે સ્વસ્થ રહેવા જેટલો જરૂરી શુદ્ધ આહાર છે, તેટલી જ જરૂરી પૂરતી ઊંઘ પણ છે. આજે આપણો સમાજ જે લાઈફસ્ટાઈલ અપનાવી રહ્યો છે તેમાં મોડી સાંજે ઘરે આવ્યા બાદ સોશિયલ મીડિયામાં પરોવાઈ જવાથી પૂરતી ઊંઘ લઈ શકાતી નથી. યુવાનો મોડી રાતે ચેટિંગ અથવા ગેમમાં રત રહેતા હોવાથી પૂરતી ઊંઘ લઈ શકતા નથી અને આપણે તેને હલકામાં લઈએ છીએ, પણ આની આપણા માનસિક સ્વાસ્થ્ય પર ખતરનાક અસરો પડી રહી છે.

પૂરતી ઊંઘ ન લેવાથી આપણું મગજ યોગ્ય રીતે કામ કરી શકતું નથી, અધૂરી ઊંઘથી માણસના સ્વભાવમાં ગુસ્સો અને થકાવટ જોવા મળે છે અને મગજ યોગ્ય રીતે કામ કરી શકતું ન હોવાથી યોગ્ય અને ઝડપી નિર્ણય લઈ શકાતા નથી, તેમજ તેની અસર જાતીય જીવન પર પણ પડતી હોય છે. આની અસર પ્રોફેશનલ અને પર્સનલ લાઈફ પર પણ પડે છે. આપ જીવનમાં સફળ થવા માગતા હો તો પોતાની ઊંઘ પર ધ્યાન રાખવાનું શરૂ કરો.

અધૂરી ઊંઘ આપના જીવનમાં ઘણી મુસીબતો લાવી શકે છે એટલે ચેતી જાઓ અને જાણી લો કે તમારી ઉંમર પ્રમાણે કેટલા કલાક ઊંઘ લેવી જરૂરી છે.

૪ મહિનાથી ૧૨ મહિનાના બાળકો માટે ૧૨ થી ૧૬ કલાક ઊંઘ જરૂરી છે, ત્યારે ૧ થી ૨ વર્ષના બાળકોને ૧૧ થી ૧૪ કલાકની ઊંઘ જરૂરી હોય છે, ત્રણથી પાંચ વર્ષના બાળકોને ૧૦ થી ૧૩ કલાકની ઊંઘ જરૂરી છે તો ૬ થી ૧૨ વર્ષના બાળકો માટે ૯ થી ૧૨ કલાકની ઊંઘ જરૂરી હોય છે. ૧૩ થી ૧૮ વર્ષના તરુણ-તરુણીઓએ ૮ થી ૯ કલાક ઊંઘ જરૂરી છે અને અંતે ૧૮વર્ષથી વધુ ઉંમરના લોકોએ ૮ થી ૧૦ કલાકની ઊંઘ બહુ જરૂરી છે. ■

# ગુજરાતભરમાં હોળી-ધુળેટીની ઉત્સાહપૂર્વક ધામધૂમથી ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતભરમાં ઉત્સાહપૂર્વક હોળી-ધુળેટીની ઉજવણી કરાઈ હતી. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિતના મહાશહેરોનું યુવાધન ડીજેના તાલે ઝૂમી ઊઠ્યો હતો. નાના-મોટા સૌ કોઈ એકબીજાને રંગ લગાવી ધુળેટીની મજા માણી હતી સાથે ડીજેના તાલે ક્યાંક ડાન્સ તો ક્યાક લોકો ગરબા રમીને ધુળેટી ઉજવી હતી. રાજ્યના ધાર્મિક સ્થળ સોમનાથ, દ્વારકા, સાળંગપુર અને ડાકોર સહિતના સ્થળોએ રંગેચંગે હોળી-ધુળેટીની ઉજવણી કરાઈ હતી.

સુરતમાં પાર્ટી પ્લોટોમાં ધુળેટીની ઉજવણીનું મોટા પાર્ટી પ્લોટમાં આયોજન કરાયું હતું. રેઇન પાર્ટી, મર્ડ પાર્ટી, ફોર્મ પાર્ટીમાં ડીજે પર લોકો ઝુમી રહ્યાં છે. મોટા આયોજનોમાં જુદા-જુદા પ્રકારના સેલ્ફી પોઇન્ટ પણ બનાવાયા હતા. લોકોએ રંગોમાં રંગીન સેલ્ફીઓ પણ પડાવી હતી. અમદાવાદના વિવિધ પાર્ટી પ્લોટમાં ધુળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના બાળકોથી માંડીને મોટા સૌ કોઈ ધુળેટીના રંગમાં રંગાયા હતા, ત્યારે શહેરના સવારથી જ પોતાના મિત્રો અને પરિવારજનો સાથે ધુળેટીના પર્વની ઉજવણી કરી હતી. રાજકોટ શહેરમાં ૧૫ જેટલા ખાનગી પાર્ટી પ્લોટમાં ડીજેના તાલે ધુળેટી પાર્ટીનું આયોજન કરાયું હતું. લોકો ડીજે વિથ ડાન્સ, રેઇન ડાન્સ, ફોર્મ ડાન્સ, તેમ જ અબીલ ગુલાલના રંગે રંગાય રહ્યા છે. આ સાથે જ કાદવ-કીચડમાં પણ લોકોએ ધુળેટી રમી મોજ માળી હતી. રાજકોટમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ પરિવાર સાથે ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. વડોદરા શહેરમાં સવારથી જ રંગોના ઉત્સવની ઉજવણી થઇ રહી છે. સવારે મંદિરોમાં પણ શ્રદ્ધાળુઓની ભીડ જામી હતી. મંદિરોમાં પણ ધુળેટીની ઉજવણી થઇ હતી. વડોદરા નજીક આવેલ મહિસાગર નદી કિનારાના લાછણપુર, સિંધરોટ તેમ જ નર્મદા નદી કિનારાના દીવેર, નારેશ્વર, ચાણોદ સહિતના સ્થળો સૂમસામ રહ્યા હતા. નદી કિનારાના સ્થળોએ વહેલી સવારથી જ શહેર, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આમ છતાં, અનેક લોકો નદી કિનારે પહોંચ્યા હતા અને નદી કિનારે પહોંચી ધુળેટી રમ્યા હતા. ■

# ડાકોર રણછોડરાય મંદિરમાં ફૂલડોલોત્સવ ઉજવાયો: ભગવાન સોના-ચાંદીની પિચકારીથી ધુળેટી રમ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પવિત્ર યાત્રાધામ ડાકોરમાં સોમવારે પૂનમના દિવસે જ ફૂલડોલોત્સવ ઉજવણી કરાઈ હતી. પૂનમ અને ફૂલડોલોત્સવ એક જ દિવસે ઉજવણી કરાતા રણછોડરાયના ભક્તો ગેલમાં આવી ગયા હતા. સમગ્ર મંદિર પરિસર ''જય રણછોડ માખણ ચોર''ના નાદના ગગનચુંબી જયઘોષથી ગૂંજી ઊઠ્યું હતું. મંગળા આરતીના ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે, જય રણછોડ માખણ ચોરના જયઘોષથી સમગ્ર ડાકોર ધામ ગુંજી ઊઠ્યું હતું. અહીંયા ચૌદશથી જ અવિરત પદયાત્રિકોના સંઘો ડાકોરમાં આવવા લાગ્યા હતા. ભક્તોએ ગોમતીઘાટ સહિત અન્ય જગ્યાએ રાતવાસો કરી વહેલી સવારે ચાર વાગ્યે મંગળા દરમિયાન મંદિરનાં દ્વાર ખૂલતાં ભક્તો ઊમટી પડ્યા હતા. હૈયાથી હૈયું દળાય તેટલી ભાવિકોની ભીડ ઊમટી પડી હતી. મંગળા આરતીનાં દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સવારે નવ વાગ્યે ફૂલડોલોત્સવ મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. ભગવાન કૃષ્ણ જ્યારે વ્રજવાસીઓ સાથે ધુળેટી રમ્યા હતા તે જ રીતે અને તે જ ભાવથી રણછોડરાય ભગવાન પોતાના ભક્તો સાથે ધુળેટી રમ્યા હતા. શણગાર આરતી બાદ રણછોડજી બાલગોપાલ લાલજી બિરાજમાન થયા હતા, જેના બાદ અબીલ ગુલાલ સહિતના વિવિધ રંગો સાથે સોના અને ચાંદીની પિચકારી ભરીને ભગવાન ભક્તો સાથે ધુળેટી રમ્યા હતા. જે દરમિયાન ભગવાનને ધાણી, ચણા અને ખજૂરનો ભોગ ધરાવવામાં પણ આવ્યો હતો. ડાકોરમાં ફાગણી પૂનમે ૩૦૦થી વધુ સંઘો આવ્યા હતા. ફાગણી પૂનમે અંદાજે નાની મોટી ૫૦૦થી વધુ ધજાઓ ચઢી હતી.

# વિસનગરમાં ખાસડાં યુદ્ધ કરીને ધુળેટી ઉજવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં છેલ્લા ૧૫૦ વર્ષથી વિસનગરમાં ખાસડાં યુદ્ધ રમી ધુળેટીની અનોખી ઉજવણી કરવાની પરંપરા છે. સમય જતા હવે ખાસડાંની જગ્યા શાકભાજીએ લઈ લીધી છે.

વિસનગર શહેરના મંડી બજાર વિસ્તારમાં સોમવારે વહેલી સવારથી ખાસડાં યુદ્ધમાં મોટી સંખ્યામાં લોકોએ જોડાઇ સામસામે ખાસડાં તેમ જ શાકભાજી ફેંકી ઉજવણી કરી હતી. ધુળેટીના દિવસે શહેરના ઉત્તર ભાગમાં વસતા વિવિધ સમાજના લોકો તેમ જ દક્ષિણ ભાગમાં વસતા વિવિધ સમાજના લોકોના બે જૂથ એકઠા થાય છે અને સામસામે જૂતા અને શાકભાજી મારીને આ યુદ્ધ શરૂ કરવામાં આવે છે. જેને ખાસડું વાગે તેનું સમગ્ર વર્ષ સારું જતું હોવાની માન્યતા પ્રવર્તતી હોય છે. આ યુદ્ધમાં પહેલા જૂતા તેલમાં ડુબાડીને એકબીજા પર ફેંકવામાં આવતા હતા, પરંતુ સમય જેમ બદલાયો છે તેમ અત્યારે તેની જગ્યા પર શાકભાજી આવી ગઈ છે. વર્ષો પૂર્વે આ ખાસડાં યુદ્ધની પરંપરા મહારાષ્ટ્રમાં ચાલતી હતી અને તે સમયે ગુજરાત મુંબઇ રાજ્યમાં હતું ત્યારથી આ અનોખા યુદ્ધની શરૂઆત વિસનગર શહેરમાં થઇ છે. જે પારંપરિક રીતે ચાલતી આવે છે. ■

ગુજરાતની અનોખી હોળી

# પ્રભાસ પાટણમાં ગાળો ન બોલાય ત્યાં સુધી હોળી પ્રગટાવાતી નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથના પ્રભાસતીર્થમાં અનોખો હોલિકા ઉત્સવ ઉજવાય છે. હોળિકાના પ્રાગટ્ય સમયે મોટા અવાજે અપશબ્દો બોલાવામાં આવે છે. વાસ્તવમાં આ ઉચ્ચારણો અપશબ્દો નહી, પરંતુ સંસ્કૃત ભાષાના આ ઉચ્ચારણો છે. જેના દ્વારા ભગવાન ભૈરવનાથને આવનારો સમય સારો રહે તેની પ્રાર્થના કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી ઉપલબ્ધિ તેના તહેવારો છે. આવો જ કાંઇક અનોખો હોલીકાઉત્સવ ગીર સોમનાથના પ્રભાસ પાટણમાં ઉજવાય છે.

હોલીકા દહનના પ્રારંભે મોટા અવાજે અપશબ્દોના ઉચ્ચારણ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આ અપશબ્દ નહીં, પરંતુ આને ફાગ કહેવામાં આવે છે, જે સંસ્કૃત ભાષાનો એક પ્રકારનો ઉચ્ચારણ છે અને આ ફાગના ઉચ્ચાર સાથે સારા દિવસોની ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે.

સોમનાથના તીર્થ પુરોહિત સમાજના દિવ્યેશ જાનીએ આ અનોખી હોળીના મહિમા વિશે જણાવ્યું હતું કે, પ્રભાસ તીર્થના રામરાખ ચોખમાં આદિ અનાદિ કાળથી સમસ્ત હિન્દુ સમાજ ભેગો થઇ ઉજવે છે. મિત્રમંડળ દ્વારા સાત દિવસ પહેલા ખેતરોમાંથી માટી લઈને પહેલા તેને પલાળવામાં આવે છે. હોળીના આગલા દિવસે આ માટીથી કાલભૈરવની મૂર્તિ બનાવવામાં આવે છે. ઉજવાતા આ અનોખા હોલિકા ઉત્સવમાં ગત વર્ષે હોલિકા ઉત્સવમાં પુલવામાં શહીદ થયેલા જવાનોના પરિવાર માટે ભંડોળ એકઠું કરી આધ્યાત્મિકતાની સાથે દેશભક્તિનું પણ ઉમદા ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. કોરોના મહામારી સમયે બીમારીમાં કેમ રક્ષણ મેળવવું તેવા ફટાકડા દરેક મિત્રમંડળના સભ્યોએ લગાડી લોકોને સજાગ કરવામાં આવ્યા હતા. ■

# અમદાવાદમાં ગરમીની અસર: પારો વધતાં શાકભાજીના ભાવ ઊંચકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવસે ને દિવસે ગરમીનો પારો જેમ જેમ વધી રહ્યો છે તેમ તેમ તેની સીધી અસર શાકભાજીના ભાવમાં દેખાઈ રહી છે. અમદાવાદના એપીએમસી માર્કેટમાં ઉનાળું શાકભાજીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો હતો.

અમદાવાદ એપીએમસીમાં વિવિધ શાકભાજીની આવક થઈ રહી છે. છેલ્લા એક અઠવાડિયાથી શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો છે, જેમાં આદુંના ભાવ હાલ આસમાને પહોંચ્યા છે. આ સાથે લીંબુ, મરચાં, વાલોર, બટાકા જેવા શાકભાજી પણ મોંઘા થયા છે, જ્યારે ગુવાર, વાલોર, ગાજર, ટામેટા જેવા શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. એક અઠવાડિયા પહેલાના અને હાલના શાકભાજીનાં ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો-ઘટાડો નોંધાયો છે. અમદાવાદ એપીએમસી માર્કેટમાં આદું રૂ. ૧૨૮ પ્રતિ કિલો, ચોળી રૂ. ૧૧૦ પ્રતિ કિલો, લીંબુ રૂ. ૧૧૦ પ્રતિ કિલો, ગુવાર રૂ. ૮૦ પ્રતિ કિલો, મરચા રૂ. ૭૦ પ્રતિ કિલો, તુવેર રૂ. ૬૦ પ્રતિ કિલો, કારેલા અને વટાણા રૂ. ૫૦ પ્રતિ કિલો, વાલોર રૂ. ૫૦ પ્રતિ કિલો ભાવ નોંધાયા છે, જ્યારે બટાકા અને ડુંગળી રૂ. ૧૮ પ્રતિ કિલો, ગાજર રૂ. ૧૬ પ્રતિ કિલો તથા ટામેટા રૂ. ૧૫ પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. અઠવાડિયા પહેલા શાકભાજીના ભાવની વાત કરીએ તો આદું રૂ. ૧૦૦ પ્રતિ કિલો, ચોળી ૧૧૦ રૂપિયા પ્રતિ કિલો, લીંબુ રૂ. ૯૦ પ્રતિ કિલો, ગુવાર રૂ. ૯૦ પ્રતિ કિલો, મરચા રૂ. ૬૦ પ્રતિ કિલો, તુવેર અને વાલોર રૂ. ૫૫ પ્રતિ કિલો, કારેલા અને વટાણા રૂ. ૫૦ પ્રતિ કિલો ભાવ નોંધાયો હતો, જ્યારે બટાકા ૧૪ રૂપિયા પ્રતિ કિલો તથા ડુંગળી, ગાજર અને ટામેટા ૧૮ રૂપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો હતો. સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું કે શાકભાજીના ભાવમાં થતી વધ-ઘટ, વાતાવરણમાં થતા ફેરફાર, સિંચાઈના પાણીની જરૂરિયાતો, શાકભાજીની ક્વૉલિટી અને જથ્થો, આયાત-નિકાસનો ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન ચાર્જ તેમ જ અન્ય વધારાના ખર્ચને આધારે શાકભાજીના ભાવ નક્કી થાય છે. વધુમાં હજુ જેમ જેમ ઉનાળાની ગરમી આકરી થશે તેમ તેમ અન્ય શાકભાજીના ભાવ પણ વધુ ઊંચકાવાની શક્યતા છે. ■

ગુજરાતમાં આજે હિટવેવ

# તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં દિવસેને દિવસે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યનો એક જિલ્લો હાલ આગની ભઠ્ઠીની જેમ શેકાઈ રહ્યો છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છવાસીઓએ ઉનાળાની શરૂઆતે જ આકરી ગરમી સહન કરવા તૈયાર રહેવાની સાથે હિટવેવની આગાહી કરી હતી

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ રાજ્યમાં ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળશે. ગુજરાતના મોટાભાગે હિટવેવના વિસ્તારોમાં તાપમાન ૩૯-૪૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. ૨૫ થી ૨૬ માર્ચ સુધી કચ્છ, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ અને, અમરેલીમાં હિટવેવની આગાહી છે. આગામી દિવસોમાં ૧ થી ૨ ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે. જેમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમથી પશ્ચિમ તરફ રહેશે. રાજ્યમાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ગુજરાતના અનેક શહેરોમાં હીટવેવની આગાહી કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં હિટવેવની આગાહી છે. અહીં પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, કચ્છમાં ભીષણ ગરમી પડશે. તો ગીર સોમનાથમાં સિવિયર હિટવેવની આગાહી છે. મોટાભાગના શહેરોનું તાપમાન ૩૮ ડિગ્રી ઉપર નોંધાયું છે. બીજી બાજુ માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો, પરંતુ આ મહિનાના બીજા સપ્તાહથી જ રાજકોટ જિલ્લામાં સૌથી વધુ ગરમી જોવા મળી રહી છે. આવામાં બીજી તરફ કહેવાય છે કે, રાજ્યમાં ઉનાળામાં જળસંકટ આવી શકે છે.

ઉત્તર ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્રના જળાશયોમાં માત્ર ૪૦ ટકા પાણી બચ્યું છે. તો રાજ્યના કુલ જળાશયોમાં માત્ર ૫૭ ટકા જેટલું પાણી છે. તો આવામાં ઉનાળો કેવી રીતે કાઢવો તે મોટો સવાલ છે. ■

# ગુજરાતભરનાં ૧૧ સ્થળે વિશિષ્ટ મતદાન મથક ઊભાં કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ચૂંટણી તંત્ર દ્વારા રાજ્યભરના ૧૧ સ્થળે વિશિષ્ટ મતદાન મથક તૈયાર કરવામાં આવે છે. આ એવા મતદાન મથકો કે જે ગુજરાતમાં ક્યાંક એવી વ્યક્તિ માટે તો ક્યાં જંગલ, પર્વત જેવા દુર્ગમ વિસ્તારોમાં ઊભા કરવામાં આવ્યા છે. બાણેજમાં એકમાત્ર પૂજારીના મત માટે વ્યવસ્થા ઊભી થાય છે.

રાજ્યમાં ૧૧ મતદાન મથકો એવા છે કે જ્યાં ઓછા મતદારો હોવા છતાં એમનો મત કિંમતી હોઈ એમના માટે ખાસ પ્રકારની વ્યવસ્થા ચૂંટણી પંચની ગુજરાત ઓફિસે કરવી પડે છે. ગીર સોમનાથ જિલ્લામાં ઊના વિધાનસભા ક્ષેત્રનું બાણેજ મથક ઘનિષ્ઠ જંગલ વિસ્તારમાં આવેલું છે, જ્યાં શિવ મંદિરના પૂજારી મહંત હરિદાસ ઉદાસીન એકમાત્ર મતદાર રહેતા હોઈ ૨૦૦૭થી મંદિરની બાજુમાં ફોરેસ્ટ ઑફિસમાં મતદાનની વ્યવસ્થા કરવી પડે છે. દ્વારકા જિલ્લામાં ખંભાળિયા વિધાનસભા બેઠકમાં પડતો અજાડ ટાપુ દરિયાકિનારાથી ૧૦ કિલોમીટર દૂર છે, જ્યાં રહેતા ૪૦ મતદાર માટે તંબુમાં મતદાન મથક ઊભું કરવામાં આવે છે. દ્વારકાના ખંભાળિયા વિધાનસભા બેઠક વિસ્તારમાં આવતો કિલેશ્વર નેસ બરડાના જંગલમાં આવેલો છે, જ્યાં રહેતા ૫૧૬ મતદાર માટે વાયરલેસ સેટ સાથે મતદાન મથક ઊભું કરાય છે. ભરૂચમાં વાગરા વિધાનસભા ક્ષેત્રમાં પડતા આલિયા બેટ ખાતે ૧૩૬ પુરુષ અને ૧૧૮ સ્ત્રી મળીને ૨૫૪ મતદાર માટે વ્યવસ્થા ઊભી થાય છે. અમરેલી જિલ્લામાં રાજુલા વિધાનસભા ક્ષેત્રમાં આવતો આ નાના દરિયાઈ ટાપુ ઉપર ૫,૦૪૮ મતદાર વસે છે. જે માછીમારો છે. અહીં પાંચ મતદાન મથકો માટે ચૂંટણીતંત્ર બોટમાં આવી વ્યવસ્થા ઊભી કરે છે. ગીર સોમનાથના ઊના વિધાનસભા ક્ષેત્રમાં સાપ નેસ બિલિયા નામક એવો નેસ છે કે જ્યાં ૨૩ પુરુષો અને ૧૯ મહિલા મળીને ૪૨ મતદારો માટે ૨૦૦૭થી તંબુમાં મતદાન મથક ઊભું કરાય છે. ગીર સોમનાથ જિલ્લામાં તલાળા વિધાનસભા ક્ષેત્રમાં માધુપુર અને જાંબુર મતદાન મથકો અહીં રહેતાં ૩,૫૧૫ જેટલા સિદ્દી સમાજના મતદારો માટે ઊભા કરાય છે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડા વિધાનસભા ક્ષેત્રમાં આ સ્થળ ગાઢ જંગલ અને પર્વતીય વિસ્તારથી ઘેરાયેલું છે, જ્યાં ૭૨ પુરુષો અને ૬૨ મહિલા મળીને ૧૩૪ મતદાર માટે જંગલમાં ૩૭ કિલોમીટર દૂર વ્યવસ્થા ઊભી કરવી પડે છે. પોરબંદર જિલ્લામાં કુતિયાણા વિધાનસભા ક્ષેત્રમાં પડતા બરડાના જંગલમાં આ ત્રણ નેસ આવેલા છે, જ્યાં કુલ ૨,૩૦૪ મતદાર માટે વાયરલેસ સેટ સાથે ત્રણ મથક ઊભા કરવા પડે છે. જૂનાગઢ જિલ્લામાં વિસાવદર વિધાનસભા ક્ષેત્રમાં પડતું કનકાઈ મતદાન મથક જંગલ અને નેસ વિસ્તારમાં આવેલું છે, જ્યાં ૧૨૧ મતદાર માટે વાયરલેસ સેટ સાથે મતદાન મથક ઊભું કરાય છે. મહીસાગર જિલ્લામાં સંતરામપુર વિધાનસભા બેઠકમાં આવતો આ બેટ કડાણા ડેમના જળાશયમાં આવેલો છે, જ્યાં ૩૮૧ પુરુષ અને ૩૪૪ સ્ત્રી મળીને લગભગ ૭૨૫ મતદાર રહે છે, જેમના માટે બોટની વ્યવસ્થા ઊભી કરવી પડે છે. ■

# ગુજરાતમાં ભાજપે ૨૦૧૯માં મોટા ભાગની બેઠકો એક લાખથી વધુ સરસાઇથી જીતી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ ગઇ છે અને મોટાભાગની બેઠકો ઉપર રાજકીય પક્ષના ઉમેદવારો દ્વારા ટિકિટની જાહેરાત કરી દેવાઇ છે, બીજી બાજુ કૉંગ્રેસના નેતાઓ ચૂંટણી લડવાની ના પાડી રહ્યા છે. ત્યારે પ્રચાર યુદ્ધ એપ્રિલ મહિનામાં ઉમેદવારીપત્રો ભરવા સાથે શરૂ થશે. જોકે ૨૦૧૯ની છેલ્લી લોકસભાની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોને જે પ્રચંડ સરસાઇથી વિજય મળ્યો હતો તે જોતા કૉંગ્રેસ અને આપના ઉમેદવારો માટે ૨૦૨૪ની ચૂંટણીનો જંગ કપરો રહેશે, કારણકે ભાજપના તમામ ઉમેદવારને એક લાખ કરતાં વધુ મતની સરસાઇ મળેલી છે.

૨૦૧૯માં સૌથી ઓછી સરસાઇથી જીતેલી દાહોદની બેઠક ઉપર પણ ભાજપના ઉમેદવાર હરિફ ઉપર ૧,૨૭,૫૯૬ મતની સરસાઇ ધરાવતા હતા. આ બેઠક ઉપર જસવંતસિંહ ભાભોર વિજયી થયા હતા. તો સમગ્ર રાજ્યમાં સૌથી વધુ મતની સરસાઇ ધરાવતી બેઠક ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની હતી. જેમાં તેમણે ૬,૮૯,૬૬૮ મતની સરસાઇથી જંગી વિજય મેળવ્યો હતો. પાંચ લાખ કરતા વધુ મતની સરસાઇથી જીતી હોય તેવી ૨૬માંથી ૪ બેઠક હતી. ૪ લાખ કરતા વધુ મતની સરસાઇથી જીતેલી બેઠક ૨, ૩ લાખ કરતા વધુ મતની સરસાઇથી જીતેલી બેઠક ૯, બે લાખ કરતાં વધુ મતની સરસાઇથી જીતેલી બેઠક સાત અને એક લાખ કરતા વધુ મતની સરસાઇથી જીતેલી બેઠક ૪ હતી. કૉંગ્રેસને એક બેઠક પણ જીતવી હોય તો ઓછામાં ઓછા સવા લાખ મતની સરસાઇ કાપવી પડે તેમ છે. તે પછી એવી પણ બેઠકો છે જેની સરસાઇ બે લાખથી લઇ પોણા સાત લાખ મત કરતાં પણ વધુ છે. વડોદરાનાં રંજનબેન ભટ્ટની ૫.૮૯ લાખની સરસાઇ હતી વડોદરાનાં પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટને ભાજપમાંથી ટિકિટ અપાઇ હતી અને તેમણે પ્રચાર પણ શરૂ કરી દીધો હતો.

જોકે આંતરિક વિરોધ વધતા તેમણે ચૂંટણી લડવાની અનિચ્છા વ્યક્ત કરી હતી. તેમણે ૨૦૧૯ની ચૂંટણીમાં ૫.૮૯ લાખની જંગી સરસાઇથી વડોદરા બેઠક ઉપર વિજય મેળવ્યો હતો.

ભાજપ માટે એકંદરે ચિંતા કરવી પડે તેવી બેઠકોમાં બનાસકાઠા, પાટણ, દાહોદ અને જૂનાગઢનો સમાવેશ થાય છે. ■

# અંજારમાં બે પેઢીનું દોઢ કરોડનું કાચું સોનું અને ૨૦ લાખની રોકડ લઇ પરપ્રાંતીય કારીગર ગાયબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના અંજાર શહેરમાં બે જ્વેલર્સ પેઢીના માલિકો પાસેથી સોનું લઈને ઘરેણાં બનાવી આપતો પરપ્રાંતીય કારીગર બે પેઢીના માલ અને રોકડા ૨૦ લાખ મળી કુલ ૧.૫૫ કરોડની માલમત્તા સાથે ગાયબ થઈ જતાં રાજ્યભરની સોની બજારમાં ચકચાર મચી ગઈ છે.

પત્ની અને પુત્રને અંજારમાં જ રાખીને ૨૭ ડિસેમ્બરથી ગાયબ થઈ ગયેલા કારીગરને શોધવા અંદરખાને ભારે પ્રયાસો છતાં તેનો કોઈ પત્તો ના મળતાં તેની વિરુદ્ધ આજે અંજાર પોલીસ મથકે બંને પેઢીએ બે અલગ અલગ ફોજદારી ફરિયાદ નોંધાવી છે.

અંજાર પોલીસ મથકેથી જાણવા મળેલી વિગતો અનુસાર તપન સાહુ નામનો આ ફુલેકુ ફેરવી જનારો કારીગર શહેરની મચ્છીપીઠમાં ઘનશ્યામ વર્કશોપ નામથી સોના-ચાંદીના દાગીના બનાવવાનું કામ કરતો હતો. અંજારના છ મીટર રોડ, ગંગા બજારમાં આવેલી જેનિલ જ્વેલર્સ નામની પેઢીએ તેને ગત જૂનથી ડિસેમ્બર ૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ઘરેણાં બનાવવા ૫૩ લાખના મૂલ્યનું ૮૪૯ ગ્રામ શુદ્ધ સોનું આપ્યું હતું. તો, અંજારની નગરપાલિકા કોલોનીમાં આવેલી સોની કાન્તિલાલ નારણ નામની જ્વેલર્સ પેઢીએ છેલ્લાં એક-દોઢ વર્ષ દરમિયાન તેને ૮૦ લાખના મૂલ્યની ૧૨૦ કિલો ચાંદી, ઘરેણાંની મજૂરી પેટે બૅંક મારફતે ૨૦ લાખ રોકડા રૂપિયા અને એક ગ્રાહકે સમારકામ કરવા આપેલી બે લાખની કિંમતની ૩૫ ગ્રામ સોનાની પોંચી આપી હતી. ગત ૨૭મી ડિસેમ્બર બાદ તપન સાહુ તેનો મોબાઈલ નંબર સ્વિચ ઑફ કરીને ભેદી રીતે ગાયબ થઈ જતાં સોનીઓ તેના વર્કશોપ પર ગયા ત્યારે ત્યાં હાજર કારીગરોએ શેઠ બહારગામ ગયાં હોવાનું જણાવ્યું હતું. શક જતાં સોનીઓ સોરઠિયા ફળિયામાં રહેતા તપનના ઘેર ગયાં ત્યાં હાજર પત્ની-પુત્રએ રડતાં રડતાં તે અમને મૂકીને કશું કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે, તેવું જણાવ્યું હતું.

સાતેક વર્ષથી તપનને ઘરેણાં બનાવવા માટે લાખો રૂપિયાનો માલ આપતા રહેતા સોનીઓએ આપેલી માહિતીના આધારે પોલીસે સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં ભર ઉનાળે ભૂવો પડ્યો: ખાડામાં રિક્ષા ખાબકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ભૂવા પડવાની સમસ્યા યથાવત્ છે. શહેરના જુહાપુરા વિસ્તારના ફતેવાડી કેનાલ નજીક ૮થી ૧૦ ફુટ ઊંડો ભૂવો પડ્યો છે. ભૂવામાં રિક્ષા ખાબકતા ચાલકનો આબાદ બચાવ થયો હતો, તેમ જ ક્રેનની મદદથી રિક્ષાને બહાર કાઢવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરને સ્માર્ટ સિટીનું બિરુદ તો મળ્યું છે. સ્માર્ટ સિટીના રસ્તાઓ સ્માર્ટ નહીં પરંતુ જીવલેણ છે. કારણ કે, શહેરના વિવિધ માર્ગની વચ્ચે વચ્ચ ગટરના ઢાકણું તૂટી ગયું છે. છેલ્લા ઘણા સમયથી તંત્ર ઊંઘી રહ્યું છે. જેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી વાહનચાલકો રાત્રિના ખાડામાં પટકાતાં અકસ્માતનો ભોગ બને છે. સદનસીબે તમામ લોકોને ઈજાઓ જ પહોંચી છે પણ કોઇ ગંભીર ઇજા થાય તો આ ખરાબ રસ્તાનું જવાબદાર કોણ તેવી લોકચર્ચા શરૂ થઇ છે. ■

# અમદાવાદનો એસ. પી. રિંગ રોડ સ્ટંટબાજોનો હોટ ફેવરિટ બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં નબીરાઓ એસજી હાઇવે, સિંધુભવન રોડ જેવા પોશ વિસ્તારમાં સ્ટંટ કરતા હતા તે રીતે હવે સ્ટંટ બાજોએ વિસ્તાર બદલી નાખ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. સ્ટંટબાજો માટે પૂર્વનો એસપી રિંગ રોડ, નિરાંત ચાર રસ્તાથી વસ્રાલ ચાર રસ્તા, ઓઢવ રિંગ રોડ, નિકોલ રિંગ રોડ, શાહીબાગ ઘેવર સર્કલ તથા મીઠાખળી ચાર રસ્તાથી નહેરુબ્રિજ રોડ પર ફેવરિટ બન્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક માસમાં વાયરલ થયેલા વીડિયો પૂર્વ વિસ્તારની ઘટનાનો હોવાનું બહાર આવતા પોલીસે તે મુજબ કાર્યવાહી કરી હતી. આ મામલે ટ્રાફિક વિભાગના અધિકારીઓનું કહેવું છે કે થોડા સમય પહેલા પોશ વિસ્તારમાં સ્ટંટના કિસ્સા વધ્યા હોવાથી ટ્રાફિક પોલીસે સ્ટંટબાજોને પકડવા માટે સતત સોશિયલ મીડિયા પર નજર રાખીને ડ્રાઇવ પણ યોજી હતી, જેના કારણે સ્ટંટબાજો હવે એસપી રિંગરોડનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. આવા સ્ટંટ કરતા લોકો સામે ગુનો નોંધવાની સાથે ટ્રાફિક પોલીસ લાયસન્સ રદ કરવા માટેની પણ કાર્યવાહી કરે છે. ■

# ગોધરામાં હમીરપુર રોડ મેસરી નદીના પટમાં ગૌમાંસનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગોધરા શહેરમાં હમીરપુર રોડ પર આવેલી એક સ્કૂલ પાછળ મેસરી નદીના પટમાંથી ગૌમાંસનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસની રેડ દરમિયાન ચાર ઈસમ નાસી છૂટ્યા હતા. પોલીસે રૂ. ૮૨,૪૦૦ની કિંમતનો ૪૧૨ કિલોગ્રામ માંસનો જથ્થો કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે ગોધરા શહેરના હમીરપુર રોડ પર આવેલી સ્કૂલ પાછળથી પસાર થતી મેસરી નદીના પટમાં ઈરફાન સિરાજ બોકડાં, તાહિર સિરાજ બોકડા અને ઇકરામ સિકંદર ગીતેલી નામના ઈસમો ભેગા મળીને ગૌવંશની કતલ કરીને ગૌમાંસ સગેવગે કરવાની બાતમીના આધારે છાપો માર્યો હતો.

પોલીસને જોઇને ઈરફાન સિરાજ બોકડાં, તાહિર સિરાજ બોકડા, ઇકરામ સિકંદર ગીતેલી અને સુફિયાન હુસેન વલીવાંકા નામના ચાર ઇસમો અંધારામાં નાસી છૂટ્યા હતા, જે બાદ પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા તાડપત્રી પર માંસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી વેટરનરી તબીબને જાણ કરતા વેટરનરી તબીબ દ્વારા માથું અને પગના આધારે આ માંસનો જથ્થો ગૌવંશનો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું. પોલીસે માંસના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યારે સ્થળ પરથી પોલીસ દ્વારા રૂ. ૮૨,૪૦૦ની કિંમતનો ૪૧૨ કિલોગ્રામ માંસનો જથ્થો કબજે કરી ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ચાર ઈસમો સામે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# ગુજરાત-રાજસ્થાન સરહદે કારમાંથી એક કરોડ રોકડા મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાત- રાજસ્થાન સરહદ પરથી શામળાજી પોલીસે કારમાંથી એક કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરી હતી. પોલીસે કારચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર લોકસભાની ચૂંટણી પગલે રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પરથી પસાર થતાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શામળાજી પોલીસે અણસોલ ચેકપોસ્ટ પરથી રાજસ્થાન પાસિંગની કારના ગુપ્તખાનામાંથી ન્યૂઝ પેપરમાં વિંટાળેલ એક કરોડ રૂપિયા બિનહિસાબી મળી આવતા પોલીસ ચોંકી ઊઠી હતી. પોલીસે અધધ ૧ કરોડ બિનહિસાબી રોકડ રકમ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૧.૦૨ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર રૂપિયા કયાંથી લઇ કોને પહોંચાડવાના હતા એ અંગે કારચાલકની પૂછપરછ હાથ ધરી હતી. ■




# પંજાબે બેંગલૂરુને જીતવા આપ્યો ૧૭૭ રનનો ટાર્ગેટ, કેપ્ટન ધવનનું દમદાર પ્રદર્શન



બેંગલૂરુ: ઇન્ડિયન પ્રિમિયર લીગની છઠ્ઠી મેચ પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ વચ્ચે રમાઇ હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા પંજાબ કિંગ્સે ૨૦ ઓવરમાં ૧૭૬ રન કર્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી બેંગલૂરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં કેપ્ટન શિખર ધવને સૌથી વધુ ૪૫ રન કર્યા હતા જેમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે.

પંજાબ કિંગ્સની શરૂઆત સારી રહી નહોતી. મોહમ્મદ સિરાજે ત્રીજી ઓવરમાં જોની બેયરસ્ટોના રૂપમાં ટીમને પહેલો ઝટકો આપ્યો હતો. બેયરસ્ટો ૦૮ રન કરી આઉટ થયો હતો. ત્યારબાદ ધવન અને પ્રભસિમરન વચ્ચે પાંચમી વિકેટ માટે ૫૫ રનની ભાગીદારી થઇ હતી. પ્રભસિમરન ૨૫ રન કરીને આઉટ થયો હતો.

પંજાબે લિયામ લિવિંગસ્ટોનના રૂપમાં ત્રીજી વિકેટ ગુમાવી હતી. લિવિંગસ્ટોને ૧૭ રન ફટકાર્યા હતા. બાદમાં પંજાબનો કેપ્ટન શિખર ધવન મેક્સવેલનો શિકાર બન્યો હતો. ધવન ૫ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૪૫ (૩૭ બોલ) રન આઉટ થયો હતો.

અહીંથી જિતેશ શર્મા અને સેમ કુરને સ્થિતિ સંભાળી હતી. બંન્નેએ પાંચમી વિકેટ માટે ૫૨ (૩૪ બોલ)ની ભાગીદારી કરી હતી. સેમ કુર ૨૩ રન કરી જ્યારે જિતેશ શર્મા ૨૭ રન કરી આઉટ થયા હતા. ત્યાર બાદ સાતમા નંબર પર રમતા શશાંક સિંહે ૮ બોલમાં ૧ ફોર અને ૨ સિક્સરની મદદથી ૨૧ રન કરી પંજાબનો સ્કોર ૧૭૦ને પાર કરવામાં મદદ કરી હતી. બેંગલૂરુ તરફથી સિરાજ અને મેક્સવેલે ૨-૨ વિકેટ લીધી હતી. આ સિવાય યશ દયાલ અને અલ્ઝારી જોસેફને ૧-૧ સફળતા મળી હતી. ■

# શુભમન ગિલ પ્રથમવાર કેપ્ટનશિપ કરી રહ્યાનું લાગ્યું નહોતું: સાઇ કિશોર

અમદાવાદ: ગુજરાત ટાઇટન્સના સ્પિનર આર સાંઇ કિશોરે જણાવ્યું હતું કે ઇન્ડિયન પ્રીમિયર લીગની મુંબઇ ઇન્ડિયન્સ સામેની મેચ દરમિયાન એવું લાગ્યું ન હતું કે શુભમન ગિલ પ્રથમ વખત ટીમની કેપ્ટનશિપ કરી રહ્યો છે. કિશોર સહિતના ગુજરાતના બોલરોએ શાનદાર પ્રદર્શન કરી પોતાની ટીમને છ રનથી જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કિશોરે કહ્યું, શુભમને ટીમનું નેતૃત્વ સારી રીતે કર્યું. કોઈ સમયે એવું લાગતું નહોતું કે તે પ્રથમ વખત કેપ્ટનશિપ કરી રહ્યો છે. એક સ્પિનર તરીકે મારા માટે પણ તેણે આપેલા ઇનપુટ્સ અદ્ભુત હતા. પ્રથમ બેટિંગ કરતા ગુજરાત ટાઇટન્સે છ વિકેટે ૧૬૮ રન કર્યા હતા. જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૬૨ રન પર રોકી દીધું હતું. કિશોરે કહ્યું હતું કે અમને લાગ્યું કે અમે ૧૦ રન ઓછા કર્યા છે પરંતુ જે રીતે અમે છેલ્લાં બે વર્ષમાં તૈયાર છીએ, અમે ક્યારેય હાર ન માનવાનો આગ્રહ રાખીએ છીએ. ભલે આપણે જીતીએ કે હારીએ અમે જે રીતે રમીએ છીએ તેના પર અમને ગર્વ છે. આશિષ નેહરા વિશે વાત કરતા કિશોરે કહ્યું કે છેલ્લાં બે વર્ષમાં તેણે જે ટીમ કલ્ચર બનાવ્યું છે તેનો સંપૂર્ણ શ્રેય તેને જાય છે. ■

# રાજસ્થાને લખનઊને ૨૦ રનથી હરાવ્યું, રાહુલ અને પૂરનની અડધી સદી એળે ગઇ

જયપુર: ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪માં કેપ્ટન સંજુ સેમસનના અણનમ ૮૨ રનની મદદથી પૂર્વ ચેમ્પિયન રાજસ્થાન રોયલ્સે પોતાની પ્રથમ મેચમાં લખનઊ સુપર જાયન્ટ્સને ૨૦ રને હરાવ્યું હતું. સેમસને ૫૨ રનની ઈનિંગમાં છ છગ્ગા અને ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે રાજસ્થાનને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું હતું. રિયાન પરાગે (૪૩) તેની સાથે ત્રીજી વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી કરી હતી.

જીત માટે ૧૯૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા કે.એલ. રાહુલ (૫૮) અને નિકોલસ પૂરન (અણનમ ૬૪)એ લખનઊ માટે શાનદાર ઇનિંગ રમી હતી પરંતુ તે જીત અપાવી શક્યા નહોતા. એક સમયે ૧૧ રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ લખનઊ સુપર જાયન્ટ્સે છ વિકેટે ૧૭૩ રન કર્યા હતા.



લખનઊના કેપ્ટન રાહુલે ૪૪ બોલમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૫૮ રન કર્યા હતા. પૂરને પણ ૪૧ બોલમાં ચાર ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૬૪ રન ફટકાર્યા હતા. લખનઊની શરૂઆત ખરાબ રહી હતી અને ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટ અને આન્દ્રે બર્ગરે સારી બોલિંગ કરી હતી. બોલ્ટે ૩૫ રનમાં બે વિકેટ લીધી હતી જ્યારે બર્ગરને એક વિકેટ મળી હતી. ક્વિન્ટન ડી કોક ચાર રન કરી આઉટ થયો હતો. દેવદત્ત પડિક્કલ ખાતું ખોલાવ્યા વિના જ આઉટ કર્યો હતો. આયુષ બદોની (એક) જોસ બટલરના હાથે કેચ આઉટ થયો હતો. લખનઊએ પ્રથમ ચાર ઓવરમાં ૧૧ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. દીપક હુડ્ડાએ રાહુલ સાથે ચોથી વિકેટ માટે ૪૯ રનની ભાગીદારી કરી હતી.

તેણે ૧૩ બોલમાં ૨૬ રન કર્યા હતા પરંતુ યુઝવેન્દ્ર ચહલના બોલ પર તેણે વિકેટ ગુમાવી દીધી હતી. સંદીપ શર્માએ રાહુલની મહત્ત્વની વિકેટ લીધી, જેનો કેચ ધ્રુવ જુરેલે પકડ્યો હતો. જ્યારે અશ્વિને માર્કસ સ્ટોઈનિસ (૩)ને ડીપ મિડવિકેટ પર જુરેલના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. લખનઊને છેલ્લી બે ઓવરમાં ૩૮ રનની જરૂર હતી. સંદીપે ૧૯મી ઓવરમાં માત્ર ૧૧ રન આપ્યા હતા. આ પહેલા સંજુ સેમસને અણનમ ૮૨ રન બનાવી રાજસ્થાનને ચાર વિકેટે ૧૯૩ રન કર્યા હતા. રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલ અને જોસ બટલરે પણ શરૂઆત કરી હતી, પરંતુ તેઓ મોટી ઇનિંગ્સ રમી શક્યા ન હતા. ■

# આજે આઇપીએલમાં ચેન્નઇ અને ગુજરાત વચ્ચે ટક્કર, ગિલ અને ગાયકવાડની થશે કસોટી

ચેન્નઈ: ઇન્ડિયન પ્રિમિયર લીગમાં આજે ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઇ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સ એકબીજા સામે ટકરાશે. આ મેચમાં બે નવા કેપ્ટન શુભમન ગિલ અને ઋતુરાજ ગાયકવાડની કસોટી થશે. શુભમન ગિલ ગુજરાત ટાઇટન્સની કેપ્ટનશિપ સંભાળી રહ્યો છે જ્યારે ઋતુરાજ ગાયકવાડ ચેન્નઇનું નેતૃત્વ કરી રહ્યો છે.

આ બંને ઓપનિંગ બેટ્સમેન તેમની આક્રમક બેટિંગ માટે જાણીતા છે પરંતુ અહીં બધાનું ધ્યાન તેમની વ્યૂહાત્મક કુશળતા પર પણ રહેશે. બંને ટીમો પોતાની પ્રથમ મેચ જીત્યા બાદ સામસામે ટકરાશે. મહેન્દ્ર સિંહ ધોનીએ આઇપીએલ પહેલા ગાયકવાડને કેપ્ટનશિપ સોંપી હતી. જેમણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે કેપ્ટનશિપની કુશળતા સારી રીતે દર્શાવી હતી.

ગિલ હાલમાં ૨૪ વર્ષનો છે અને આઇપીએલનો સૌથી યુવા કેપ્ટન છે. મુખ્ય કોચ આશિષ નેહરાની હાજરીથી તેમનું કાર્ય સરળ બને છે, જેઓ વ્યૂહાત્મક કુશળતામાં પારંગત છે અને ટીમમાં અનુભવી ડેવિડ મિલર અને કેન વિલિયમ્સન છે.

બીજી તરફ, ગાયકવાડને ધોનીનો સાથ મળી રહ્યો છે. ગાયકવાડના નેતૃત્વમાં ચેન્નઇએ પ્રથમ આરસીબીને ૬ વિકેટથી હરાવીને તેમના અભિયાનની શાનદાર શરૂઆત કરી હતી.

ચેન્નઈની છેલ્લી મેચમાં ફાસ્ટ બોલર તુષાર દેશપાંડેએ ઘણા રન આપ્યા હતા. તેણે ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે સારું પ્રદર્શન કરવું પડશે કારણ કે શાર્દુલ ઠાકુર અને મુકેશ કુમાર પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવાના પ્રબળ દાવેદાર છે. ચેન્નઈ માટે સારી વાત એ રહી કે બંગલાદેશના ફાસ્ટ બોલર મુસ્તાફિઝુર રહેમાને સારું પ્રદર્શન કર્યું હતું.

બીજી તરફ ટાઇટન્સે જો મેચ જીતવી હોય તો તેના બેટ્સમેનોએ સારું પ્રદર્શન કરવું પડશે.

મુંબઈ સામેની છેલ્લી મેચમાં તેના બેટ્સમેનો સારી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવી શક્યા ન હતા. જોકે, તેના બોલરોએ સારું પ્રદર્શન કર્યું હતું જેના કારણે ટીમ મેચ જીતવામાં સફળ રહી હતી. ■

# આઇપીએલ: ગુજરાતે છીનવ્યો મુંબઇના મોંઢામાંથી જીતનો કોળિયો, અંતિમ ઓવરમાં છ રનથી મેળવ્યો વિજય

અમદાવાદ: ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૪ની અમદાવાદ ખાતે રમાયેલી મુંબઇ ઇન્ડિયન્સ સામેની મેચમાં ગુજરાત ટાઇટન્સે અંતિમ ઓવરમાં છ રનથી જીત મેળવી હતી. ગુજરાતે અંતિમ ઓવરમાં શાનદાર જીત હાંસલ કરી હતી. શુભમન ગીલે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન તરીકે પોતાની પ્રથમ મેચમાં છ રનથી જીત મેળવી હતી. જસપ્રીત બુમરાહે બે વર્ષમાં તેની પ્રથમ આઈપીએલ મેચ રમીને ચાર ઓવરમાં ૧૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી, જેની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાતને છ વિકેટે ૧૬૮ રન પર રોકી દીધું હતું.

તિલક વર્મા અને નવા કેપ્ટન હાર્દિક પંડ્યા નિષ્ફળ રહ્યા હતા અને મુંબઈ નવ વિકેટે ૧૬૨ રન જ કરી શકી હતી. તેને છેલ્લી પાંચ ઓવરમાં ૪૩ રનની જરૂર હતી અને તેની સાત વિકેટ બાકી હતી. ગુજરાત તરફથી રાશિદ ખાને ચાર ઓવરમાં ૨૩ રન આપી હતી. જોકે તેને કોઇ સફળતા મળી નહોતી. અનુભવી મોહિત શર્માએ ૩૨ રનમાં બે વિકેટ લઈને મેચનું બાજી પલટી હતી. સ્પેન્સર જોન્સને ૨૫ રનમાં બે અને ઉમેશ યાદવે ૩૨ રનમાં બે વિકેટ ઝડપી હતી. ઉમેશે છેલ્લી ઓવરમાં સારી બોલિંગ કરી હતી. આ પહેલા રોહિત શર્માએ ૨૯ બોલમાં ૪૩ અને ડીવાલ્ડ બ્રેવિસે ૩૮ બોલમાં ૪૬ રન ફટકાર્યા હતા.

અગાઉ પ્રથમ બેટિંગ કરતા ગુજરાત તરફથી બી સાઈ સુદર્શને ૩૯ બોલમાં ૪૫ રન કર્યા હતા જ્યારે રાહુલ તેવટિયાએ ૧૫ બોલમાં ૨૨ રનની ઈનિંગ રમી હતી. બુમરાહે ૧૭મી ઓવરમાં ત્રણ બોલમાં ડેવિડ મિલર અને સુદર્શનને આઉટ કર્યા હતા. ગુજરાતની શરૂઆત ખૂબ જ મજબૂત રહી હતી.



ગુજરાતે પાવરપ્લેમાં ૪૭ રન કર્યા હતા અને એક વિકેટ પણ ગુમાવી હતી. પિયૂષ ચાવલાએ ગિલને રોહિત શર્માના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર ગેરાલ્ડ કોએત્ઝીએ અઝમતુલ્લા ઓમરઝાઈ (૧૭)ને આઉટ કર્યો હતો જ્યારે બુમરાહે ડેવિડ મિલર અને સુદર્શનને પેવેલિયનમાં મોકલ્યા હતા. મુંબઈ તરફથી જસપ્રીત બુમરાહે ત્રણ અને ગેરાલ્ડ કોએત્ઝીએ બે વિકેટ ઝડપી હતી. આ સાથે જ પીયૂષ ચાવલાએ ગુજરાતના કેપ્ટન શુભમન ગિલને આઉટ કર્યો હતો.

૧૬૯ રનનો પીછો કરતા મુંબઈની શરૂઆત ખરાબ રહી હતી. ટીમને પહેલો ફટકો પ્રથમ ઓવરના ચોથા બોલ પર લાગ્યો હતો. ઈશાન કિશન ખાતું ખોલાવ્યા વગર જ આઉટ થઈ ગયો હતો. જોકે, રોહિત શર્મા સાથે ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલા નમન ધીરે ટીમને જબરદસ્ત શરૂઆત અપાવી હતી. ટીમને બીજો ઝટકો ૩૦ રનના સ્કોર પર લાગ્યો હતો. ત્રીજી ઓવરના છેલ્લા બોલ પર અઝમતુલ્લા ઉમરઝાઈએ નમનને આઉટ કર્યો હતો. તે ૧૦ બોલમાં ૨૦ રન કરી શક્યો હતો. આ પછી મુંબઈને મોટી ભાગીદારીની જરૂર હતી. ચોથા નંબરે બેટિંગ કરવા આવેલા ડેવોલ્ડ બ્રેવિસ અને રોહિત વચ્ચે ૭૭ રનની ભાગીદારી થઈ હતી. મુંબઈને ત્રીજો ફટકો ૧૦૭ રનના સ્કોર પર રોહિત શર્માના રૂપમાં લાગ્યો હતો. તેણે ૨૯ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૩ રન કર્યા હતા. ગુજરાત તરફથી અઝમતુલ્લા ઉમરઝઈ, ઉમેશ યાદવ, સ્પેન્સર જોન્સન અને મોહિત શર્માએ બે-બે વિકેટ લીધી હતી. સાઈ કિશોરને એક સફળતા હાંસલ કરી હતી. ■

# હાર્દિક પંડ્યાને સાતમા ક્રમે બેટિંગમાં મોકલવાનો નિર્ણય સામૂહિક હતો: પોલાર્ડ



અમદાવાદ: મુંબઈ ઈન્ડિયન્સના બેટિંગ કોચ કિરોન પોલાર્ડે જસપ્રીત બુમરાહના બદલે હાર્દિક પંડ્યાને બોલિંગની શરૂઆત કરાવવાના નિર્ણયને ટેકો આપ્યો હતો અને એમ પણ કહ્યું હતું કે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાના નિર્ણયને સમર્થન આપ્યું હતું. તેને સાતમા નંબર પર બેટિંગ માટે મોકલવાનો સામૂહિક નિર્ણય હતો.

આ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને બુમરાહના બદલે હાર્દિક પંડ્યાએ બોલિંગની શરૂઆત કરી હતી. પોલાર્ડે મેચ બાદ પત્રકારોને કહ્યું, તમારે એક રણનીતિ બનાવવી પડશે અને નક્કી કરવું પડશે કે તમે એક ટીમ તરીકે શું ઈચ્છો છો. હાર્દિક છેલ્લા બે વર્ષમાં ગુજરાત માટે નવા બોલ સાથે બોલિંગ પણ કરી હતી. તે નવા બોલને સ્વિંગ કરે છે અને સારી બોલિંગ કરે છે, તેથી તેમાં કંઈ નવું નથી. તેણે કહ્યું હતું કે અમે નવા બોલના સ્વિંગનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, તો તેમાં કંઈ ખોટું નથી.

હાર્દિકને સાતમા નંબર પર બેટિંગ માટે મોકલવા અંગે પોલાર્ડે કહ્યું હતું કે તે માત્ર કેપ્ટનનો નિર્ણય નથી.

તેમણે કહ્યું, ''સંપૂર્ણ સ્વાયત્તતા સાથે કોઈ નિર્ણય લેવામાં આવતો નથી, તેથી અમે એમ ન કહી શકીએ કે આ તેમનો નિર્ણય હતો.'' એક ટીમ તરીકે અમારી પોતાની વ્યૂહરચના હતી અને અમે બેટિંગ ઓર્ડર પર પણ ચર્ચા કરી હતી. અમે એક ટીમ તરીકે નિર્ણયો લઈએ છીએ, તેથી તે કહેવું યોગ્ય નથી કે હાર્દિકે નિર્ણય લીધો હતો. અમે સામૂહિક રીતે નિર્ણયો લઈએ છીએ. ■

# શ્રીજા અકુલાએ ડબલ્યુટીટી ફીડર ટેબલ ટેનિસ ટૂર્નામિન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઇટલ જીત્યું



બેરુત: ભારતની શ્રીજા અકુલાએ ડબલ્યુટીટી ફીડર બેરુત ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું. અકુલાએ લકઝમબર્ગની સારાહ ડી નુટ્ટેને ૩-૧ (૬-૧૧, ૧૨-૧૦, ૧૧-૫, ૧૧-૯)થી હરાવી તેની બીજું સિંગલ્સ ટાઇટલ જીત્યું હતું. ૨૫ વર્ષીય ખેલાડીએ જાન્યુઆરીની શરૂઆતમાં ટેક્સાસમાં ફીડર કોર્પસ ક્રિસ્ટી ૨૦૨૪માં તેનું પ્રથમ ટાઇટલ જીત્યું હતું.

દરમિયાન પોયમંતિ બૈસ્યા અને આકાશ પાલે તેમના વરિષ્ઠ દેશબંધુઓ સાતિયાન જ્ઞાનસેકરન અને મનિકા બત્રાને હરાવીને મિક્સ્ડ ડબલ્સનું ટાઇટલ જીત્યું હતું. પોયમંતી બૈસ્યા અને પાલે ફાઈનલમાં સાતિયાન અને બત્રાને ૩-૧ (૧૧-૯, ૭-૧૧, ૧૧-૯, ૧૧-૦)થી હરાવી તેમનું પ્રથમ ડબલ્યુટીટી ટાઇટલ જીત્યું હતું. મેન્સ ડબલ્સ પણ ભારતે ૧-૨ થી જીત્યું હતું જેમાં માનુષ શાહ અને માનવ ઠક્કરે ભારતના જ મુદિત દાની અને આકાશ પાલને ૩-૧ (૧૧-૭, ૧૧-૫, ૯-૧૧, ૧૧-૬) થી હરાવ્યા હતા. દિયા ચિતલે અને માનુષ શાહે સેમિફાઇનલમાં સાથિયાન અને બત્રા સામે હારી ગયા હતા. સાથિયાને આ સપ્તાહની શરૂઆતમાં બેરુત ફીડરમાં પુરુષ સિંગલ્સનું ટાઇટલ જીત્યું હતું. મેન્સ સિંગલ્સમાં વિશ્વમાં ૪૩મા નંબરના ખેલાડી ગેરાસિમેન્કોએ ૧૦૩મા ક્રમાંકિત સાથિયાનને ૩-૦ (૧૧-૯, ૧૩-૧૧, ૧૧-૯)થી હરાવ્યો હતો. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963 (દહેજ નહીં). (૧૪૨૫૮-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**

2 બેડરૂમ 675 કાર્પેટ એરીયા નિગોશીયેબલ તારદેવ સર્કલ ચંદ્રકાંત 9322290459. (૧૭૦)

**SANTACRUZ WEST**

**Penthouse, 5 Bedroom + Terrace, Higher Floor, 3000' Carpet, 4 Parking with Internal Staircase, Private Elivator, New Building. Satyawan - 9820186496, 9322249888. (13487/B)**

**VILEPARLE WEST**

**Ready Possession 3, 4 BHK, 1400' + Carpet, New Building, Higher Floor, Gujarati Locality, 3 Parking, Untouch Flat. Satyawan - 9820186496, 9322249888. (13487/A)**

### ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**

**Outright or Rental 1500- 1800 Sq Ft. Office for CA ફાઉન્ટન અથવા નરીમાન પોઈન્ટમાં ફોન: 7045179637. (૧૬૯)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો-શોરૂમ**

નાની મોટી દુકાનો/શોરૂમ-ભાડેથી-વેચાણ લેવા/વેચવા પદ્માવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072/ 9322296555. (બી-૧૩૫૮૮)

### ૩૩. ધંધાદારી

**ડિસ્ટ્રીબ્યુટર (દુકાન)**

મુંબઈના દરેક પરામાં સીંગ/ તલ/ કોપરેલ/ રાઈ/ એરંડીયું/ બદામ સનફલાવર કચ્છી ઘાણીનું (ફિલ્ટર વગરનું કોલ પ્રેસ) તેલ માટે નીમવાના. રવજીભાઈ 9820000473, શૈલેશ 9327755577. (૧૪૨૭૬-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૨૭૮-સી)

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૨૨૨-સી)

DP PEST CONTROL
(Trusted name since 1997. ISO certified company)
TERMITE SPECIALIST
"attack them. before they attack your house/ valuables"
• 10 yrs. Warranty for Bldgs Foundation Termite Treatment
• 7 yrs Warranty for Full Bldg. Treatment
• 3 yrs Warranty for Flats / Office Termite Injection Treatment
No smell, No vacate, Gel injection. Herbal / chemical treatments for Cockroaches, Ants, Termite, Bedbugs, Rats at 15% Special Discounted Rates
Carpet, Sofa, Chair, Curtain, Watertank Cleaning & Sanitization
Home Cleaning / Housekeeping
9322504177 • 8080575877 • 9702875877
(B-13429)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસાપાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723/ 02242764276. (બી-૧૪૦૩૧)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સતત ત્રણ સત્રની આગેકૂચ બાદ ત્રણ સત્રનાં સપ્તાહમાં શૅરબજારની ચાલનો આધાર વિદેશી ફંડોના વલણ પર



મુંબઈઃ અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા ડોવિશ સ્ટાન્સના સંકેત બાદ શેરબજારમાં પાછલા સતત ત્રણ સત્રમાં તેજીવાળાઓ હાવી રહ્યાં હતા, જોકે આ માત્ર ત્રણ સત્રના સપ્તાહમાં માસિક એક્સપાઇરી પણ આવતી હોવાથી અફડાતફડી અને ઊથલપાથલ જારી રહેવાની સંભાવના છે. આ જ સાથે બજારની નજર ખાસ કરીને વિદેશી ફંડો પર રહેશે. પીઢ અભ્યાસુઓ માને છે કે ફેડરલના બદલાયેલા વલણ સાથે એફઆઇઆઇનું વલણ પણ બદલાયું છે અને જો આ વર્ગની લેવાલી ચાલુ રહેશે તો નિફ્ટીને આગેકૂચ કરવામાં સરળતા રહેશે.

તાજું ફ્લેશબેક જોઇએ તો ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ દરમાં કાપના સંકેત આપ્યા બાદ યુએસ બજારોમાં રેકોર્ડ રેલીને પગલે ઇન્ડેક્સની મુખ્ય હેવીવેઇટ કંપનીઓમાં આવેલા ઉછાળાને કારણે બેન્ચમાર્ક પોઝિટીવ ઝોનમાં આગળ વધવામાં સફળ રહ્યાં હતા. જોકે, એ પણ નોંધવું રહ્યું કે, બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૩,૦૦૦ની સપાટી પાર કરવામાં સફળ રહ્યો નહોતો.

અમેરિકાની કેન્દ્રીય બેન્ક, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતને લગતા વલણના અકંબધ રાખવાના સંકેત સાથે ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને મળેલા અમેરિકન કરંટને કારણે વૈશ્વિક ઇક્વિટી બજારમાં સુધારાનો સળવળાટ શરૂ થયો છે. વૈશ્વિક શેરબજારોમાં મજબૂત તેજીનો પવન ફૂંકાવાથી પણ સ્થાનિક બજારના સેન્ટિમેન્ટને ટેકો મળી રહ્યો છે.

એક તરફ સેબીની ચેતવણી અને ફંડોની સ્ટ્રેસ ટેસ્ટ બાદ રિડેમ્પશનના દબાણને કારણે નાના શેરોમાં વેચવાલી વધતી રહેવાની શક્યતા વચ્ચે મિડ અને સ્મોલકેપ શેરઆંકો પર દબાણ રહેવાની સંભાવનાની ચર્ચા વચ્ચે પાછલા સપ્તાહ દરમિયાન કેટલાક સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો.

આ સપ્તાહે સ્થાનિક બજારની ચાલનો આધાર વૈશ્વિક ઇક્વિટી

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

માર્કેટના વલણો અને ટૂંકા સપ્તાહ દરમિયાન વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પર રહેશે. ઉપરાંત ગુરુવારે ચાલુ મહિનાના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના માસિક વલણની સમાપ્તિ વચ્ચે મુખ્ય ઇક્વિટી બેન્ચમાર્કમાં અસ્થિરતા રહેવાની સંભાવના છે.

આ સપ્તાહે બજારોમાં માત્ર ત્રણ ટ્રેડિંગ સેશન હશે. સોમવારે હોળી અને શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે ઈક્વિટી બજારો બંધ રહેશે.

જાણીતા બજાર વિશ્લેષકે કહ્યું હતું કે, હોળી માટે સોમવાર અને ગુડ ફ્રાઈડે માટે શુક્રવાર એમ બંને દિવસે બજાર બંધ હોવાને કારણે આ અઠવાડિયું ટૂંકું રહેશે. પરિણામે, મર્યાદિત બજાર સંકેતો સાથે ટ્રેડિંગ વોલ્યુમ નીચું હોઈ શકે છે. જો કે, નાણાકીય વર્ષના અંતિમ સપ્તાહમાં એફએન્ડઓ સેગમેન્ટમાં માર્ચના વલણની સમાપ્તિ નજીક હોવાથી વોલેટિલિટી વધવાની શક્યતા રહે છે.

પાછલા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૮૮.૫૧ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા આગળ વધ્યો હતો, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૭૩.૪ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા આગળ વધ્યો હતો.

એક ટોચની સ્ટોક બ્રોકિંગ કંપનીના રિટેલ રિસર્ચ હેડે કહ્યું હતું કે, આ અઠવાડિયું ખૂબ જ ટૂંકું છે અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટના વલણની માસિક સમાપ્તિ પણ છે તે જોતાં બજારમાં અસ્થિરતા વધી શકે છે, પરંતુ એ જ સાથે નિફ્ટી ઊંચા સ્તરે મજબૂત થવાની સંભાવના છે. ઉપરાંત, યુએસ જીડીપી ડેટા અને અન્ય મુખ્ય આર્થિક ડેટા પર રોકાણકારોની નજર રહેશે.

એ જ સાથે ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ અને રૂપિયા-ડોલરના વલણમાં મૂવમેન્ટ પણ રોકાણકારો દ્વારા જોવામાં આવશે. રૂપિયો શુક્રવારે ૪૮ પૈસા ઘટીને અમેરિકન ચલણ સામે ૮૩.૬૧ પોઇન્ટની સર્વકાલીન નીચી સપાટીએ સ્થિર થયો હતો. રૂપિયો અગાઉ ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તેના ૮૩.૪૦ના સૌથી નીચા બંધ સ્તરે બંધ થયો હતો.

અન્ય માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ચલણના સ્તરમાં તીવ્ર ઘટાડા સાથે શેરનું વેચાણ કરી રહ્યા છે, તે સંકેત આપે છે કે ઇક્વિટી બજારો માટે આગળનો માર્ગ ઉબડખાબડ બની શકે છે. આ ટૂંકા, ડેરિવેટિવ્ઝની એક્સપાઇરીવાળા અને નાણાં વર્ષના અંતમિ સપ્તાહે વોલેટિલિટી ઊંચી રહેવાની અપેક્ષા છે. આ ઉપરાંત, સહભાગીઓ વશ્વિક સૂચકાંકો, ખાસ કરીને મજબૂતીથી આગળ વધી રહેલા અમેરિકન બજારોના સંકેતો લેવાનું ચાલુ રાખશે.

અગ્રણી એએમસીના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, ફેડરલ રિઝર્વે આ વર્ષે ત્રણ વ્યાજ દરમાં કાપ મૂકવાનો સંકેત આપ્યો હોવાથી સ્થાનિક બજાર વૈશ્વિક બજારના આશાવાદને પ્રતિસાદ આપી રહ્યું છે. બજારના અગ્રણી ચાર્ટ નિષ્ણાતે કહ્યું હતું કે, અમેરિકામાં વ્યાજ દરો સ્થિર રહેવા સાથે વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા સાથે સ્થાનિક અર્થતંત્રની મજબૂતી જોતાં નિફ્ટીના તાત્કાલિક લક્ષ્યાંકો ૨૨,૦૦૦ અને ૨૨,૫૨૭ પોઇન્ટનું સ્તર છે, જ્યારે નકારાત્મક જોખમો મર્યાદિત છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, શેરબજારમાં વૈશ્વિક પરિબળો સાથે સ્થાનિક સ્તરે ઇલેક્શનની જાહેરાતને પગલે સાવચેતીના માહોલ વચ્ચે ઉથલપાથલ અને અફડાતફડીનો દોર જારી રહેવાની સંભાવના છે. હાલ ઉછાળે વેચવાલી અને ઘટાડે લેવાલીનો તાલ જોવા મળે છે, એટલે ચોક્કસ ટ્રેન્ડ પકડાતો નથી. બજારના સાધનો અનુસાર રોકાણકારોનું ધ્યાન આગામી લોકસભાની ચૂંટણીઓ તરફ પણ જઈ રહ્યું છે, જે ૧૯ એપ્રિલે શરૂ થશે અને ચોથી જૂને પૂર્ણ થશે. અગ્રણી ટેકનિકલ એનાલિસ્ટ કહે છે કે, નિફ્ટી માટે તાત્કાલિક પ્રતિકાર સપાટી ૨૨,૨૫૦ પોઇન્ટના સ્તર પર છે. પ્રવર્તમાન અનિશ્ચિતતાઓ વચ્ચે રોકાણકારોએ સાવચેત રહેવું આવશ્યક છે. ■

# ફેડરલ તરફથી રેટ કટને લગતા વધુ સંકેતની આશા વચ્ચે વૈશ્વિક શૅરબજારોમાં નરમાઈનું વલણ



ટોક્યોઃ અમેરિકાની ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવાની તૈયારી કરી રહી હોવાના આશાવાદ છતાં રોકાણકારો આ સંદર્ભના વધુ સંકેતની રાહ જોઇ રહ્યાં હોવાથી વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં સપ્તાહના પહેલા દિવસે મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

ફ્રાંસનો સીએસી-૪૦ ઇન્ડેક્સ ૮,૧૫૧.૯૪ પોઇન્ટના પ્રારંભિક સ્તરની આસપાસ યથાવત હતો, જ્યારે જર્મનીનો ડેક્સ ઇન્ડેક્સ ૦.૧ ટકા વધીને ૧૮,૨૨૭.૫૩ પોઇન્ટના સ્તરે પહોંચ્યો હતો. બ્રિટનનો ફુટસી - ૧૦૦ ઇન્ડેક્સમાં સાધારણ ફેરફાર જોવા મળ્યો હતો, જે ૦.૧ ટકાથી પણ ઓછો ઘટીને ૭,૯૨૯.૮૪ પોઇન્ટના સ્તરે પહોંચ્યો હતો.

એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજના ફ્યુચર્સ ૦.૧ ટકા નીચી સપાટીએ ટ્રેડ થઇ રહ્યાં હતા. જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ બેન્ચમાર્ક ૧.૨ ટકા ઘટીને ૪૦,૪૧૪.૧૨ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો, આ બેન્ચમાર્ક તાજેતરમાં રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા પછી રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી તે ગબડ્યો હતો.

હોંગકોંગનો હેંગસેંગ બેન્ચમાર્ક ૦.૨ ટકા ઘટીને ૧૬,૪૭૩.૬૪ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૭ ટકા ઘટીને ૩,૦૨૬.૩૧ પોઇન્ટની સપાટીએ પહંચ્યો હતો.

ચીનનું ચલણ, યુઆન, યુએસ ડોલર સામે ૭.૦૯૯૬ના દરે સેટ કરવામાં આવ્યું હતું. અધિકૃત સેન્ટ્રલ પેરિટી રેટ દરેક કામકાજના દિવસે ઇન્ટરબેંક માર્કેટ ખુલે તે પહેલાં માર્કેટ મેકર્સ દ્વારા ઓફર કરવામાં આવતી વેઇટેડ એવરેજ પ્રાઇસ પર આધારિત રહે છે. તેમાં દરેક ટ્રેડિંગ દિવસે માત્ર બે ટકા વધવા કે ઘટવાની સ્થિતિસ્થાપકતા છે.

યુઆન શુક્રવારે ડોલર સામે ૭.૨૨૮૨થી વધુ નબળો પડ્યો હતો, જે ચાર મહિનાની નીચી સપાટીએ ગબડી ગયો હતો, કારણ કે અન્ય ચલણો સામે ડોલર વધ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી - એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૫ ટકા વધીને ૭,૮૧૧.૯૦ પોઇન્ટના સ્તરે પહોચ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી બેન્ચમાર્ક૦.૪ ટકા ઘટીને ૨,૭૩૭.૫૭ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

એક ટોચના જાપાનીઝ ફાઇનાન્સ અધિકારીએ જાપાનીઝ યેન સામે યુએસ ડોલરમાં તાજેતરના ઉછાળા વિશે કેટલીક ચિતાઓ વ્યક્ત કરી હોવાથી બજારમાં સંભવિત હસ્તક્ષેપ વિશે અટકળોને વેગ મળ્યો હતો. ડોલર વધીને લગભગ ૧૫૨ યેન પર પહોંચી ગયો છે, જે એક વર્ષ પહેલાં ૧૩૦ યેનથી સહેજ ઉપર હતો. સોમવારે તે ૧૫૧.૪૧ યેનથી ઘટીને ૧૫૧.૩૨ યેન પર ટ્રેડ થઈ રહ્યો હતો. યુરોની કિંમત ૧.૦૮૧૦ ડોલરથી વધી ૧.૦૮૨૩ ડોલર બોલાઇ છે.

બેન્ક ઓફ જાપાને ગયા અઠવાડિયે ૧૭ વર્ષમાં પ્રથમ વખત ચાવીરૂપ વ્યાજ દર વધાર્યો હતો, જે શૂન્યથી અથવા નકારાત્મક વ્યાજ દરથી માંડ શૂન્યથી ઉપર હતો. તેનો અર્થ એ છે કે જાપાનમાં બોરોઇંગ રેટ હજુ પણ યુએસ અને અન્ય ઘણા રાષ્ટ્રો કરતા ઓછા છે.

તાજેતરની બેન્ક ઓફ જાપાનની મીટિંગે ડોલરના માર્ગમાં જટિલતાનું બીજું સ્તર ઉમેર્યું. દરોમાં વધારો કરવાના બેન્ક ઓફ જાપાનના નિર્ણય છતાં, સાવચેતીભર્યો સંદેશાવ્યવહાર જાપાનીઝ યેનની માગને ઉત્તેજીત કરવામાં નિષ્ફળ ગયો હોવાનું એસીવાય સિક્યોરિટીઝના કરન્સી એનાલિસ્ટ લુકા સેન્ટોસે જણાવ્યું હતું.

શુક્રવારે, એસએન્ડપી ૫૦૦ સર્વકાલીન ઉચ્ચ સ્તરેથી ૦.૧ ટકા ઘટ્યો હતો, જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજ ૦.૮ ટકા ઘટ્યો હતો. ડ્યારે નાસ્ડેક કમ્પોઝિટે ૦.૨ ટકા આગળ વધીને, વધુ એક રેકોર્ડ બનાવ્યો હતો.

યુએસ ફેડરલ રિઝર્વે સંકેત આપ્યો છે કે જ્યાં સુધી ફુગાવો ઠંડો રહે ત્યાં સુધી તે આ વર્ષે વ્યાજ દરોમાં ત્રણ તબક્કે ઘટાડો કરી શકે છે. ફેડરલ રિઝર્વનો મુખ્ય વ્યાજ દર ૨૦૦૧ પછી તેના સર્વોચ્ચ સ્તરે છે. એનર્જી ટ્રેડિંગમાં, બેન્ચમાર્ક યુએસ ક્રૂડ ૪૫ સેન્ટના વધારા સાથે ૮૧.૦૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડ ૪૮ સેન્ટ વધીને ૮૫.૯૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. ■

# ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ/લંડનઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર તેમ જ વાયદાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમા પણ ધીમો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજાર ધૂળેટી નિમિત્તે બંધ રહી હોવાથી ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશને સત્તાવાર ધોરણે સોનાના ભાવ જાહેર નહોતા કર્યા.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગત શુક્રવારના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૧૭૧.૪૨ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૧૭૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૪.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે સોનામાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી એકંદરે રેટ કટના આશાવાદે અન્ડરટોન તેજીતરફી હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ એનાલિસ્ટ ટિમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે બજાર વર્તુળો માની રહ્યા છે કે આગામી જૂન મહિનાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની શરૂઆત કરશે. જોકે, રૉઈટર્સનાં વિશ્લેષક વૉંગ તાઉએ જણાવ્યું હતું કે જો સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૧૬૧ ડૉલરની સપાટી તોડશે તો ભાવ ઘટીને ૨૧૪૭થી ૨૧૫૨ ડૉલર આસપાસની રેન્જમાં અથડાતા રહેશે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અગાઉ ગત ૧૯-૨૦ માર્ચની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે અમેરિકી ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે ગત ફેબ્રુઆરી મહિનામાં ફુગાવામાં વધારો થયો હોવા છતાં શેષ વર્ષ ૨૦૨૪માં ત્રણ વખત વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટથી કપાતનાં નિર્દેશ આપતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૨૨૨.૩૯ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. સામાન્યપણે ઓછા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે.

આજે સીએમઈ ગ્રૂપનાં ફેડ વૉચ ટૂલ પર ૭૪ ટકા બજાર વર્તુળો જૂન મહિનાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા મૂકી રહ્યા છે. જોકે, હવે રોકાણકારોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (પીસીઈ) ડેટા પર સ્થિર થઈ છે. જોકે, આગામી શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે બજારો બંધ રહેનાર હોવાથી પીસીઈ ડેટાની બજાર પર અસર આગામી સોમવારે જોવા મળે તેવી શક્યતા છે. ■

# સતત બે મોસમમાં નબળી પ્રાપ્તિને કારણે ઘઉંનો બફર સ્ટોક સાત વર્ષનાં તળિયે

નવી દિલ્હીઃ છેલ્લી બે મોસમથી ઘઉંની સરેરાશ સરકારી પ્રાપ્તિ ઓછી થઈ રહી હોવાને કારણે હાલમાં ઘઉંનો સ્ટોક ઘટીને સાત વર્ષની નીચી ૯૭ લાખ ટનની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ છે. નોંધનીય બાબત એ છે કે ઘઉંના બફર સ્ટોકની અત્યારની સપાટી વર્ષ ૨૦૧૭ની ૯૪.૨ લાખ ટનની ન્યૂનતમ સપાટીની પછીની સૌથી નીચી સપાટીએ રહ્યો છે.

એક અખબારી અહેવાલ અનુસાર ગત પહેલી માર્ચ, ૨૦૨૩ના રોજ બફર સ્ટોક ૧.૧૬૭ કરોડ ટનનો હતો તે પહેલી એપ્રિલના રોજ જરૂરી વ્યૂહાત્મક ૭૫ લાખ ટનના બફર સ્ટોક કરતાં પણ ઘટી ગયો હતો.

આગામી મોસમમાં ૧૧.૪ કરોડ ટન ઘઉંના પાકનો અંદાજ મૂકવામાં આવ્યો હોવાથી બફર સ્ટોકમાં વધારો થવાની શક્યતા મૂકાઈ રહી છે. જોકે, ગત વર્ષ ૨૦૨૨-૨૩ની માર્કેટિંગ મોસમમાં ઘઉંના બજાર ભાવ ટેકાના ભાવ કરતાં ઊંચા હોવાને કારણે ખેડૂતોએ સરકારી એજન્સીઓને ઘઉંનું વેચાણ ન કરતાં ખાનગી ખરીદદારોને વધુ કર્યું હોવાથી સરકારી પ્રાપ્તિ ૧.૮૮ કરોડ ટનની વિક્રમ નીચી સપાટીએ રહી હતી.

એકંદરે બફર સ્ટોકમાં તળિયાની સ્થિતિને ધ્યાનમાં લેતાં સરકાર અર્થાત એજન્સી વર્તમાન પ્રાપ્તિ મોસમમાં આક્રમક વલણ અપનાવશે અથવા તો આયાત મંજૂરી આપીને બફર સ્ટોકમાં વધારો કરે તેવી શક્યતા નવી દિલ્હી સ્થિત એક ટ્રેડરે વ્યક્ત કરી હતી. જોકે, એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અમુક રાજ્યો ટેકાના ભાવ ઉપરાંત બોનસ પણ ઓફર કરી રહ્યા છે. ■

# સરસવના ભાવ ટેકાના ભાવ કરતાં નીચે જતાં સરકારી હસ્તક્ષેપ માટે ઔદ્યોગિક સંગઠનની માગ

નવી દિલ્હીઃ સ્થાનિક મંડીઓમાં સરસવના જથ્થાબંધ ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૬૫૦ના ટેકાના ભાવ કરતાં નીચે ઉતરી ગયા હોવાથી સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાકીદના ધોરણે સરકારી હસ્તક્ષેપનો અનુરોધ કર્યો છે.

અમે અધિકૃત સત્તાવાળાઓને બજારમાં સ્થિરિતા આવે ખેડૂતોનું કલ્યાણ થાય તે માટે કૉઑપરેટિવ નાફેડને દેશની મુખ્ય મંડીઓમાં સરસવની પ્રાપ્તિ માટે કેન્દ્રો ખોલવા નિર્દેશ આપવા માટે અનુરોધ કર્યો છે, એમ એસોસિયેશનના પ્રમુખ અજય જુનજુનવાલાએ એક યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે હાલ મંડીઓમાં સરસવના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૬૫૦ના ટેકાના ભાવ કરતાં નીચા પ્રવર્તી રહ્યા છે અને લણણીની મોસમ પુરજોશમાં હોવાથી સરકારી હસ્તક્ષેપની તાતી આવશ્યકતા છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે વર્તમાન મોસમમાં દેશમાં સરસવનો વાવેતર વિસ્તાર ૧૦૦ લાખ હેક્ટર સુધી પહોંચ્યો હોવા છતાં સરસવના ઘટતા ભાવને ધ્યાનમાં લેતા ખેતી અટકી ગઈ છે. ભૂતકાળના વળતરદાયી ભાવ અને અને હાલનાં બજારભાવથી ખેડૂતો હતોત્સાહિત થતાં સરસવના પાકથી દૂર થઈ રહ્યા છે. આથી કૃષિ વૃદ્ધિ અને ખેડૂતોના ભવિષ્યને ધ્યાનમાં લેતા આ મુદ્દાનો ઉકેલ લાવવો જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વર્ષ ૨૦૧૧-૧૨ના બેઝ અનુસારના ખાદ્યતેલના જથ્થાબંધ ગ્રાહક ભાવાંકમાં તાજેતરની વપરાશી પદ્ધતિનો ખરો ચિતાર નથી દર્શાવતો. તેમાં અમુક તેલને આપવામાં અસમતુલિત મહત્ત્વ વાસ્તવિક વપરાશી વલણ સાથે સુસંગત નથી થતું. અમે આ સંદર્ભે ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયને ખાદ્યતેલના સેગ્મેન્ટમાં વપરાશના વલણમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ખાદ્યતેલ અંગેના જથ્થાબંધ ભાવાંકમાં તેલની ફાળવણી બાબતે પુનર્વિચાર કરવા અરજી કરી હોવાનું પ્રમુખે ઉમેર્યું હતું.

ખાદ્યતેલની આયાત નિર્ભરતામાં વર્ષાનુવર્ષ ધોરણે વધારો થતાં ગત સાલ આયાત ૧.૪ લાખ કરોડના મૂલ્યના ૧૬૫ લાખ ટનની આયાત થઈ હતી. સ્થાનિકમાં માગ-પુરવઠા વચ્ચેનો ખાંચરો સરભર કરવા માટે આયાત કરવા જરૂરી છે. ■

# વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમમાં ૩૧૦ લાખ ગાંસડી રૂના પાકનો અંદાજ

મુંબઈઃ કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ ગત ફેબ્રુઆરી મહિનાના અંતે વર્તમાન વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમમાં રૂનો પાકનો અંદાજ જે ગત જાન્યુઆરીના અંતે ૨૯૪.૧૦ લાખ ગાંસડી અંદાજ્યો હતો તે ૧૫.૬૦ લાખ ગાંસડી વધારીને ૩૦૯.૭૦ લાખ ગાંસડીનો મૂક્યો છે. એસોસિયેશનની યાદીમાં જણાવ્યાનુસાર વર્તમાન મોસમના આરંભે ૨૮.૯૦ લાખ ગાંસડીનો ખુલતો સ્ટોક ઉપરાંત ૩૦૯.૭૦ લાખ ગાંસડી ઉત્પાદન અને ૨૦.૪૦ લાખ ગાંસડીની આયાત સાથે કુલ ૩૫૯ લાખ ગાંસડીનો પુરવઠો રહેવાની ધારણા મૂકી છે. તેની સામે ૩૧૭ લાખ ગાંસડીનો સ્થાનિક વપરાશ અને અને ૨૨ લાખ ગાંસડી નિકાસને ધ્યાનમાં લેતા સપ્ટેમ્બરના અંતે ૨૦ લાખ ગાંસડી સ્ટોક રહેવાની ધારણા મુકવામાં આવી છે. એસોસિયેશના પ્રમુખ અતુલ ગણાત્રાએ જણાવ્યું હતું કે વર્તમાન મોસમમાં ગત ઑક્ટોબર, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન ૨૨૬.૮૨ લાખ ગાંસડીની આવક અને ચાર લાખ ગાંસડીની આયાત સાથે કુલ ૨૫૯.૭૨ લાખ ગાંસડીનો પુરવઠો રહ્યો હતો તેની સામે આ સમયગાળામાં ૧૩૭.૫૦ લાખ ગાંસડી સ્થાનિક વપરાશ અને ૧૫ લાખ ગાંસડીની નિકાસ ઉપરાંત મિલો પાસે ૪૨ લાખ ગાંસડી અને અન્ય હિસ્સેધારકો પાસે ૬૫.૨૨ લાખ ગાંસડી સ્ટોક હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. ■

# અત્યાર સુધીમાં ખાંડનું ઉત્પાદન સાધારણ ઘટીને ૨૮૦.૭૯ લાખ ટનઃ ઈસ્મા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૩-૨૪ની ખાંડમાં ગત ૧૫ માર્ચ સુધીમાં દેશમાં ખાંડનું ઉત્પાદન આગલી મોસમના સમાનગાળાના ૨૮૨.૬૦ લાખ ટન સામે સાધારણ ઘટાડા સાથે ૨૮૦.૭૯ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું સ્થાનિક ઔદ્યોગિક સંગઠન ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિયેશન(ઈસ્મા)એ તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવતા ઉમેર્યું હતું કે વર્તમાન મોસમમાં ગત ૧૫ માર્ચના રોજ કુલ ૩૭૧ ખાંડ મિલો કાર્યરત રહી હતી, જ્યારે ગત સાલના સમાનગાળામાં ૩૨૫ ખાંડ મિલો કાર્યરત હતી.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં અર્થાત્ ગત ૧૫ માર્ચ સુધીમાં ઉત્તર પ્રદેશમાં ખાંડનું ઉત્પાદન વધીને ૮૮.૪૦ લાખ ટન (૭૯.૬૩ લાખ ટન), મહારાષ્ટ્રમાં ખાંડનું ઉત્પાદન સાધારણ ઘટીને ૧૦૦.૫૦ લાખ ટન (૧૦૧.૯૨ લાખ ટન) અને કર્ણાટકનું ઉત્પાદન ઘટીને ૪૭.૫૫ લાખ ટન (૫૩.૫૦ લાખ ટન)ની સપાટીએ રહ્યું છે. તાજેતરમાં ઈસ્માએ વર્તમાન ખાંડ મોસમ માટે શેરડીનો રસ/બી-હેવી મોલાસીસ માટે ૧૭ લાખ ટન ખાંડ વિકેન્દ્રિત કર્યા બાદ ૩૨૩ લાખ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ મૂક્યો હતો. જોકે, ગત વર્ષ ૨૦૨૨-૨૩ની મોસમમાં શેરડીનો રસ/બી-હેવી મોલાસીસ માટે ૩૮ લાખ ટન ખાંડ વિકેન્દ્રિત થયા બાદ ચોખ્ખું ઉત્પાદન ૩૨૮.૨ લાખ ટનનું થયું હોવાનું યાદીમાં જણાવ્યું છે.

ગત સપ્તાહે ઈસ્માએ દેશમાં ખાંડના કુલ ઉત્પાદનનો અંદાજ ૯.૫૦ લાખ ટન વધારીને ૩૪૦ લાખ ટનનો મૂક્યો હતો. ગયા મહિને કેન્દ્ર સરકારે આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થતી મોસમ માટેના શેરડીના સામાન્ય વળતરદાયી ભાવ (ફેર રેમ્યુનરેટિવ પ્રાઈસ) અથવા તો શેરડીની ખરીદી પેટે ખાંડ મિલોએ ઉત્પાદકોને ચુકવવા પડતા ભાવ ક્વિન્ટલે રૂ. ૨૫ વધારી રૂ. ૩૪૦ કર્યા હતા. સરકારના આ નિર્ણયથી અંદાજે પાંચ કરોડ શેરડીનાં ઉત્પાદકોને અને શેરડીના ક્ષેત્ર સાથે સંકળાયેલા લાખો અન્ય લોકોને થશે, એમ ઈસ્માએ યાદીમાં ઉમેર્યું હતું. ■

# એનએમડીસીએ આયર્ન ઑર લમ્પના ભાવ ટનદીઠ ₹ ૨૦૦ અને ફાઈનનાં ₹ ૨૫૦ ઘટાડ્યા

નવી દિલ્હીઃ જાહેર ક્ષેત્રની એનએમડીસીએ આજે આયર્ન ઑર લમ્પના ભાવમાં ટનદીઠ રૂ. ૨૦૦નો અને ફાઈનના ભાવમાં ટનદીઠ રૂ. ૨૫૦નો ઘટાડો કર્યો હોવાનું કંપનીએ એક્સચેન્જને એક ફાઈલિંગમાં જણાવ્યું છે.

ફાઈલિંગમાં જણાવ્યાનુસાર હવે આયર્ન ઑર લમ્પના સુધારિત ભાવ ટનદીઠ રૂ. ૫૮૦૦ અને ફાઈનના ભાવ ટનદીઠ રૂ. ૫૦૬૦ની સપાટીએ રહેશે. સૂચિત ભાવઘટાડો આજથી (ગુરુવારથી) અમલી બનશે. જોકે, આ ભાવ રોયલ્ટી, ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ (ડીએમએફ), નેશનલ મિનરલ એક્સ્પ્લોરેશન ટ્રસ્ટ (ડીએમઈટી), સેસ, ફોરેસ્ટ પરમિટ ફી અને અન્ય વેરાઓ રહિતના ભાવ છે.

આ પૂર્વે એનએમડીસીએ ગત જાન્યુઆરી, ૨૦૨૪માં ભાવમાં ફેરફાર કર્યા હતા અને લમ્પ ઑરના ભાવ ટનદીઠ રૂ. ૬૦૦૦ અને ફાઈનના ભાવ ટનદીઠ રૂ. ૫૩૧૦ નિર્ધારિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે લમ્પ ઑર અથવા તો હાઈ ગ્રેડ આયર્ન ઑરમાં લોહતત્ત્વની માત્રા ૬૫.૫૩ ટકા હોય છે, જ્યારે ફાઈન ઑર એ હલકી ગુણવત્તા ધરાવતુ ઑર હોય છે જેમાં લોહતત્ત્વની માત્રા ૬૪ ટકા જેટલી હોય છે.

સ્ટીલના ઉત્પાદનમાં આયર્ન ઑર એ મુખ્ય કાચા માલ છે. આથી જો આયર્ન ઑરના ભાવમાં થતી વધઘટની સીધી અસર સ્ટીલ, સ્ટીલ એલોયના ભાવ પર પડતી હોય છે. જેનો મુખ્ય ઉપયોગ બાંધકામ, માળખાકીય ક્ષેત્ર, ઑટોમોબાઈલ અને રેલવેમાં થતો હોય છે.

નોંધનીય બાબત એ છે કે હૈદરાબાદ સ્થિત એનએમડીસી (નેશનલ મિનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન)એ સ્ટીલ મંત્રાલય હેઠળની કંપની છે અને દેશનાં કુલ આયર્ન ઑરના ઉત્પાદનમાં કંપની ૨૦ ટકા હિસ્સો ધરાવે છે. ■


**PUBLIC NOTICE** **પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**RUB ની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/34/TEL-R** **તા. 19-03-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત Sr.DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_34_TEL-R ની સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ તેમની અસલ/ સુધારેલી બિડ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** (1) વડોદરા-ગેરતપુર સેક્શન - રોડ અન્ડર બ્રિજની જોગવાઈ કરવા દ્વારા 05 નંગ લેવલ ક્રોસિંગ્સ (LC નં. 253, 262, 266, 288 અને 297) ની નાબુદી. (2) વિશ્વામિત્રી-ડભોઈ સેક્શન - રોડ અન્ડર બ્રિજની જોગવાઈ કરવા દ્વારા 08 નંગ લેવલ ક્રોસિંગ્સ (LC નં. 10, 13, 16, 17, 18, 24, 30, 33 ) ની નાબુદીના સંબંધમાં ટેલિકોમ કામ. (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 69,19,522/- (3) **બીડ સિક્યુરીટી ડિપોઝીટઃ** ₹ 1,38,400/- (4) **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.18-04-2024 ના 15:00 કલાકે અને તા.18-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.
BRC-358

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**FOB ની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ કામ**

**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/23-24/23/TEL-R2** **તા. 19-03-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત Sr.DSTE/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_23-24_23_TEL-R2 ની સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ તેમની અસલ/ સુધારેલી બિડ માત્ર બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થયેલ હશે તો તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** વડોદરા ડિવિઝનઃ અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ (1) અંકલેશ્વર સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (2) ભરૂચ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (3) ડભોઈ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (4) ડેરોલ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (5) કીમ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (6) મહેમદાબાદ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (7) મીયાગામ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12 m પહોળા FOB ની જોગવાઈ, (8) પ્રતાપનગર સ્ટેશન ખાતે રેમ્પ/ સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈ, (9) સાયણ સ્ટેશન ખાતે રેમ્પ/સીડી/લિફ્ટ સહિત 12m પહોળા FOB ની જોગવાઈના કામના સંબંધમાં ટેલિકોમ કામ. (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 90,80,608/- (3) **બીડ સિક્યુરીટી ડિપોઝીટઃ** ₹ 1,81,600/- (4) **ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.18-04-2024 ના 15:00 કલાકે અને તા.18-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.
BRC-356

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# હોળીમાં રાજકીય નેતાઓની સંતાકૂકડી




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે ત્યારે મહારાષ્ટ્રમાં અનોખી સંતાકૂકડી જોવા મળી હતી. મહાવિકાસ આઘાડીના નેતાઓ તેમને ખો આપીને બહાર નીકળી રહ્યા છે અને બીજી તરફ સત્તાધારી મહાયુતિમાં નવા મતભેદ અને સંકેતો જોવા મળી રહ્યા છે.

રવિવારનો દિવસ મહાયુતીમાં અનેક રાજકીય ઘટનાક્રમ જોવા મળ્યા હતા. એકનાથ શિંદે જૂથના વિજય શિવતારેની ટીકાને કારણે નારાજ થયેલા એનસીપીના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે તો મહાયુતીમાંથી બહાર નીકળી જવાની ધમકી ઉચ્ચારી નાખી હતી. શનિવાર સુધી મહાવિકાસ આઘાડી (એમવીએ)ની સાથે રહેલા મહાદેવ જાનકરે રવિવારે (જુઓ પાનું ૪) ▸▸

# બારામતીમાં ત્રિકોણનો ચોથો ખૂણો!!

## મહારાષ્ટ્રનો પ્રતિષ્ઠાનો જંગ બની રહેલી આ બેઠક પર અજિત પવાર માટે કપરાં ચઢાણઃ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીની જાહેરાત થયા પછી દેશની કેટલીક બેઠકો પર પ્રતિષ્ઠાનો જંગ થઈ રહ્યો છે અને મહારાષ્ટ્રમાં આવી બેઠક છે, બારામતીની. ગીતામાં એક વાક્ય લખેલું છે કે 'કરેલું કર્મ પાછું ફરે છે.' અત્યારે અજિત પવારની હાલત આવી જ થઈ રહી છે. વાસ્તવમાં મહાયુતિનો હિસ્સો બન્યા બાદ અજિત પવાર માટે બારામતીનો જંગ જીતવો પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે તેમ જ ભાવિ રાજકારણની દિશા નક્કી કરવા માટે અત્યંત મહત્ત્વનો છે. જોકે હવે તેમને માટે આ બેઠક પર કપરાં ચડાણ હોવાનું જણાઈ રહ્યું છે.

## સુપ્રિયા સુળે, સુનેત્રા પવાર અને વિજય શિવતારેના ત્રિકોણમાં ચોથો ખૂણો કોણ?

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા ત્યારે જ અજિત પવાર સામે એવી શરત મૂકવામાં આવી હતી કે તેમણે બારામતીના ગઢ પર વિજય મેળવવો પડશે. વાસ્તવમાં ભાજપની પદ્ધતિ રહી છે કે મુખ્ય વિરોધીઓને તેમની જ બેઠક પરથી હરાવીને હતોત્સાહ કરી નાખવા. રાહુલને અમેઠીથી હરાવવા માટે પૂરી તાકાત એટલે જ લગાવવામાં આવી હતી. આવી જ રીતે ૨૦૧૯માં બારામતીનો ગઢ જીતવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમાં નિષ્ફળતા મળી હતી. ત્યારબાદ બારામતીનો ગઢ જીતવા માટેની જવાબદારી ખુદ નિર્મલા સીતારામનને સોંપવામાં આવી હતી અને ત્રણ વર્ષ સુધી આ બેઠક પર પ્રયાસ કર્યા બાદ જ્યારે એવું લાગ્યું કે આ બેઠક જીતી શકાય (જુઓ પાનું ૪) ▸▸



**રંગ બરસે:** ભારે આનંદ અને ઉત્સાહ વચ્ચે મુંબઈની સોસાયટીઓમાં ધુળેટીની ઊજવણી કરવામાં આવી હતી. બાળકોથી લઈને યુવાનોમાં ધુળેટીની ઊજવણીનો ઉન્માદ જોવા મળ્યો હતો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુંબઈ પોલીસે ઠેર ઠેર વાહનચાલકોને ઊભા રાખીને તેમનો બ્રીધ-એનાલાઈઝર ટેસ્ટ કર્યો હતો. (તસવીર : અમય ખરાડે)

# મુખ્ય પ્રધાન પુત્ર સામે આયાતી ઉમેદવાર?

## કલ્યાણની બેઠક લડવા માગતી ઠાકરે સેના સામે મોટું સંકટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીમાં શિંદે સેના કરતાં મજબૂત હોવાનું દેખાડવા માટે અત્યારે ઠાકરે સેના કમર કસી રહી છે ત્યારે કલ્યાણમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે સામે આપવા માટે ઠાકરે સેના પાસે કોઈ સ્થાનિક ઉમેદવાર ન હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ પહેલાં ઠાકરેએ પોતાના સંબંધી વરુણ સરદેસાઈ અને સુષ્મા અંધારેને આ બેઠક પરથી ચૂંટણી લડાવવાનો વિચાર કર્યો હતો, પરંતુ બંનેએ ના પાડી દીધી હોવાથી હવે ઠાકરે સેના અને પરિણામે મહાવિકાસ આઘાડીને આ બેઠક પરથી આયાતી ઉમેદવાર ઊભો રાખવાની ફરજ પડી છે.

વાસ્તવમાં વર્તમાન સાંસદ શ્રીકાંત શિંદે સામે સમર્થ ઉમેદવાર આપવા માટે ઠાકરે સેનાએ પોતાની પાર્ટીમાં ઘણી શોધ ચલાવી પરંતુ શિંદેપુત્ર સામે લડવાની તૈયારી કોઈએ દાખવી નહોતી. આથી હવે આનંદ દીઘેના પુત્ર કેદાર દીઘેને થાણેથી (જુઓ પાનું ૪) ▸▸

# શિંદે સેનાનું નેતૃત્વ રાજ ઠાકરેને સોંપવાનું કાર્યકર્તાઓને અસ્વીકાર્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ અને ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિની બેઠકોની વહેંચણી અંગે ચાલી રહેલી ચર્ચા વખતે અચાનક આ ત્રણ પક્ષની મહાયુતિમાં મનસે નામના ચોથા ખૂણાનો ઉમેરો થયો. મનસેની એન્ટ્રી પછી બેઠકોની વહેંચણીની ચર્ચા અટકી પડી હોવાનું જણાઈ રહ્યું છે. હજી સુધી રાજ્યમાં અજિત પવાર અને શિંદે સેના કેટલી બેઠકો પરથી લડશે તે નક્કી થઈ શકતું નથી. આ બધાની વચ્ચે એવા અહેવાલો વહેતા થયા હતા કે રાજ ઠાકરેને શિંદે સેનાનું અધ્યક્ષપદ સોંપવામાં આવશે, આ અહેવાલો સામે હવે શિંદે સેનાના કાર્યકર્તાઓનો વિરોધ જોવા મળી રહ્યો છે.

રાજ ઠાકરે દિલ્હીમાં અમિત શાહને મળ્યા બાદ થયેલી ચર્ચામાં એકનાથ શિંદેની શિવસેનાનું નેતૃત્વ રાજ ઠાકરેને સોંપીને શિંદેને પક્ષમાં મહત્ત્વનું પદ આપવામાં આવે એવી ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવી છે. વાસ્તવમાં ઉદ્ધવ (જુઓ પાનું ૪) ▸▸

# મરાઠવાડામાં ૭૫૦ નાની સિંચાઈ યોજનામાં પાણી પુરવઠો ગયા વર્ષની સરખામણીએ ૩૪.૨૮ ટકા ઓછો

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં ૭૫૦ નાની સિંચાઈ યોજનાઓમાં પાણીનું સ્તર ઘટીને ૧૨.૯૨ ટકા થઈ ગયું હતું. નાની સિંચાઈ યોજનાઓમાં ગયા વર્ષે આ જ પાણીનું સ્તર ૩૪.૨૮ ટકા રહ્યું હતું, એવી માહિતી એક અધિકારીએ આપી હતી. ૨૨ માર્ચે છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, હિંગોલી, ધારાશિવ, લાતુર અને પરભણીના આઠ મરાઠવાડા જિલ્લામાં ૭૫૦ ડેમમાં પાણીના સ્તર બાબતેનો અહેવાલ સિંચાઈ વિભાગે જાહેર કર્યો (જુઓ પાનું ૪) ▸▸

## જિલ્લાવાર નાની સિંચાઈ યોજનાઓ અને પાણીનો સંગ્રહ

છત્રપતિ સંભાજીનગર - ૧૩.૩૭ ટકા, જાલના - ૧.૪૨ ટકા, બીડ - ૧૦:૪૯ ટકા, લાતુર - ૧૧.૮૩ ટકા, ધારાશિવ - ૯.૩૪ ટકા, નાંદેડ - ૩૬.૦૯ ટકા ૯.૬૨ ટકા અને હિંગોલી - ૨૧.૧૪ ટકા. ■

# તો હું ૨૦૧૭માં કેન્દ્રીય પ્રધાન બની જાતઃ સુપ્રિયા સુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે ત્યારે મહારાષ્ટ્રની પ્રતિષ્ઠાની બેઠક બારામતીના ઉમેદવાર અને વર્તમાન સંસદસભ્ય સુપ્રિયા સુળેએ નવો ધડાકો કર્યો છે. તેમણે કહ્યું છે કે તેમના કઝીન અજિત પવારની પહેલાં તેમની પાસે ભાજપ સાથે જોડાવાનો વિકલ્પ ખુલ્લો હતો અને જો તેઓ ચાહત તો ૨૦૧૭માં જ કેન્દ્રીય પ્રધાન બની ગયા હોત.

મુંબઈના એક અંગ્રેજી દૈનિકને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે અત્યારે અજિત પવાર પાસે પોતાનો પક્ષ છે અને અમારી પાસે અમારો પક્ષ છે, પરંતુ તેનો અત્યારે (જુઓ પાનું ૪) ▸▸

# થાણેમાં જ્વેલરીના શો-રૂમનો સેલ્સમૅન ₹ ૧.૦૫ કરોડના દાગીના સાથે રફુચક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેના જાણીતા જ્વેલરીના શો-રૂમમાંથી અંદાજે ૧.૦૫ કરોડ રૂપિયાના મૂલ્યના સોનાના દાગીના સાથે સેલ્સમૅન રફુચક્કર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

થાણેના તળાવપાળી પરિસરમાં આવેલા જ્વેલરીના શો-રૂમના માલિક સુરેશ પારસમલ જૈને (૫૯) નોંધાવેલી ફરિયાદને આધારે નૌપાડા પોલીસે સોમવારે રાહુલ જયંતીલાલ મહેતા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. રાહુલ છેલ્લાં બે વર્ષથી શો-રૂમમાં સેલ્સમૅન તરીકે કામ કરતો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર બે માળના શો-રૂમમાં પહેલા માળે પાંચ કાઉન્ટર છે, જેમાંથી એક કાઉન્ટર પર રાહુલની ડ્યૂટી હતી. પહેલા માળે સોનાના હાર, હીરાજડિત વીંટી, ચેન જેવા કીમતી દાગીનાના કાઉન્ટર આવેલા છે. દાગીનાના વેચાણ અને થયેલી આવકનો (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# શૅરબજાર કૌભાંડમાં મહિલાએ ગુમાવેલ ₹ ૧૦ લાખ પોલીસે પરત મેળવ્યા

થાણેઃ ઓનલાઈન નાણાકીય કૌભાંડમાં રૂ. ૧૦ લાખથી વધુની રકમ ગુમાવનાર એક મહિલાને, થાણે જિલ્લામાં પોલીસે ગુમાવેલ રકમ પરત મેળવવામાં મદદ કરી હતી, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

મીરા-ભાઈંદર, વસઈ-વિરાર પોલીસે એક સત્તાવાર અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, કેટલાક (જુઓ પાનું ૪) ▸▸





Summer Holidays
પ્યોર જૈન - વેજ ટુર
બધા સમાવેશ સાથે
યુરોપ - ૧૯ દિવસ, ૧૪ દિવસ
અમેરિકા- ૨૧ દિવસ
દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ - ૧૪ દિવસ
ઓસ્ટ્રેલિયા- ૧૩ દિવસ
કેનેડા સાથે અલાસ્કા ક્રૂઝ - ૧૧ દિવસ, ૧૮ દિવસ,
વિયેતનામ - ૮ દિવસ
ફાર ઈસ્ટ સાથે ક્રૂઝ - ૧૫ દિવસ
રવિવારે ચાલુ રહેશે
વધુ વિગતો માટે સંપર્ક કરો
Guideline™ making travel an art!
HEAD OFFICE: 4062 2222 / 4062 2205
GHATKOPAR: 9820089928 KANDIVALI: 9619251138
E: sales@guidelinetravels.com

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st February - 30th June 2024
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score. Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

મુંબઈની શ્રીમતી સુશીલાબેન આર. મહેતા અને સર કીકાભાઈ હોસ્પિટલની ઉમદા સેવાઓની રજત જયંતિ વર્ષની ઉજવણી

શ્રી મનુભાઈ શાહે માનવસેવાની કેડી કંડારી અને પરિવારજનો આગળ વધતા 'સર્વ જન સુખાય'ના માર્ગે પ્રગતિ સાધે એ જ માનવ જીવનની સફળતા છે. : પૂ. શ્રી ધીરગુરુદેવ




હિરેન - જયશ્રી શાહ, બીના - અજય શેઠ

મુંબઈમાં તીર્થંકર પાર્શ્વનાથ રેલ્વે સ્ટેશન (કિંગ સર્કલ) નજીક ગાંધી માર્કેટ પાસે પાલનપુરવાળા 'શ્રીમતી એસ. આર. મહેતા અને સર કીકાભાઈ પ્રેમચંદ કાર્ડિઆક ઈન્સ્ટિટ્યુટ' જે કીકાભાઈ હૉસ્પિટલ તરીકે પ્રચલિત છે. સેન્ટ્રલી AC તથા કાર્ડિઆક અને ઑર્થોપેડિક માટેની આ સુપર સ્પેશીયાલાઈઝ હૉસ્પિટલે 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને ચરિતાર્થ કરતાં ૨૫ વર્ષ ગરિમાપૂર્વક પૂર્ણ કરેલ છે. અહીં સર્જનોની ટીમ, તમામ સ્પેશિયાલિટીના કન્સલ્ટન્ટો ૨૪ કલાક ઉપલબ્ધ રહે છે.

આ હૉસ્પિટલ સંલગ્ન અતિ આધુનિક મનુભાઈ શાહ (વેકરીવાળા) ડાયગ્નોસ્ટીક સેન્ટર બોમ્બે કૉટન મિલ્સ ઍસ્ટેટ, તુકારામ ભીખાજી કદમ માર્ગ, કાલાચોકી, લાલબાગમાં કાર્યરત છે. જેમાં CT Scan, ગેસ્ટ્રોએન્ટરોલોજી, પૅથોલોજી, રેડીયોલોજી, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, ઑપ્થલમોજી વગેરે વ્યાજબી દરે ઉપલબ્ધ છે.

સંસ્થાના ચૅરમેનપદે શ્રી હિરેનભાઈ મનુભાઈ શાહ (રૂબી મિલ્સવાળા) કાર્યરત છે. માનવતાના કાર્યમાં અગ્રેસર મા-સ્વામીના કૃપાપાત્ર જાણીતા દાતા, પ્રેરણાના તંત્રી શ્રી અજયભાઈ શેઠ પોતાની સેવા ઉપરાંત ગરીબ દર્દીનારાયણની સારવારમાં સહાયરૂપ બની રહ્યાં છે.



મનુભાઈ શાહ (વેકરીવાળા)

દર્દીઓને ૨૫% ડિસ્કાઉન્ટ રજતજયંતિઉજવણીપ્રસંગે ૨૮થી ૩૦માર્ચદરમિયાનતમામદર્દીઓનેOPD,કન્સલટન્ટસ્ અનેડાયગ્નોસ્ટીકનિદાનમાં ૨૫%ડિસ્કાઉન્ટ મળશે. તેમજ શહીદ જવાનોના નજીકના કુટુંબીજનોને નિઃશુલ્ક સારવાર અપાશે.

રાજધાની દિલ્હીમાં પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ₹. 21 કરોડના ખર્ચે સેવા-સાધના સંકુલનું નવનિર્માણ

રાજધાની દિલ્હીમાં ગુજરાતીઓના સાતાકારી ધર્મસ્થાનકના નિર્માણની પ્રેરણા મળતાં મહાવીર ભવન, આયંબિલ ભવન, જૈન સેન્ટર ભવન, અતિથિ ભવન નિર્માણ યોજનાના શુભારંભે દાતાઓએ વિવિધ નામકરણમાં ૧૧ કરોડના દાનની ઘોષણાં કરતાં હર્ષોલ્લાસ છવાયો છે. નીચેની યોજનામાં દાનવીરોને લાભ લેવા વિનંતિ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ₹.૨.૫૧ કરોડ | આયંબિલ ભવન | ₹. ૫૧ લાખ | સુધર્મ પાટ | ₹. ૨૧ લાખ | અન્નપૂર્ણા ગૃહ |
| ₹.૨.૫૧ કરોડ | જૈન સેન્ટર ભવન | ₹. ૫૧ લાખ | સ્વાધ્યાય ગૃહ | ₹. ૨૧ લાખ | પાઠશાળા દાતા |
| ₹.૨.૫૧ કરોડ | અતિથિ ભવન | ₹. ૫૧ લાખ | નવકાર મંત્ર તક્તી | ₹. ૫.૦૪ લાખ | ૧ તીર્થંકર તક્તી |
| ₹.૧.૫૧ કરોડ | વ્યાખ્યાન હોલ | ₹. ૫૧ લાખ | ઉવસગ્ગહરં તક્તી | ₹. ૦૩ લાખ | સાતાકારી પાટ-૧ |
| ₹.૧.૧૧ કરોડ | આયંબિલ હોલ | ₹. ૫૧ લાખ | ચત્તારિ મંગલં તક્તી | ₹. ૨.૫૧ લાખ | ડાયમંડ દાતા |
| ₹.૧.૧૧ કરોડ | વિવિધલક્ષી હોલ | ₹. ૩૧ લાખ | સંઘ ઓફિસ | ₹. ૧.૫૧ લાખ | ગોલ્ડન દાતા |
| ₹.૧.૦૮ કરોડ | ધર્મ પ્રવેશદ્વાર | ₹. ૩૧ લાખ | સોલાર દાતા | ₹. ૧.૧૧ લાખ | ગોલ્ડન દાતા |
| ₹.૧.૦૧ કરોડ | કાયમી વૈયાવચ્ચ | ₹. ૨૧ લાખ | મેડીટેશન કક્ષ | | |

સંપર્ક: દિલીપ ધોળકીયા - પ્રમુખ M. 9811775569 ● કેતન વોરા - મંત્રી M. 98105 50883

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**